આજનો સુવિચાર

તમે તમારા દુશ્મન માટે જે આગ સળગાવશો તે તેના કરતા તમને વધુ દઝાડશે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૪૭ જૂનાગઢ તા.૧૦-૨-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

નિક્કી એશિયાએ અદાણી જૂથનાં દેવા અંગે રીપોર્ટ જારી કર્યો :

અદાણી જૂથ ઉપર રૂા. ૩.૩૯ લાખ કરોડનું દેવું : ભારતનાં જીડીપીનાં ૧ ટકાથી પણ વધુ

નવી દિલ્હી તા. ૧૦ : ગૌતમ અદાણી કે અદાણી ગ્રૂપને લઈને રોજ નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. કેટલીક બાબતો ભારતમાંથીઅને કેટલીક વિદેશમાંથી પણ બહાર આવી રહી છે. હવે નિક્કી એશિયાએ નવો ખુલાસો કર્યો છે. નિક્કી એશિયાનો તાજેતરનો અહેવાલ દર્શાવે છે કે અદાણી જૂથનું કુલ દેવું રૂા. ૩.૩૯ ટ્રિલિયન (૪૧.૧ અબજ ડોલર) (રૂા. ૩.૩૯ લાખ કરોડ) સુધીનું છે અને તે ભારતીય અર્થતંત્રના ઓછામાં ઓછા ૧ ટકા જેટલું છે. નિક્કીની ગણતરી મુજબ, અદાણી જૂથે ગયા વર્ષે ત્રણ કંપનીઓ ખરીદી હતી, જેમાં **ACC**, અંબુજા સિમેન્ટ્સ અને નવી દિલ્હી ટેલિવિઝનનો સમાવેશ થાય છે. જેના કારણે ગ્રુપ ઉપરની જવાબદારીઓમાં વધારો થયો છે, જે ૩.૩૯ ટ્રિલિયન રૂપિયા સુધીછે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ અનુસાર, ઓક્ટોબરના અંતમાં ભારતની નજીવીજીડીપી રૂા. ૨૭૩ ટ્રિલિયન હતી. મતલબ કે અદાણી ઉપર જે દેવું છે તે દેશના જીડીપીના ૧.૨ ટકા જેટલું છે. અદાણી ગ્રુપની ૧૦ કંપનીઓનો સામૂહિક ઈક્વિટી રેશિયો ૨૫ ટકા હતો. નિક્કી રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે તેમાંથી એક અદાણી ગ્રીન એનર્જીનો માર્ચ ૨૦૨૨ સુધીમાં માત્ર ૨ ટકાનો ઈક્વિટી રેશિયો હતો.

મતલબ કે ૧૦ ગ્રુપ કંપનીઓ પાસે ૪.૮ ટ્રિલિયન રૂપિયાથી વધુની સંપત્તિછે. પરંતુ રોકાણકારોઆટલી મોટી લોનને લઈને ચિંતિત છે. અદાણી ગ્રૂપ પાસે ઘણી બધી ખાનગી કંપનીઓ છે, જેનો અર્થ છે કે તેના કુલ દેવાનું ભારણ પણ વધારે હોઈ શકે છે. હિન્ડેનબર્ગ રિસર્ચના અહેવાલ પછી, અદાણી જૂથની ૭ લિસ્ટેડ કંપનીઓએ તેમના માર્કેટ કેપમાં ૧૦૦ બિલિયન ડોલરથી વધુનો ઘટાડો જોયો છે.

ભારતમાં બેરોજગારી દરનું સ્તર હજુ પણ ચિંતાજનક

નવી દિલ્હી તા. ૧૦ : જાન્યુઆરી ૨૦૨૩માં ભારતમાં બેરોજગારીનો દર ઘટીને ૭.૧ ટકા થયો હતો. ડિસેમ્બરમાં આ દર ૮.૩ ટકા હતો. આ બેરોજગારી દરમાં માત્ર ડિસેમ્બરના સ્તરથીજ નહીંપરંતુ તેના બે મહિના પહેલાના સ્તરથી પણ મોટો ઘટાડો ગણી શકાય. ડિસેમ્બર પહેલાના બે મહિના દરમ્યાન બેરોજગારીનો દર ૮ટકાની નજીકહતો. જો કે, ઘટાડા છતાં, દર ઊંચા સ્તરે રહે છે.

એવુંલાગેછે કેહવે ભારતમાં બેરોજગારીનો દર ૭ ટકાથી ઉપરનો ટ્રેન્ડ શરૂ થયો છે. ભારત જેવા દેશ માટે આ એક ઊંચો બેરોજગારી દર છે જે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાહોવાનો દાવો કરેછે. ધ ઈકોનોમિસ્ટ અનુસાર માત્ર ૯ દેશોમાં ભારત કરતાં વધુ બેરોજગારી દર છે. આ દેશો ગ્રીસ, ઈટાલી, સ્પેન, તુર્કી, બ્રાઝિલ, ચિલી, કોલંબિયા, ઈજિપ્ત અને સાઉદી અરેબિયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ૪૩ દેશોની યાદીબહાર પાડી છે જેમાં ૩૦થી વધુ દેશોએ બેરોજગારી દરને અંકુશમાં લેવામાં ભારત કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. આમાંથી ઘણા દેશો એવા હતા જયાં મંદીની શકયતા પણ વ્યકત કરવામાં આવી રહી હતી.જાન્યુઆરીમાં ભારતના અંદાજિત બેરોજગારી દર ૭.૧ ટકાનીસરખામણી અન્ય દેશોના તાજેતરના આંકડા સાથે કરે છે.

વડાપ્રધાન મોદીની રાજસ્થાન મુલાકાત પહેલા ૧૦૦૦ કિલો વિસ્ફટકો મળી આવ્યા

જયપુર, તા. ૧૦ : વડાપ્રધાન મોદી રવિવારે ૧૨ ફેબ્રુઆરીએ રાજસ્થાનના દૌસા જિલ્લાની મુલાકાત લેશે. પરંતુ તે પહેલા જ દૌસામાંથી ૧૦૦૦ કિલો વિસ્ફોટકો મળી આવતા હડકંપ મચી ગયો છે. અહીં સફેદ બોરીઓમાંથી ૧૦૦૦કિલો વિસ્ફોટક મળી આવ્યા હતા. આટલા મોટા પ્રમાણમાં જે વિસ્ફોટકોમળીઆવ્યા છે તેનાથી કોઈ પણ શહેરને ધડાકાઓથી હચમચાવી શકાય છે. વિસ્ફોટકોની આ મોટી ખેપને રાજસ્થાનના દૌસાથી પોલીસે પકડી છે. વડાપ્રધાન મોદી તા.૧૨ ફેબ્રુઆરીએ દૌસાની મુલાકાત લેવાના છે ત્યારે આટલા મોટા પ્રમાણમાં વિસ્ફોટકો મળી આવતા પોલીસ પ્રશાસનનાહોશ ઉડી ગયા છે.

ફરી એકવાર ખેડૂત આંદોલનની તૈયારી : ૨૦ માર્ચે સંસદની બહાર કિસાન મહાપંચાયત યોજવાનું એલાન

નવી દિલ્હી, તા. ૧૦ : મોદી સરકારને ત્રણ કૃષિ કાયદા પાછા ખેંચવાની ફરજ પાડનાર સંયુકત કિસાન મોરચાએ ફરી વખત આંદોલનનો માર્ગ નકકી કર્યો હોય તેમ આગામી ૨૦ માર્ચે સંસદની બહાર કિસાન મહાપંચાયત યોજવાનું એલાન કર્યુ છે. લઘુતમ ટેકાના ભાવને કાનુની ગેરેંટી આપવાના મુદ્દે આ લડાઈ શરૂ કરાશે.

ખેડુત સંગઠન 'સંયુકત કિસાન મોરચા'ની ગઈકાલે બેઠક મળી હતી અને તેમાં અનેકવિધ સમસ્યાઓ, ખેડુત મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. લઘુતમ ટેકાના ભાવને કાનુની ગેરંટી આપવાની માંગ સાથે મહાપંચાયત યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નવા કૃષિ કાયદા સામે લાંબુ આંદોલન ચલાવનાર આ કિસાન સંગઠનદ્વારા લઘુતમટેકાના ભાવને કાનુની ગેરંટી આપવાની માંગ કરવામાં આવી રહી છે. સંગઠન દ્વારા કેન્દ્રના બજેટની પણ ટીકા કરવામાં આવી હતી અને તેને ખેડુત વિરોધી ગણાવીને કેન્દ્ર સરકાર ઉપર આરોપ મુકયા છે.

સંગઠનના નેતા યુધ્ધવીરસિંહે કહ્યું કે ખેડુતોની લાંબા વખતથી પડતર માંગણીઓ મુદે ફરી વખત આંદોલન કરવામાં આવશે. ૨૦ માર્ચે દેશભરમાં કિસાનો દિલ્હી કૂચ કરશે. સરકારે અગાઉ આશ્વાસન આપ્યા હતા. તે પૂરા કર્યા નથી. સરકારે વચન પાળ્યું નથી. એટલે મહાપંચાયત યોજીને આંદોલનનો નિર્ણય લેવાશે જે માટે ૩૧ સભ્યોની કમીટીનું ગઠન કરવામાં આવશે.

વાસ્તવિક ચકાસણી વિના જ જંત્રી દરમાં ૧૦૦ ટકાનો વધારો ઝીંકી દેવાતા અનેક વિસંગતતા સર્જાઈ

અમદાવાદ તા.૧૦ : ગુજરાતમાં મિલ્કત જંત્રીદરમાં ૧૦૦ ટકાના વધારા સામે ગ્રાહકોથી માંડીને બીલ્ડરો સુધી તમામવર્ગોમાં વિરોધ અને ઉહાપોહ થઈ રહયોછે. ત્યારે આ પગલાથી કેટલીક અસામાન્ય સ્થિતિ-છબરડા પણ સર્જાયા છેજેના સુધારવા માટે આજે બેઠક બોલાવવામાં આવી છે.બીન ખેતી કરતા પણ કૃષિ જમીનની જંત્રી વધી ગઈ તેવા કિસ્સા ખુલ્યા છે. મહેસુલ વિભાગ તથા સ્ટેમ્પ ડયુટી વિભાગનાં સુત્રોએ કહ્યું કે કેટલાંક કિસ્સામાં બાંધકામ પ્રોપર્ટી તથા ફલેટ-દુકાનનાં જંત્રીદર એકસમાન થઈ ગયા છે. વાસ્તવમાં તેમાં તફાવત હોવો જોઈએ. આજ રીતે કેટલાંક ગામડાઓમાં બીનખેતી કરતા કૃષિ જમીનની જંત્રી વધી ગઈ છે. આવા જ અન્ય કિસ્સામાં અમદાવાદનાં ૬ ફૂટના રોડ ઉપરના પ્લોટનો જંત્રીદર આ વિસ્તારનાં કોમર્સીયલ રેટ કરતા પણ ૩૦ ટકા વધી ગયો છે.

બિલ્ડર સંગઠન દ્વારા તો જંત્રીદરનાવધારાનો વિરોધ કરવાની સાથોસાથ વિવિધ મુદાઓ ઉપર સરકારનું ધ્યાન દોર્યું છે.ઉપરાંત મહેસુલ વિભાગના અધિકારીઓએ પણ રહેણાંક, કોમર્સીયલ, તથા ઔદ્યોગીક જંત્રી મામલે ચોખવટની માંગ ઉઠાવી છે. હાલ ઘણા ગોટાળા અને વિસંગતતા માલુમ પડી રહી છે. કેટલાક એવા કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે જેમાં ગ્રાઉન્ડ ફલોરની દુકાનો કરતાં પ્રથમ માસની દુકાનોના જંત્રીદર ૪૦ ટકા ઉંચા થયા છે. આજ રીતે ચાર માળ પછીના માળનાં ફલેટના જંત્રીદર ૧૦ ટકા વધુ થયા છે.

મહેસુલ વિભાગનાં એક સીનીયર અધિકારીએ નામ નહિં દેવાની શરતે કહયું કે કોઈપણ જાતની વાસ્તવિકતાની ચકાસણી કર્યા વિના જંત્રીદરમાં સીધા ૧૦૦ ટકાના વધારાથી અનેક વિસંગતતાઓ સર્જાઈ છે અને તે સુધારવાનું અનિવાર્ય છે.

ઈસરોની વધુ એક સિધ્ધિ સૌથી નાના રોકેટનું સફળ લોન્ચીંગ કર્યુ

નવી દિલ્હી તા. ૧૦ ઈન્ડીયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) એ આજે તેના સૌથી નાના એસએસએલવી ડી-૨ રોકેટનું લોન્ચીંગ કર્યુ હતું. આ સંકેત તેની સાથે ત્રણ નાના ઉપગ્રહ પણ આકાશમાં લઈ ગયુ છે.

જયાં એક અમેરિકી કંપની અંતારીસના ઉપગ્રહ તથા બે ભારતીય કંપનીઓના ઉપગ્રહનો સમાવેશ થાય છે અને તેને પૃથ્વીની ભ્રમણકક્ષામાં ૪૫૦ કીમી ઉંચે સ્થાપીત કરશે. આ રોકેટ ઈસરોની કાર્યક્ષેત્રનું સૌથી નાનું રોકેટ છે જે ૫૦૦ કિલો વજન સુધીના સેટેલાઈટ લોન્ચીંગમાં ઉપયોગમાં લેવાયુ છે. આ રોકેટ ૩૪ મીટરની લંબાઈ ધરાવે છે અને તેની પહોળાઈ બે મીટરની છે. આ રોકેટનું વજન ૧૭૫.૨ કિલો છે અને તે ફકત રૂા.૫૬ કરોડમાં તૈયાર થયુ છે.

આ રોકેટની પ્રથમ ઉડાન ગત ઓગષ્ટમાં નિશ્ચિત થઈ હતી પણ તે રોકેટમાં કેપ્ટનના કારણે મુલત્વી રખાઈ હતી.

આ પ્રકારના રોકેટ ઓછા ખર્ચાળ અને ઝડપથી મોકલી શકાય છે તેથી નાના ઉપગ્રહો સ્થાપિત કરવામાં તે ખૂબ જ નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. વિશ્વમાં આ પ્રકારના નાના ઉપગ્રહોનું મોટું બજાર છે જે ઈસરો માટે મોટી કમાણીનું માધ્યમ બની રહેશે.

પ્રોપર્ટીનું કમ્પલીશન સર્ટીફીકેટ કઢાવી આપવા બિલ્ડર બંધાયેલ છે : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી તા.૧૦ : રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં સંભવિત અસર કરનારા એક ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે એમ પણ કહ્યું છે કે કમ્પલીશન સર્ટીફીકેટ વિના જ ગ્રાહકોએ રહેણાંકનો કબ્જો લઈ લીધો હોય તો પણ હાઉસીંગ કોમ્પલેક્ષ બાંધનાર બીલ્ડર કમ્પલીશન સર્ટીફીકેટ મેળવવાનો કાનુની અધિકાર ધરે છે.

સુપ્રિમ કોર્ટનાં જસ્ટીસ એમ.આર.ભટ્ટ તથા જસ્ટીસ દિપંકર દતાની બેંચે ૨૦૦૬ થી બીલ્ડર તથા ફલેટધારકો વચ્ચે ચાલતા કાનુની વિવાદમાં ગ્રાહક પંચનાં આદેશની ટીકા કરી હતી. ગ્રાહક પંચે કમ્પલીશન સર્ટીફીકેટ વિના જ આવાસનો કબ્જો લઈ લેનારા ગ્રાહકોને રાહત આપવાનો ઈકાર કર્યો હતો. સુપ્રિમ કોર્ટે કહ્યું કે ગ્રાહકોએ કમ્પલીશન સર્ટીફીકેટ મેળવ્યા બાદ જ કબ્જો લેવો જોઈએ તેસાચી વાત છે. પરંતુ તેજવાબદારી બીલ્ડરની છે. ગ્રાહકે તે પ્રકિયા કરવાની રહેતી નથી. વચન પ્રમાણે બિલ્ડરે સવલતો આપી નહી હોવાની પણ ફરીયાદ કરી હતી

તેસામે બીલ્ડરે એવી દલીલ કરી હતી ગ્રાહકોએ કબ્જો લઈ લેતા સવલતો આપવા બંધાયેલા નથી. સર્વોચ્ચ અદાલતે એમ કહ્યું કે ફલેટનો દસ્તાવેજ થઈ ગયા પછી પણ વિવિધ સુવિધા મેળવવા ગ્રાહકોનો અધિકાર યથાવત જ રહે છે. સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ કર્યુ હતું કે કમ્પલીશન સર્ટીફીકેટ વિના જ કબ્જો લઈ લેવાની બાબત ખોટી હોવા છતા તે પાછળ કારણ હોઈ શકે છે.

કવાટર્સ ખાલી નહી કરનાર ૧૫ પૂર્વ ધારાસભ્યોનો પગાર અટકાવાયો : ૨૫ ધારાસભ્યને નોટીસ

ગાંધીનગર તા. ૧૦ ગુજરાતના કરોડપતિ ધારાસભ્યો પ્રજા સામે મસમોટી વાતો કરે છે પણ એમના ઘરના ખિસ્સામાંથી કંઈ પણ કાઢવાનું આવે તો ચૂપ થઈ જાય છે. ગુજરાતમાં ગાંધીનગરમાં ધારાસભ્યોને ક્વાટર્સ ફાળવાયા છે. એ પદ ગયા બાદ પણ ખાલી નહી કરતા અને પ્રજાના પૈસે તાગડધિન્ના કરતા આવા ૨૫ પૂર્વ ધારાસભ્યોને નોટિસ ફટકારાઈ છે. વિધાનસભા સચિવાલયની કડક કાર્યવાહી શરૂ ક્વાટર્સ ખાલી નહીં કરનારા ૧૫ પૂર્વ ધારાસભ્યોનો પગાર અટકાવી દેવાયો છે. કોઈ પણ ચૂંટણી લડવા નો- ડ્યૂ સર્ટિ અનિવાર્ય છે અને આ ભાડું ચૂકવે તો જ સર્ટિ મળે છે. બજેટ સત્ર શરૂ થઈ રહ્યું છે અને નવા ધારાસભ્યો માટે રહેવા માટે ક્વાટર્સ ફાળવી શકાતા નથી. સેક્ટર- ૨૧ સ્થિત ધારાસભ્ય નિવાસ સંકૂલમાં ફાળવેલા ક્વાટર્સ ખાલી નહિ કરનારા ૧૫ જેટલા પૂર્વ ધારાસભ્યો સામે વિધાનસભા સચિવાલયે કાર્યવાહી શરૂ કરી છે. ૧૫મી વિધાનસભાની રચના પછી વારંવાર સૂચના આપ્યા પછી પણ ક્વાટર્સ ખાલી ન કરનારા ૧૫ જેટલા પૂર્વ ધારાસભ્યોના પગાર અટકાવી દેવાયો છે. હવે તેમની પાસેથી ભાડુ વસુલ્યા બાદ જ વિધાનસભા સચિવાલય નો-ડ્યુ સર્ટિફિકેટ આપશે. ૧૪મી વિધાનસભાનો ભંગ થયા બાદ માંગરોળના બાબુ વાજા, કાલોલના સુમન ચૌહાણ, રાપરના સંતોક અરેથિયા, માણસાના સુરેશ પટેલ, ભરૂચના દુષ્યંત પટેલ, ખંભાળિયાના વિક્રમ માડમ, અમરાઈવાડીના જગદિશ પટેલ, દરિયાપુરના ગ્યાસુદ્દિન શેખ, મહુવાના રાઘવજી મકવાણા, કપડવંજના કાળુભાઈ ડાભી, આણંદના કાંતિ સોઢા પરમાર સહિતના પૂર્વ ધારાસભ્યોએ મકાન ખાલી કર્યા નથી.

તાત્કાલીક વેચવાનું છે

૧. ડીપ ફ્રીઝ (આઈસ ક્રીમનું/૪૧૦ લિટર)
૨. બોટલીંગ ફ્રીઝ (ડિસ્પ્લે ફ્રીઝ)
૩. ૧.૫ ટનનું A/c.
૪. ૨૨ X ૧૧ રેક (ફિકસ)
૫. મોલને લગતી તમામ આઈટમસ વેચવાની છે

નોંધ : બધી વસ્તુ એક વર્ષ યુઝડ એટલે કે વાપરેલ છે

:: કોન્ટેકટ ::
મો. ૯૮૯૮૪ ૨૩૯૩૨
૭૨૦૨૦ ૭૨૦૧૦

તૂર્કીમાં હજુ પણ ૭ની તિવ્રતાનો ભુકંપ આવવાની વૈજ્ઞાનિકોએ ભવિષ્યવાણી કરી : મૃત્યુઆંક ૨૧ હજારને વટાવી ગયો

અંકારા, તા.૧૦ તુર્કી અને સીરિયામાં આવેલા વિનાશકારી ભૂકંપથી પ્રભાવિત વિસ્તારમાં ધ્વસ્ત થયેલા ઘર અને કાટમાળમાંથી લાશ બહાર કાઢવા બાદ મૃતકોની સંખ્યા વધીને ૨૧,૦૦૦થી વધારે થઈ ગઈ છે. વ્યાપકતબાહી બાદ દેશમાં વધુએક શક્તિશાળી ભૂકંપની ભવિષ્યવાણી આવી ચુકી છે. રશિયન **RIA** ન્યૂઝના એક રિપોર્ટ અનુસાર, ભૂકંપવિજ્ઞાની ડોગન પેરિનસેકે ચેતવણી આપી છે કે, ટૂંક સમયમાં પશ્ચિમી તુર્કીમાં વધુ એક ૭ની તીવ્રતાનો ભૂકંપ આવી શકે છે. આરઆઈએ ન્યૂઝ સાથે વાત કરતા નિષ્ણાંતે કહ્યું કે, કૈનક્કલના પોર્ટ શહેરની નજીકના વિસ્તારમાં લગભગ દર ૨૫૦ વર્ષોમાં મોટા ભૂકંપ આવે છે. પેરિન્સેક અનુસાર, છેલ્લા ૨૮૭ વર્ષ પહેલા આવ્યો હતો, જેનો અર્થ છે કે, સમય આવી ગયો છે. તેમણે કહ્યું કે, તે છેલ્લા ૧૦ દિવસમાં મારમારા સાગરની દિશામાં કનક્કલે વધેલી ભૂકંપની ગતિવિધિઓનો રેકોર્ડ રાખી રહ્યાછે. તેમની ચેતવણી સોમવારે દક્ષિણ-પૂર્વ તુર્કી અને ઉત્તરી સીરિયામાં આવેલા વિનાશકારી ભૂકંપની સીરીઝ બાદ આવ્યો છે.

ચીનનાં જાસુસી બલૂનથી ભારતને પણ ખતરો

નવી દિલ્હી તા. ૧૦ એક જાસુસી બલૂન મામલે ચીન અને અમેરિકા વચ્ચે તણાવભરી સ્થિતિ બનેલી છે. અમેરિકાએ દાવો કર્યો છે કે ચીન માત્ર તેની જાસુસી જ કરી રહ્યું નહોતું, ચીને એક બલૂન દ્વારા જે દેશોની જાસુસી કરાવી છે, તેમાં ભારત પણ શામેલછે. સવાલ એ છે કે શું ભારતીય વાયુસેના પણ અમેરિકાની જેમ હુમલો કરીને તેનો શિકાર કરી શકશે.

યુએસ ઈન્ટેલિજન્સ એજન્સીઓના રિપોર્ટ અનુસાર ડિસેમ્બર ૨૦૨૧થી જાન્યુઆરી ૨૦૨૨ વચ્ચેચીનના જાસૂસી બલૂને ભારતના સૈન્ય મથકની જાસૂસી કરી હતી. આ જાસૂસ બલૂને આંદામાન અને નિકોબારની રાજધાની પોર્ટ બ્લેર ઉપરથી ઉડાન ભરી હતી. આવા જ એક બલૂનના ફોટા પણ સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયા હતા.

ચિંતાની વાત તે છે કે ડિસેમ્બર ૨૦૨૧ના છેલ્લા સપ્તાહમાં ભારતીય સેનાની ત્રણેય પાંખો (આર્મી, એરફોર્સ અને નેવી) નાં જવાનો આંદામાન અને નિકોબારમાં એકસાથે ડ્રિલ કરવા માટે ભેગા થયા હતા. રિપોર્ટમાં દાવો કરવામાંઆવ્યો છેકે ચીનનો આ જાસૂસી બલૂન ટ્રાઈ સર્વિસ કમાન્ડ દરમ્યાન જ અંદમાન અને નિકોબારમાંજોવા મળ્યો હતો. જોકે આ અંગે ભારત સરકાર તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

કારખાનું વેચવાનું છે

જૂનાગઢમાં સક્કરબાગની સામે રાજ ટાયરવાળી ગલીમાં લક્ષ્મી ફર્નિચરવાળુ ૮૦૦ વાર ૧૫૦૦૦ સ્કેવેર ફુટ બાંધકામ કોર્નરનું, ત્રણ માળનું, ચાર સાઈડ ખુલી ગોડાઉનને લાયક ઈન્વેસ્ટ કરવા ઈચ્છતા લોકો માટે સોનાની લગડી સમાન

સંપર્ક : ૬૩૫૪૮ ૯૨૩૭૬

આંબાનો બગીચો વેચવાનો છે

જૂનાગઢથી ૧૦ કી.મી. દૂર શાપુર ગામમાં, ફુલપાણી વાળો ૩૩ વીઘા, ૩૫૦ આંબાનાં ઝાડ, ૬૦ ચીકુના ઝાડ વાળો બગીચો વેચવાનો છે તદ્ન વ્યાજબી ભાવમાં

સંપર્ક : ૯૯૨૫૮ ૭૧૮૮૧

દુકાન વેચવાની છે

જૂનાગઢનાં ભરચક વિસ્તાર પંચહાટડી ચોકમાં જે.ડી. ચેમ્બર પહેલા માળે બે દુકાન નં. ૭ અને ૮ કુલ ૨૦૨ ફુટ વેચાણથી આપવાની છે. તદ્ન વ્યાજબી ભાવમાં

સંપર્ક : ૯૯૨૫૭ ૫૫૦૦૮

પટેલ ફાયનાન્સ

પર્સનલ, મોર્ગેજ, ખેતી, હાઉસીંગ, ડેરી ઉદ્યોગ, તબેલા તથા સબસીડી લોન આધારકાર્ડ - પાનકાર્ડ ઉપર ૨૪ કલાકમાં તાત્કાલીક એપ્રુવલ, ઝડપી લોન

મો. ૯૧૫૭૫ ૯૨૦૭૨

આમંત્રણ

આંતર રાષ્ટ્રીય વેપાર મેળો

SVUM 2023
INTERNATIONAL TRADE SHOW

Showcasing Strength Of Saurashtra-Kutch
Exhibition: 11th - 12th - 13th February, 2023
Factory Visit:14th-15th February 2023
Venue: NSIC, Aji Vasahat, 80Feet Road,Rajkot

સમય :- સવારે ૧૦ થી સાંજે ૬ કલાક સુધી

Supported By:-

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી વિવાદમાં

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં દારૂની ખાલી બોટલો મળતા ખળભળાટ મચ્યો

પેપર લીક પ્રકરણ બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો વધુ એક વિવાદ સામે આવ્યો

રાજકોટ,તા.૧૦

વિદ્યાનું ધામ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી વિવાદમાં આવી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં દારૂની ખાલી બોટલો જોવા મળતા ખળભળાટ મચ્યો છે. કુલપતિ ગિરીશ ભીમાણીની ઓફિસથી માત્ર ૧૦૦ મીટર દૂર યુનિવર્સિટી કેમ્પસમાં દારૂની ખાલી બોટલો અને ખોખા જોવા મળ્યા છે. લોકો સવાલ કરી રહ્યા છે શું ગેરકાયદે પ્રવૃત્તિઓનો અડ્ડો બની ગઈ છે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી? શું રાત્રિ દરમ્યાન અસમાજિક તત્વો ગેરકાયદે પ્રવૃત્તિઓ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો કરે છે ઉપયોગ? ધન્વંતરિ ઔષધીય ઉદ્યાનમાં દારૂની બોટલો જોવા મળતા અનેક સવાલો ઉઠી રહ્યા છે. સિક્યોરિટી ગાર્ડ અને પોલીસ પેટ્રોલિંગના દાવા પોકળ સાબિત થયા છે. લોકોના મનમાં સવાલો ઉઠી રહ્યા છે કે આખરે કોણ યુનિવર્સિટીમાં રાત્રિ દરમ્યાન દારૂની મહેફિલ માણે છે. પેપર લીક પ્રકરણ બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો વધુ એક વિવાદ સામે આવ્યો છે. છ ગ્રેડ યુનિવર્સિટીનો દરજ્જો ધરાવતી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી વિવાદમાં આવતા ચકચાર મચી છે.

ફિનાલે સુધી પહોંચ્યા પછી અર્ચના ગૌતમ લેશે મોટો નિર્ણય

૧૨મીના રોજ ટેલિકાસ્ટ થશે બિગ બોસનો ફિનાલે

બિગ બોસના ફેન્સ ખૂબ ઉત્સાહિત છે અને તેઓ સોશિયલ મીડિયા ઉપર અત્યારથી અટકળો લગાવી રહ્યા છે

મુંબઈ,તા. ૧૦

TVના રિયાલિટી શો બિગ બોસની ૧૬મી સિઝન ચાલી રહી છે અને હવે આ સિઝન ફિનાલે વીક સુધી પહોંચી ગઈ છે. નિમૃત કૌર આહલુવાલિયાના એલિમિનેશન પછી હવે ટોપ ૫ કન્ટેસ્ટન્ટ્સ બાકી રહી ગયા છે. શિવ ઠાકરે, અર્ચના ગૌતમ, પ્રિયંકા ચહર ચૌધરી, એમસી સ્ટેન અને શાલિન ભનોટ. હવે બિગ બોસના ફેન્સ ફિનાલેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ફિનાલે એપિસોડમાં વોટિંગના આધારે ૩ કન્ટેસ્ટન્ટ આઉટ થઈ જશે અને ટોપ ૨માંથી કોઈ એકને ટ્રોફી મળશે. બિગ બોસની અત્યાર સુધીની સિઝનમાં એવુ જોવા મળ્યું છે કે ફિનાલે એપિસોડમાં કન્ટેસ્ટન્ટ્સને એક સૂટકેસની ઓફર આપવામાં આવે છે. સૂટકેસ સ્વીકારીને તે કન્ટેસ્ટન્ટ શો છોડીને જઈ શકે છે. ટૂંકમાં, કન્ટેસ્ટન્ટ પૈસા સ્વીકારીને ટ્રોફીની રેસમાંથી બહાર થઈ જશે. અહીં પણ તે કન્ટેસ્ટન્ટને તક મળે છે જે સૌથી પહેલા બઝર દબાવે છે. હવે આ સિઝનમાં જો આ ઓફર આપવામાં આવશે તો કોણ આ મોટો નિર્ણય લેશે તેની અટકળો અત્યારથી ચાલી રહી છે. સોશિયલ મીડિયા ઉપર જેના નામની સૌથી વધારે અટકળો ચાલી રહી છે તે છે અર્ચના ગૌતમ. સૌથી વધારે નામ અર્ચનાનું જ લેવાઈ રહ્યું છે. વિનર બનવાની રેસમાં પ્રિયંકા ચહર ચૌધરી અને શિવ ઠાકરેનું નામ સૌથી આગળ છે. એમસી સ્ટેનની વાત કરીએ તો, તેની તગડી ફેનફોલોવિંગ છે. ફેન્સના વોટિંગના આધારે તે અહીં સુધી પહોંચી ગયો છે. તે હંમેશા ગેમ છોડવાની વાત કરતો હતો અને સૌથી ઓછું યોગદાન પણ આપતો હતો. હવે રહી વાત શાલિન ભનોટની તો, શાલિન ઘણી વાર કહી ચૂક્યો છે કે તેને પૈસાની કોઈ કમી નથી. માટે તે પૈસા માટે ગેમ છોડીને નહીં જાય. હવે રહે છે અર્ચના ગૌતમ. અર્ચના ભલે ફિનાલે સુધી પહોંચી ગઈ અને તેની પોપ્યુલારિટી પણ ઘણી વધારે છે, પરંતુ તે પોતે પણ જાણે છે કે તે શોની વિનર નહીં બની શકે. માટે બની શકે કે તે વિચારે કે રનરઅપ બનીને કંઈ ના મળે તેના કરતા સૂટકેસ લઈને ક્વિટ કરવામાં ભલાઈ છે. ઉલ્લેખનીય છે કે પાછલા બે અઠવાડિયાથી કરણ જોહર અને ફરાહ ખાન શો હોસ્ટ કરી રહ્યા હતા. પરંતુ ફિનાલે એપિસોડ સલમાન ખાન હોસ્ટ કરશે.

સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષાનો કલા મહાકુંભ ૨૦૨૨-૨૩ આગામી તા.૧૪ અને ૧૫ ફેબ્રુઆરીએ રાજકોટ ખાતે યોજાશે

રાજકોટ સહિત અન્ય સાત જિલ્લાઓ અને અન્ય ત્રણ મહાનગરપાલિકાના ૧૨૦૦ જેટલા સ્પર્ધકો ભાગ લેશે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૦

ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર તેમજ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર દ્વારા આયોજિત જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી,રાજકોટ દ્વારા સંચાલિત સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષાનો કલા મહાકુંભ -૨૦૨૨-૨૩ સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષાની રાસ, લોકગીત/ભજન, ભરતનાટ્યમ, વકતૃત્વ, લોકવાર્તા, તબલા, ગીટાર અને મોહિનીઅટ્ટમ સ્પર્ધાનું આયોજન કાર્યક્રમ આગામી તા.૧૪, ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૩ દરમ્યાન હેમુ ગઢવી નાટ્યગૃહ, ટાગોર રોડ, રાજકોટ ખાતે યોજાશે. આ સ્પર્ધામાં રાજકોટ, જૂનાગઢ, જામનગર, ભાવનગર, પોરબંદર, અમરેલી, પોરબંદર, ગીર સોમનાથ જિલ્લા ઉપરાંત રાજકોટ, જામનગર, જૂનાગઢ અને ભાવનગર મહાનગરપાલીકા સહિતના ૧૨૦૦ જેટલા સ્પર્ધકો ભાગ લેશે. આગામી તા.૧૪/૦૨/૨૦૨૩ મંગળવારના રોજ સવારે ૧૧ કલાકે મુખ્ય સ્ટેજ, હેમુ ગઢવી નાટ્યગુહ રાજકોટ ખાતે રાસ સ્પર્ધા અને બપોરે ૦૨ કલાકે મોહિનીઅટ્ટમની સ્પર્ધા યોજાશે. સાથે સાથે સવારે ૧૧ કલાકે મીની સ્ટેજ, હેમુ ગઢવી નાટ્યગુહ રાજકોટ ખાતે લોકગીત/ભજન અને બપોરે ૦૧ કલાકે વકતૃત્વ સ્પર્ધા યોજાશે. મંગળવારના રોજ સવારે ૧૧ કલાકે મુખ્ય સ્ટેજ, હેમુ ગઢવી નાટ્યગુહ રાજકોટ ખાતે ભરતનાટ્યમ સ્પર્ધા અને બપોરે ૧ કલાકે તબલા સ્પર્ધા યોજાશે. સાથે સાથે સવારે ૧૧ કલાકે મીની સ્ટેજ, હેમુ ગઢવી નાટ્યગુહ રાજકોટ ખાતે લોકવાર્તા અને બપોરે ૧ કલાકે ગીટાર સ્પર્ધા યોજાશે, તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેષ દિહોરાની યાદીમાં જણાવાયું છે.

પંતથી નારાજ થયા કપિલ દેવ

તે એકવાર રિકવર થઈ જાય પછી તેને લાફો મારવો છે

૩૦મી ડિસેમ્બરે પરિવારને સરપ્રાઈઝ આપવા ઘરે જઈ રહ્યો હતો ત્યારે પંતનો અકસ્માત થયો હતો

નવી દિલ્હી, તા.૧૦

૩૦ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ ભયંકર અકસ્માતનો ભોગ બન્યા બાદ રિષભ પંત ધીમે-ધીમે સ્વસ્થ થઈ રહ્યો છે. ગત મહિને તેના ઘૂંટણની સર્જરી કરવામાં આવી હતી અને તેમાથી રિકવર થયા બાદ તેને મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યો હતો. હાલ તે ઘરે છે અને સંપૂર્ણ આરામ કરી રહ્યો છે. પંતના અકસ્માતના સમાચાર સામે આવતા જ માત્ર ટીમના સાથી ખેલાડીઓએ જ નહીં પરંતુ દેશભરના લોકોએ તેના સારા સ્વાસ્થ્યની કામના કરી હતી. હજી તેની એક સર્જરી થવાની બાકી છે અને તેથી આશરે ઓછામાં ઓછા છ મહિના સુધી તે સ્ટેડિયમમાં પરત નહીં ફરે તે નક્કી છે. તે માત્ર આઈપીએલ જ નહીં પરંતુ વનડે વર્લ્ડ કપ ૨૦૨૩ પણ ચૂકી જશે તેમ જશે તેવી શક્યતા છે. હાલમાં તેના વિશે એક લેજેન્ડ્રી ઈન્ડિયન ક્રિકેટરે આપેલું નિવેદન ચર્ચામાં આવ્યું છે. રિષભ પંતની ગેરહાજરીના કારણે ટીમ ઈન્ડિયાનું કોમ્બિનેશન ખરાબ થઈ ગયું છે, આ કારણથી પૂર્વ કેપ્ટન કપિલ દેવ નારાજ છે. તેઓ એકવાર તે રિકવર થઈ જાય બાદમાં તેને મળીને થપ્પડ મારવા ઈચ્છે છે. 'હું તેને ખૂબ પ્રેમ કરૂં છું. તે જલ્દી ઠીક થઈ જાય તેમ હું ઈચ્છું છું અને જ્યારે તે રિકવર થશે ત્યારે હું તેની પાસે જઈશ અને જોરદાર થપ્પડ મારીશ. કારણ કે તેની ગેરહાજરીથી ટીમ ઈન્ડિયાને મોટું નુકસાન થાય છે. એટલા માટે જ મારો પ્રેમ અને લાગણી છે તે જલ્દી સ્વસ્થ થઈ જાય. આજના યુવાન છોકરાઓ આવી ભૂલો કરે છે તે માટે ગુસ્સો પણ આવે છે? તેના માટે થપ્પડ હોવી જોઈએ', તેમ કપિલ દેવે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું. આ પહેલા જ્યારે પંતના અકસ્માતની ખબર સામે આવી ત્યારે કપિલ દેવે નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, તે ડ્રાઈવર રાખી શકતો હતો, તેણે એકલા ગાડી ડ્રાઈવ કરવાની જરૂર નહોતી. જણાવી દઈએ કે, રિષભ પંતે સોશિયલ મીડિયા ઉપર એક પોસ્ટ શેર કરીને મુશ્કેલ સમયમાં તેના માટે પ્રાર્થના કરનાર દરેક વ્યક્તિનો આભાર માન્યો હતો. તેણે લખ્યું હતું 'આપ તમામને સપોર્ટ અને શુભેચ્છાઓ માટે કૃતજ્ઞ છું.

આપ તમામને જણાવવા માગું છું કે મારી સર્જરી સફળતાપૂર્વક થઈ છે અને હું રિકવરીના માર્ગ પર હોવાની મને ખુશી છે. મારો જુસ્સો વધારે છે અને રોજ હું સારૂં અનુભવી રહ્યો છું. કપરા સમયમાં આપ તમામના શબ્દો, સપોર્ટ અને પોઝિટિવિ એનર્જી માટે કૃતજ્ઞતા વ્યક્ત કરૂં છું'. રિષભ પંત તેના પરિવારને ન્યૂ યર ઉપર સરપ્રાઈઝ આપવા માગતો હતો અને તેથી જ ૩૦મી ડિસેમ્બરે રૂડકી જઈ રહ્યો હતો. તે જ સમયે દિલ્હી-દેહરાદૂન હાઈવે ઉપર તેની કાર ડિવાઈડર સાથે અથડાયા બાદ ફંગોળાઈ હતી. તેને કારની વિન્ડસ્ક્રીન તોડીને બહાર કાઢવામાં આવ્યો હતો.

"સુજલામ સુફલામ જળ અભિયાન" અંતર્ગત

રાજકોટ જિલ્લાના ખેતતળાવ, તળાવો, ચેકડેમો, નદી વગેરેની સફાઈ કરી વધુને વધુ જળ સંગ્રહ માટે કલેક્ટરે સૂચના આપી

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૦

વર્ષાઋતુ પહેલા લોક ભાગીદારીથી જળ સંચયની કામગીરી સબંધિત સરકારી વિભાગોના સંકલનથી કરવામાં આવશે, જેના ભાગરૂપે રાજયભરમાં જળસંચયની કામગીરીને વેગ આપવા માટે રાજય સરકાર દ્વારા આગામી દિવસોમાં "સુજલામ સુફલામ જળ અભિયાન" અંતર્ગત રાજકોટ જિલ્લાના આયોજન અંગેની બેઠક કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ અંગે કલેક્ટરએ ખેતતળાવ, તળાવો, ચેકડેમો, નદી વગેરેની સફાઈ કરી વધુને વધુ જળ સંગ્રહ માટે સૂચના આપી, જળાશયો ઊંડા કરવા, ફિલ્ટર પ્લાન્ટની સફાઈ કરવા, ગ્રામ પંચાયતની ટાંકીઓ અને ઓવર હેડ ટેંકની સફાઈ કરવા અને તેના મોનીટરીંગ કરવાની સૂચના અધિકારીઓઓની આપી હતી. વન વિભાગને રોડ સાઈડ પ્લાન્ટેશન કરી ગ્રીન કવર વધારવાની સૂચના અપાઈ હતી. આ તકે જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, પ્રાંત અધિકારી સર્વ કે.જી. ચૌધરી, રાજેશ આલ, વિવેક ટાંક, એક્ઝિક્યુટીવ ઈજનેર સિંચાઈ યોજના પ્રેક્ષા ગોસ્વામી, એક્ઝિક્યુટીવ ઈજનેર ચાંદની ગણાત્રા, રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી હંસાબેન મોકરીયા તથા સંબંધિત અન્ય સરકારી વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વ્હાલી દિકરી યોજના અંતર્ગત કુલ ૩૦૪૩ અરજીઓ મંજૂર કરાઈ

વ્હાલી દિકરી યોજના થકી રાજ્યની પ્રત્યેક દિકરીની રાજ્ય સરકાર દ્વારા દરકાર

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

ગુજરાતની મહિલા શક્તિ દરેક ક્ષેત્રે અગ્રેસર રહે તેવું રાજ્ય સરકારનું લક્ષ્ય છે. જે માટે સરકાર દ્વારા દિકરીઓ અને મહિલાલક્ષી અનેકવિધ યોજના અમલી બનાવવામાં આવી છે. જેમાં દિકરીઓ માટેની સરકારની સર્વ શ્રેષ્ઠ યોજના વ્હાલી દિકરી યોજના. રાજ્ય સરકાર દ્વારા દિકરીઓને સહાય પૂરી પાડવાના ઉદેશ સાથે ઓગસ્ટ ૨૦૧૯માં વ્હાલી દિકરી યોજના શરૂ કરવામાં આવી છે. જેમાં દિકરીઓને રૂા.૧.૧૦ લાખની આર્થિક સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત લાભાર્થીઓને તેમના બેંક ખાતામાં સીધા ત્રણ હપ્તામાં રકમ આપવામાં આવી રહી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રાજ્ય સરકારની વ્હાલી દિકરી યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨માં ૧૦૧૪ મળી અત્યાર સુધીમાં કુલ ૩૦૪૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. સરકાર દ્વારા આ યોજના દિકરીઓનું જન્મ પ્રમાણ વધારવા, દિકરીઓનો શિક્ષણમાં વધારો કરવો, ડ્રોપઆઉટ રેશીયો ઘટાડવા, અને દિકરીઓ તથા સ્ત્રીઓનું સમાજમાં સર્વાંગી સશક્તિકરણ કરવું અને બાળ લગ્ન અટકાવવાનાં ઉદેશ સાથે અમલમાં મુકવામાં આવી છે. વ્હાલી દિકરી યોજના અંતર્ગત મળવાપાત્ર લાભમાં પ્રથમ હપ્તો દિકરીઓને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂા.ચાર હજારની સહાય મળવાપાત્ર થશે. બીજો હપ્તો દિકરીઓને નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂા.છ હજારની સહાય મળવા પાત્ર થશે. ત્રીજા હપ્તામાં દિકરીને ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચકક્ષા શિક્ષણ અથવા લગ્ન સહાય તરીકે ગુજરાત સરકાર દ્વારા એક લાખ રૂપિયાની સહાય મળવાપાત્ર થશે. આમ, વ્હાલી દીકરી યોજના અંતર્ગત રૂા.૧.૧૦ની સહાય મળે છે. આ યોજનાનું અરજીપત્રક 'ગ્રામ કક્ષાએથી 'આંગણવાડી' કેન્દ્ર તથા 'ગ્રામ પંચાયત' ખાતેથી તાલુકા કક્ષાએથી 'સંકલિત બાળ વિકાસ અધિકારીની કચેરી (ICDS) ખાતેથી તેમજ જિલ્લા કક્ષાએથી મહિલા અને બાળ અધિકારીની કચેરી ખાતેથી વિનામૂલ્યે મળવાપાત્ર છે. આ યોજનાનો લાભ મેળવવા માગતા દંપતીની વાર્ષિક આવક મર્યાદા રૂા.બે લાખથી ઓછી હોવી જોઈએ. તા.૨ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ અને ત્યાર બાદ જન્મેલી દિકરીઓને આ યોજના અંતર્ગત લાભ મળવા પાત્ર છે. દંપતીના પ્રથમ ત્રણ સંતાનો પૈકી તમામ દિકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. અપવાદરૂપ કિસ્સામાં બીજી ત્રીજી પ્રસુતિ વખતે કુટુંબમાં એક કરતા વધારે દિકરીઓનો જન્મ થાય અને દંપતીની દિકરીઓની સંખ્યા ત્રણ કરતા વધુ થતી હોય તો પણ તમામ દિકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમની જોગવાઈઓ મુજબ પુખ્ત વયે લગ્ન કરેલા હોય તેવા દંપતીની દિકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. દિકરીના જન્મથી એક વર્ષ સુધી અરજી કરી શકાશે. આ માટે દિકરીનું જન્મનું પ્રમાણપત્ર, માતા-પિતાના આધાર કાર્ડ, માતાનું જન્મનું પ્રમાણપત્ર, પંચાયત તલાટી કે મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારી કે ચીફ ઓફિસર દ્વારા આપવામાં આવેલું માતા-પિતાની સંયુક્ત વાર્ષિક આવકનું પ્રમાણપત્ર, દંપતિના પોતાના હયાત તમામ બાળકોના જન્મ પ્રમાણપત્ર, નિયત નમૂનાનું સક્ષમ અધિકારી સમક્ષ કરેલું દંપતિનું સ્વઘોષણા પત્ર અને દંપતિના લગ્નનું પ્રમાણપત્ર આધાર પુરાવા તરીકે અરજી સાથે રજૂ કરવાના રહેશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કૃમિનાશક દિવસ અંતર્ગત આગામી તા.૧૭ સુધી બાળકોને ગોળી અપાશે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

કૃમિના ચેપથી બાળકોના સ્વાસ્થ્ય ઉપર અનેક ગંભીર અસરો જેવી કે લોહીની ઉણપ, પાંડુ રોગ, કુપોષણ, ભૂખ ન લાગવી, બેચેની, પેટમાં દુખાવો, ઝાડા-ઉલટી, વજનમાં સતત ઘટાડો, વિગેરે જેવા અનેક ચિન્હો બાળકોમાં મુખ્યત્વે જોવા મળે છે. બાળકોની આ સમસ્યાના નિવારણ માટે સમગ્ર રાજ્ય અને જિલ્લામાં તા.૧૦ થી તા. ૧૭ ફેબ્રુઆરી સુધી "રાષ્ટ્રીય કૃમિ મૂકિત અઠવાડીયા' અન્વયે શાળા અને આંગણવાડી કેન્દ્રોના સહકારથી કૃમિનાશક દવા (આલ્બેન્ડાઝોલની ગોળી) નિ:શુલ્ક આપવાની કામગીરી ઝુંબેશના રૂપે હાથ ધરવામાં આવશે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ કૃમિનાશક દવા (આલ્બેન્ડાઝોલની ગોળી) બાળકોને ખવડાવવામાં આવશે. જેમાં ૧ થી ૫ વર્ષના બાળકોને આ દવાનો એક ડોઝ આંગણવાડી કેન્દ્ર ઉપર ખવડાવવામાં આવશે. ૬ થી ૧૯ વર્ષના બાળકોને આ દવા શાળા મારફતે કોરોનાની ગાઈડલાઈનને અનુસરીને ખવડાવવામાં આવશે. આંગણવાડી તથા શાળાએ ન જતા હોય તેવા બાળકોને પણ આંગણવાડી કેન્દ્ર ઉપર આ દવા વિનામુલ્યે આપવામાં આવશે. કૃમિનાશક દવા આલ્બેન્ડાઝોલ નામની ગોળી બાળકો માટે સુરક્ષિત દવા છે. આ દવા તમામ સ્તરે નિરીક્ષણ હેઠળ આપવામાં આવશે.

રાજકોટ ખાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ દ્વારા ૪૩ જેટલા "આપદા મિત્ર" ની ૧૨ દિવસીય ટ્રેનિંગનો પ્રારંભ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૦

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા "આપદા મિત્ર" પ્રોજેક્ટ અન્વયે નવયુવાનોને આપત્તિ સમયે બચાવ, રાહત કામગીરી અંગે ખાસ તાલીમ આપવામાં આવે છે. જે અંતર્ગત ગુજરાત ડિઝાસ્ટર વિભાગ દ્વારા રાજ્યમાં ૧૭ જેટલા જિલ્લામાં આ પ્રોજેક્ટ હાલ કાર્યરત છે. રાજકોટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા એસ.ડી.આર.એફ. ગ્રુપ - ૧૩, ઘંટેશ્વર કેમ્પસ ખાતે તા.૬-૨ થી તા.૧૭-૦૨-૨૩ દરમ્યાન ૧૨ દિવસીય ટ્રેનિંગનો બીજા તબ્બકાની પાંચમી બેચનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ બેચમાં ૪૩ જેટલા છાત્રોને હાલ આપત્તિ સમયે બચાવ કામગીરી, પ્રાથમિક સારવાર, અગ્નિશામક બચાવ, પૂર, ધરતીકંપ, વાવાઝોડા સહિતની કુદરતી આફતો સમય દરમ્યાન બચાવ કામગીરીની તાલીમ આપવામાં આવી રહી હોવાનું વિભાગના કોઓર્ડીનેટર શ્રી અમરિન ખાને જણાવ્યું છે. "આપદા મિત્ર" ને અકસ્માત સંજોગો નિવારણ અથવા તેની તીવ્રતામાં ઘટાડા સહિતની તાલીમ પુરી પાડવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૧૯૧ સ્વયંસેવકોને પ્રશિક્ષિત કરવામાં આવ્યાં છે. આવનારા સમયમાં ૫૦૦ જેટલા યુવકોને આ તાલીમ પુરી પાડવામાં આવશે.

ખંભાળિયા નજીક પુરપાટ જતી મોટરકારે હડફેટે લેતા બાઈક સવાર યુવાનનું કરૂણ મૃત્યું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

ખંભાળિયા-પોરબંદર ધોરીમાર્ગ ઉપર બુધવારે રાત્રિના સમયે ખંભાળિયા આવી રહેલા ત્રણ મિત્રો સાથેના મોટરસાયકલને સ્વીફ્ટ મોટરકારના ચાલકે હડફેટે લેતા આ મોટરસાયકલમાં જઈ રહેલા પોરબંદરના એક યુવાનનું કરૂણ મૃત્યું નીપજયું હતું. જ્યારે તેમની સાથે જઈ રહેલા પોરબંદરના જ બે યુવાનો ઈજાગ્રસ્ત થયા હતા. આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ પોરબંદર ખાતે રહેતા મહમદભાઈ હુસેનભાઈ રજાક નામના ૪૨ વર્ષના યુવાન તેમના બે મિત્રો સાહિલ અબ્દુલભાઈ રૂજા (ઉ.વ.૨૫, રહે. પોરબંદર) તથા સાહનવાઝ ફારૂકભાઈ બાબી (ઉ.વ. ૬, રહે. પોરબંદર) સાથે બુધવારે રાત્રિના સમયે પોરબંદરથી ખંભાળિયા ખાતે ઉર્ષમાં આવવા માટે તેમના જી.જે. ૨૫ એન. ૩૧૦૮ નંબરના સ્પ્લેન્ડર મોટરસાયકલ ઉપર નીકળ્યા હતા. રાત્રિના આશરે ૧૧:૩૦ વાગ્યાના સમયે તેઓ ખંભાળિયાથી આશરે ૨૫ કિલોમીટર દૂર લાલુકા ગામના પાટીયા પાસે પહોંચ્યા, ત્યારે આ માર્ગ ઉપર આવી રહેલા જી.જે. ૦૧ કે.જે. ૦૯૯૮ નંબરના સ્વિફ્ટ મોટરકારના ચાલકે મહમદભાઈના મોટરસાયકલ સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો.

આ જીવલેણ ટક્કરમાં બાઈક ચાલક મહમદભાઈ હુસેનભાઈ રજાકને માથાના ભાગે તેમજ શરીરના જુદા-જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા તેમનું ઘટના સ્થળે કરૂણ મૃત્યું નીપજયું હતું. જ્યારે બાઈકમાં પાછળ બેઠેલા સાહનવાઝ ફારૂકભાઈને પણ ગંભીર ઈજાઓ થતાં તેમને વધુ સારવાર માટે ખંભાળિયાથી અમદાવાદ ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત તેમની સાથે જઈ રહેલા અન્ય યુવાન સાહિલ અબ્દુલભાઈને પણ ફેકચર સહિતની ઈજાઓ સાથે અહીંની હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. અકસ્માત સર્જી, આરોપી સ્વીફ્ટ મોટરકાર ચાલક નાસી છૂટ્યો હોવાનું જાહેર થયું છે. આ સમગ્ર બનાવ અંગે ખંભાળિયા પોલીસે સાહિલભાઈ રૂજા (રહે. પોરબંદર)ની ફરિયાદ ઉપરથી સ્વિફ્ટ મોટરકારના ચાલક સામે આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪ (અ) તથા એમ.વી. એક્ટની કલમ મુજબ ગુનો નોંધી, આરોપી કાર ચાલકને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયાનું સાકર તુલાથી ભવ્ય સ્વાગત કરાયું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૦

માંગરોળ માળિયા વિસ્તારના ખુબજ નિસ્વાર્થ સેવાભાવી ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયાનું શેરીયાખાણના ગ્રામજનો દ્વારા સાકર તુલા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. માંગરોળ માળિયા વિસ્તારના ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાનું ખુબજ જંગી બહુમતી સાથે વિજય થતા જીતની ખુશીમાં ઠેક ઠેકાણે સ્વાગત કરવામાં આવી રહ્યું છે. ત્યારે હાલ શેરીયાખાણ ખાતે બોદુભાઈ લાખાભાઈ દ્વારા ભગવાનજીભાઈની જીત માટે માનતા માનવામાં આવિહતી અને શેરીયાખાણ ખાતે સમસ્ત ગ્રામજનોએ સાથે મળી ધારાસભ્ય ભગવાનજીભાઈનું શેરીયાખાણના સરપંચના ઘરે સાકર તુલા કુમ કુમ તિલક પુષ્પહાર તેમજ પુષ્પગુચ્છ સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પટેલ સમાજના માજી સરપંચ ગોવિંદભાઈ ભુવા, માજી સરપંચ જે.પી. ભુવા, કિરીટભાઈ ભુવા, મુસ્લિમ સમાજના માજી પ્રમુખ ઈકબાલભાઈ લાખા, પ્રમુખ શાહબુદ્દીનભાઈ લાખા, મુસ્તાકબાપુ બુખારી, રબારી સમાજના ભગાભાઈ રબારી તથા કોળી સમાજના રામભાઈ વાળા સહિતના અગ્રણી-આગેવાનો તેમજ સમસ્ત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

સોમનાથ મહાદેવ મંદિરે મહાશિવરાત્રીની તડામાર તૈયારીઓ શરૂ

''હર... હર... મહાદેવ''નાં ગગનભેદી જયઘોષ સાથે ગુંજી ઉઠશે, સાગર કિનારે સ્થિત ભગવાન ભોળાનાથનું શિવાલય : મહાશિવરાત્રી પર્વે સોમનાથ મંદિર સતત ૪૨ કલાક સુધી ખુલ્લું રહેશે : બે દિવસમાં ૧૨ મહાઆરતીઓ, ચાર પ્રહર પૂજાઓ, પાર્થિવ શિવલીંગ મહાપૂજા, બિલ્વપૂજા, માર્કંડય જપ યજ્ઞ સહિતનાં વિવિધ કાર્યક્રમો યોજાશે

(મિનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)

પ્રભાસપાટણ તા. ૧૦

ભારત બાર જયોર્તિલીંગ પૈકીનાં પ્રથમ વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર આગામી તા. ૧૮-૨-૨૩ મહાશિવરાત્રી પર્વ અંગે સોમનાથ ટ્રસ્ટ સચિવ યોગેન્દ્ર દેસાઈનાં માર્ગદર્શન હેઠળ સોમનાથ ખાતે તડામાર તૈયારીઓનો પ્રારંભ થઈ ચુકયો છે. શિવરાત્રી પર્વે સોમનાથ મહાદેવ મંદિર ભાવિકોનાં દર્શન માટે સવારનાં ચાર વાગ્યે ખુલશે જે સતત ખુલ્લું રહી બીજા દિવસ એટલે કે તા. ૧૯-૨-૨૩નાં રોજ રાત્રીનાં દસ વાગ્યે દર્શન બંધ થશે. આમ સતત ૪૨ કલાક સુધી દર્શન ખુલ્લા રહેશે.

મહાશિવરાત્રીએ સવારે નૂતન ધ્વજારોહણ, મહામૃત્યું જય જાપ યજ્ઞ-સાંય શણગાર અને રાત્રીનાં ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૫.૩૦ એમ ચાર પ્રહરની મહાપૂજા સાથે આરતીઓ થશે જે તા. ૧૮ અને ૧૯ એમ બે દિવસમાં કુલ ૧૨ મહાઆરતીઓ થશે. સોમનાથ આવેલા ભાવિકો તેમનાજ ઓનલાઈન ભકિત સેતુ દ્વારા માત્ર ગુમાજી, સહિત પાંચથી છ વિના મુલ્યે યાત્રિકોને ફરાળ પ્રસાદી ભંડારો યોજાશે.

સોમનાથ આ વર્ષે પાર્થિવ શિવ પૂજાનો નવો કન્સેપ્ટ ભાવિકોની ભકિત વૃધ્ધિ માટે કરી રહયો છે. સોમનાથ સમુદ્ર ચોપાટી ખાતે સોમનાથ ટ્રસ્ટ પાર્થિવ પૂજા, કીટ પૂજા કરાવવા વ્યવસ્થા, પૂજન સામગ્રી અને નિયત નિયમો સાથે અંદાજે એક હજાર જેટલા પાર્થેશ્વર શિવલીંગ પૂજા વ્યવસ્થા ગોઠવશે.

પાર્થેશ્વર એટલે માંટીમાંથી નાના નાના બનાવેલા શિવલીંગો જે કાર્ય માટે વેરાવળનાં મહાદેવ ગૃપનાં કાયમી ધોરણે સોમનાથ મંદિર તેમજ સોમનાથ હસ્તકનાં મંદિરોમાં માનદ સેવા આપતા માલીબહેન ઓડેદરા સહિતનું૨૦ જેટલા બહેનો તેમાં સેવા આપશે. અને એ પાર્થિવ શિવલીંગ બનાવવાની માટીનું મુર્હુત થઈ ચુકેલ છે. અને ૧૪ તથા ૧૫ ફેબ્રુઆરીએ માલીબહેન ઓડેદરા સહિત મહાદેવ ગૃપનાં બહેનો તા. ૧૪ લીલી બાંધણી તેમજ તા. ૧૫ લાલ બાંધણી એક સરખી ડ્રેસ કોડ અને ખંભે ઉપરણા સાથે અંદાજે પાંચ ઈંચનાં પાર્થિવ શિવલીંગ ''ૐ નમઃ શિવાય''ની ધૂન સાથે બનાવશે.

શિવરાત્રીએ સોમનાથ મહાદેવ મંદિરને વિશેષ પુષ્પો તેમજ ફુલ ડેકોરેશન તેમજ રંગબેરંગી વિજળી રોશનીથી શણગારવામાં આવશે. સવારે મંદિર પરીસરમાં પાલખીયાત્રાનું પણ આયોજન કરાઈ રહયું છે. એસટી તેમજ અન્ય વાહનો દ્વારા સોમનાથ અને ગિરનારનું મહાશિવરાત્રી પર્વ સાથે સાથે હોય તથા કોરોના કાળ પછી આ વર્ષે કોઈ વિધ્ન ન હોય અને વરસાદ પાણી સારા હોય જેથી અસંખ્ય માનવ મહેરામણ ઉમટી પડવાની શકયતા છે.

હિંસાથી પીડિત મહિલાઓની વ્હારે આવતું દ્વારકા જિલ્લાનું સખી વન સ્ટોપ સેન્ટર

જિલ્લામાં વર્ષ ત્રણ વર્ષમાં ૪૯૧ બહેનોનું કરાયું કાઉન્સેલિંગ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

કેન્દ્ર સરકારના મહીલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા હિંસાથી પિડીત મહિલાઓને કાઉન્સેલીંગ, રહેઠાણ, પોલીસ સહાય, કાયદાકીય માર્ગદર્શન, તબીબી સહાય પ્રકારની સુવિધા ચોવીસ કલાક વિના મૂલ્યે એક જ સ્થળેથી મળી રહે તેવા ઉમદા હેતુ માટે ભારત સરકાર દ્વારા **"SAKHI" One Stop Centre-OSC** યોજના અમલમાં મુકવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લા કક્ષાએ મહિલા અને બાળ અધિકારી કચેરી અંતર્ગત સખી વન સ્ટોપ સેન્ટર કાર્યરત છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૧ માર્ચ ૨૦૧૯ થી વર્ષ ૨૦૨૨ સુધીમાં ૪૯૧ બહેનોનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું છે. સખી વન સ્ટોપ સેન્ટર કોઈ પણ પ્રકારની હિંસાથી પિડીત બહેનને ૨૪ કલાક વિનામુલ્યે પાંચ દિવસ સુધી હંગામી આશ્રય પૂરૂ પાડી પિડીતાને કાઉન્સેલિંગ, પોલીસ સહાય, તબીબી સારવાર વગેરે સેવાઓ આપ્યા બાદ કુટુંબમાં પુનઃ સ્થાપન કરવાની સમાધાનકારી મહિલા લક્ષી કામગીરી કરે છે. જે હાલ ખંભાળિયામાં સીવીલ હોસ્પીટલની બાજુમાં કાર્યરત છે. જેના ફોન નંબર- ૦૨૮૩૩-૨૩૨૨૫ છે. જેનો કોઈ પણ પ્રકારની મુશ્કેલી નિવારણ માટે સંપર્ક કરી શકાય છે.

શારિરીક હિંસા, માનસિક હિંસા, જાતીય હિંસા, ભાવનાત્મક હિંસા, એસિડ એટેક, ઘરેલુ હિંસા, મહિલાઓનો અનૈતિક વ્યાપાર જેવા પ્રકારની હિંસાનો ભોગ બનેલી મહિલાઓ સખી વન સ્ટોપ સેન્ટરનો લાભ લઈ છે.

જૂનાગઢ સહીત ગુજરાતભરમાંથી રખડતા ઢોરના ત્રાસમાંથી પ્રજાને મુકિત આપવા માંગણી

જૂનાગઢનાં એડવોકેટ પી.ડી. ગઢવીએ રખડતા ઢોરનાં ત્રાસમાંથી મુકિત અપાવવા ઉચ્ચકક્ષાએ પત્ર પાઠવ્યો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા. ૧૦

જૂનાગઢનાં એડવોકેટ પી.ડી. ગઢવીએ રખડતા ઢોરનાં ત્રાસમાંથી પ્રજાને મુકતી આપવા મુખ્યમંત્રી, ગૃહ રાજયમંત્રી, જૂનાગઢ કલેકટર અને જૂનાગઢનાં મનપાનાં કમિશ્નરને એક વિસ્તૃત પત્ર પાઠવી માંગણી કરી છે કે ગુજરાત રાજયનાં જુદા જુદા શહેરો-ગ્રામ્ય વિસ્તારોમાં રખડતા ઢોર દ્વારા સામાન્ય પ્રજાજનોને ઈજાઓ કરવામાં આવે છે અને ઘણી જગ્યાએ આવા બનાવથી મૃત્યું પણ નિપજતા હોય છે. જેથી હાઈકોર્ટે પણ રખડતા ઢોર બાબતે ત્વરીત પગલા લેવા હુકમ કરેલ છે. અને તે મુજબ સરકાર તથા જે તે સ્થાનીક સત્તા દ્વારા સામુહીકરીતે રખડતા ઢોર જેમાં ગાય, વાછરડા, આખલા-ખુટીયાને વાહનમાં ભરી ગૌશાળામાં રાખવામાં આવે પરંતુ તેથી સામાન્ય પ્રજાને આ ત્રાસમાંથી મુકતી મળતી નથી ત્યારે આ બાબતે નીચે મુજબનાં સુચનો અંગે યોગ્યવિચારણા કરવા અને ત્વરીત નિર્ણય લેવા જણાવેલ છે.

સુચનો

રખડતા ઢોરથી થતા અકસ્માતો જોવામાં આવે તો તે મુખ્યત્વે આ અકસ્માતો આખલા-ખુટીયા લડતા હોય અને ઓચિંતા રોડ ઉપર આવે અને અકસ્માત થાય અથવા ગાયોની પાછળ આખલા-ખુટીયા દોડતા હોય અને તેનાથી બચવા ગાય દોડી રોઢ ઉપર આવી જાય તો સામાન્ય પ્રજાને અકસ્માત થાય. અકસ્માતનાં બનાવોની ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવે કે જોવામાં આવે તે રખડતા ઢોરના ત્રાસ આખલા-ખુટીયાનાં કારણે થતા હોય છે. આવા બનાવો બનતા અટકાવવા માટે જો પ્રથમ તબકકે દરેક શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં કે જયાં રખડતા ઢોર રહે છે તે જગ્યાએથી સામુહીક ઢોર પકડવાને બદલે ગાયો વચ્ચે રહેતા આખલા-ખુટીયાને પકડી લઈ જવામાં આવે તો તેઓને ગૌશાળમાં રાખવામાં આવે તો આખલા-ખુટીયાથી થતા અકસ્માતો અટકાવી શકાય. જે માલધારીઓ ગાય ઢોર રાખતા હોય છે તેમાં જો કોઈ વાછરો જન્મે થોડા સમય પછી વાછરાને રસ્તા ઉપર મુકી દેતા હોય છે. આ વાછરો મોટો થતા આખલા-ખુટીયો બને છે તે બાબતે સુચન છે કે રખડતા ઢોર સાથે ફરતા નાના વાછરા કે જે ગાયનું દૂધ પીતા ન હોય તેવાને પકડી લઈ તેઓની શસ્ત્રક્રિયા (ખસી) કરાવી બળદ બનાવવામાં આવે અને ગૌશાળામાંથી આવા શસ્ત્રક્રિયા (ખસી) કરેલ વાછરાઓ ખેડૂતને ખેતી કામમાં ઉપયોગી થાય તેવા જરૂરીયાતમંદ ખેડૂતોને વ્યાજબી કિંમતે અથવા વગર કિંમતે આપવામાં આવે તો તે વાછરડા મોટા થઈ આખલા-ખુટીયા અકસ્માત કરે તે નિવારી શકાય અને ખેડૂતો તેમનો બળદ તરીકે ઉપયોગ કરી શકે અને છાણ મુત્રથી પ્રાકૃતિક ખેતી પણ થઈ શકે. આખલા-ખુટીયા વાછરડા તમામ જગ્યાએથી પકડાઈ ગયા બાદ જે વિસ્તાર માં રખડતા ઢોર ગાયો હોય તેઓનાં માલીકની તપાસ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી શકાય અથવા તેવો ઢોરને પકડી કાયદેસર કાર્યવાહી કરી શકાય.

સામાન્ય રીતે જે અકસ્માતો આખલા-ખુટીયાથી થાય છે રખડતા ઢોરમાં ગાયને બદનામ કરવામાં આવે છે. તે પ્રશ્નનો નિકાલ લઈ શકે અને સામાન્ય પ્રજાને રખડતા ઢોરનાં ત્રાસમાંથી તાત્કાલી રાહત આપવા અંતમાં જણાવેલ છે.

ખંભાળિયામાં પોલીસ તંત્ર દ્વારા જરૂરિયાતમંદ લોકો માટે લોન મેળો યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા. ૧૦

ખંભાળિયા સહિત સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા બેફામ વ્યાજ વસૂલ કરતા તત્વો સામે કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે. આ વચ્ચે નાના અને સીમાંત લોકો તથા વેપારીઓને સહાયભૂત થવા ખંભાળિયામાં પોલીસ તંત્ર દ્વારા લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ખંભાળિયામાં પોરબંદર રોડ ઉપર આવેલા નગરપાલિકાના ટાઉનહોલ ખાતે બુધવારે સવારે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયના વડપણ હેઠળ યોજવામાં આવેલા લોન મેળામાં લીડ બેંક સ્ટાફ તેમજ નગરપાલિકા પ્રોજેક્ટ મેનેજર, જિલ્લા ઉદ્યોગ વિભાગ વિગેરેની ખાસ ઉપસ્થિતિમાં લોન મેળો યોજવામાં આવ્યો હતો.

આ લોન મેળામાં મોટી સંખ્યામાં ગરીબ તથા જરૂરિયાતમંદ લોકોએ લોન અંગેની માહિતી મેળવી, જરૂરી પ્રક્રિયા જાણી હતી. રાજય સરકાર દ્વારા વ્યાજખોરી ડામવાના હેતુસાથે લોકો વ્યાજબી દરથી સરકાર કે બેંક પાસેથી લોન મેળવી શકે છે, તે અંગે લોકોને માહિતગાર કરી અને લોન અપાવવા માટે પોલીસતંત્ર દ્વારા સેતુ રૂપ કામગીરી કરવામાં આવતી હોવાનું જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા જણાવાયું છે. આ આયોજનમાં ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ, પી.આઈ. કે.કે. ગોહિલ, ડી.એમ. ઝાલા સહિતના અધિકારીઓ સાથે રહ્યા હતા.

સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના એડિશ્નલ જજ તરીકે એડવોકેટ વિક્ટોરિયા ગૌરીની નિમણૂંકનો વિરોધ કરતી અરજી ફગાવી દીધી

નવી દિલ્હી તા.૧૦

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં મદ્રાસ હાઈકોર્ટના વધારાના જજ તરીકે એલ. વિકટોરિયા ગૌરીની નિમણૂંકને પડકારતી અરજીઓને ફગાવી દીધી હતી. ન્યાયાધીશ સંજીવ ખન્ના અને બી.આર. ગવઈની બેંચે કહ્યું કે, તે એવું માની ન શકે કે કોલેજિયમ ગૌરીની રાજકીય પૃષ્ઠભૂમિ અથવા તેના વિવાદાસ્પદ નિવેદનોથી વાકેફ ન હતું. ખંડપીઠે કહ્યું કે, તે આ તબક્કે યોગ્યતાના પ્રશ્નમાં જઈ શકતી નથી. અરજદારે પાત્રતાના આધારે ન્યાયાધીશની નિમણૂંક અટકાવવાની સર્વોચ્ચ અદાલતનું ઉદાહરણ ટાંક્યું હતું. આ સુનાવણી ચાલી રહી હતી ત્યારે ગૌરીએ મદ્રાસ હાઈકોર્ટના વધારાના જજ તરીકે શપથ લીધા હતા. ખંડપીઠે ધ્યાન દોર્યું હતું કે તેણીને ફક્ત વધારાના જજ તરીકે નિયુક્ત કરવામાં આવી રહી છે અને એવા કિસ્સાઓ છે કે, જ્યાં વ્યક્તિઓની પુષ્ટિ કરવામાં આવી નથી, તે સૂચવે છે કે, પુષ્ટિના તબક્કે કોલેજિયમ દ્વારા યોગ્યતાના પ્રશ્ન ઉપર પછીથી વિચારણા કરવામાં આવી શકે છે. ખંડપીઠ મદ્રાસ હાઈકોર્ટના વકીલો દ્વારા દાખલ કરાયેલી બે અરજીઓની સુનાવણી કરી રહી હતી, જેમણે ગૌરીની હાઈકોર્ટના ન્યાયાધીશ બનવાની લાયકાતને આ આધાર ઉપર પડકારી હતી કે તેણીએ ધાર્મિક લઘુમતીઓ વિરૂદ્ધ દ્વેષપૂર્ણ ભાષણો કર્યા છે. ગૌરીની કબૂલાત મુજબ, તે ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચાના મહાસચિવ છે. જીઝ કોલેજિયમે ૧૭ જાન્યુઆરીએ તેના નામની ભલામણ કર્યા પછી, તેના દ્વારા સાંપ્રદાયિકતા ઉપર કરવામાં આવેલા કેટલાક વિવાદાસ્પદ લેખો અને નિવેદનો જાહેરમાં આવ્યા હતા. આ સામગ્રીનો ઉલ્લેખ કરીને અરજદારોએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. સુનાવણી દરમ્યાન વરિષ્ઠ વકીલ રાજુ રામચંદ્રને રજૂઆત કરી હતી કે તેમનો પડકાર ગૌરીની રાજકીય પૃષ્ઠભૂમિ પર આધારિત નથી. તેના બદલે તેમની ચિંતા તેમના લેખોમાં 'અપ્રિય ભાષણ'ના સંદર્ભમાં છે. જો કે, જસ્ટિસ ખન્નાએ કહ્યું કે, ગૌરીની નિમણૂંકના સંદર્ભમાં મુદ્દો પાત્રતાનો નથી પરંતુ યોગ્યતાનો છે. પાત્રતા માટે પડકાર હોઈ શકે છે. પરંતુ અદાલતોએ યોગ્યતામાં ન આવવું જોઈએ નહીં. તેમણે એ પણ નિર્દેશ કર્યો કે કોર્ટ, કોલેજિયમને તેના નિર્ણય ઉપર પુર્નઃવિચાર કરવા માટે નિર્દેશ આપી શકે નહીં. કોલેજિયમે આ બાબતોને ધ્યાનમાં લીધી નથી તેવું માનવું યોગ્ય ન હોઈ શકે. જો કે, રામચંદ્રને દલીલ કરી હતી કે બંધારણની કલમ ૨૧૭ હેઠળ પાત્રતાની શરતો છે. તેમની સામગ્રી એક માનસિકતા દર્શાવે છે, જે બંધારણ સાથે સુસંગત નથી, જે અનુચ્છેદ ૨૧ની વિરૂદ્ધ છે કારણ કે, તે સમાન ન્યાય આર્ટિકલ ૨૧નો ભાગ છે. શપથ કહે છે કે, ન્યાયાધીશે બંધારણમાં સાચો વિશ્વાસ રાખવો જોઈએ, આ વ્યક્તિના જાહેર ઉચ્ચારણોને કારણે તે શપથ લેવા માટે અયોગ્ય છે. ન્યાયાધીશ ખન્નાએ નિર્દેશ કર્યો કે આ સામગ્રી ૨૦૧૮ના ભાષણોની છે. એવું નથી કે કોલેજિયમ પાસે તેની માહિતી ન હતી. જો કે, રામચંદ્રને જવાબ આપ્યો કે એવું માની શકાય નહીં કે દરેક જજ જાહેર ડોમેનમાં દરેક ટ્વિટ વાંચે છે. તેમણે ગઈકાલે ભારતના મુખ્ય ન્યાયાધીશ દ્વારા કરવામાં આવેલા નિવેદન તરફ ધ્યાન દોર્યું હતું કે કોલેજિયમે ગૌરી વિશેની ફરિયાદો અંગે સંજ્ઞાન લીધું છે. તેમણે કહ્યું કે, ૧૭ જાન્યુઆરીએ કોલેજિયમે ભલામણ કરી છે.

આ હકીકતો ૧ ફેબ્રુઆરીએ જાહેરમાં આવી છે અને એક રજૂઆત મોકલવામાં આવે છે. કોલેજિયમે સંજ્ઞાન લીધું છે તે હકીકત વચગાળાની રાહત માટેની અમારી વિનંતીને વધુ મજબૂત બનાવે છે. આ શપથ ગ્રહણ ન થવું જોઈએ જયારે સીજે આઈએ કહ્યું છે કે, કોલેજિયમ હજી પણ તેની તપાસ કરી રહ્યું છે. જોતેને સ્ટે આપવામાં આવે તો તે કોલેજિયમના સન્માનમાં રહેશે. જસ્ટિસ ખન્નાએ કહ્યું કે, કોર્ટ ન્યાયિક રીતે કોલેજિયમને તેની ભલામણ ઉપર પુર્નઃવિચાર કરવા માટે નિર્દેશ આપે તે અયોગ્ય છે. રામચંદ્રને જવાબ આપ્યો કે તેમની વિનંતી કોલેજિયમને રિટ પસાર કરવાની નથી પરંતુ કોલેજિયમના સંજ્ઞાનની નોંધ લેવા અને યોગ્ય આદેશ પસાર કરવાની છે. જો કે, જસ્ટિસ ગવઈએ જવાબ આપ્યો કે કોર્ટ માત્ર અનુમાન ઉપર કામ કરી શકે નહીં. તામિલનાડુમાંથી બે કન્સલ્ટી જજ છે અને પ્રક્રિયા હાઈકોર્ટમાંથી શરૂ થાય છે. શું આપણે ધારી શકીએ કે તેઓ તેમનાથી વાકેફ નથી ? ત્યારબાદ ગ્રોવરે દલીલ કરી હતી કે કોલેજિયમ સરકારના ઈનપુટ્સ અનુસાર તેનો અભિપ્રાય આપે છે.

લગભગ ૨૦ મિનિટ સુધી આ મામલાની સુનાવણી કર્યા બાદ બેન્ચે આ કેસને ફગાવી દીધો હતો. ન્યાયાધીશ ખન્નાએ કહ્યું, અમે આ રિટ અરજીઓ ઉપર ધ્યાન આપી રહ્યા નથી. આ મામલાની સુનાવણી પહેલા સુપ્રીમ કોર્ટમાં ભારે ડ્રામા થયો હતો. અરજદારોના વકીલોએ વહેલી સુનાવણીની માંગ કરી હતી કારણ કે, મદ્રાસ હાઈકોર્ટમાં શપથ ગ્રહણ સમારોહ સવારે ૧૦:૩૫ વાગ્યે હતો. જસ્ટિસ સંજીવ ખન્ના અને એમ.એમ. સુંદરેશની બેંચ સમક્ષ આ અરજીઓ મૂળ આઈટમ નં.૩૮ તરીકે સૂચિબદ્ધ હતી. વકીલોને જાણ કરવામાં આવી હતી કે આ કેસની સુનાવણી સવારે ૯:૧૫ વાગ્યે પ્રથમ કોર્ટ (CJIની બેંચ)માં થશે. વકીલો ત્યાં ભેગા થતાં, ત્રણ ખુરશીઓ સાથેની બેન્ચ ગોઠવવામાં આવી હતી, જે સૂચવે છે કે તેની સુનાવણી ૩ જજની બેન્ચ કરશે. લગભગ ૩૦ મિનિટ રાહ જોયા બાદ વકીલોને કહેવામાં આવ્યું કે, જસ્ટિસ ખન્ના અને બી.આર. ગવઈની વિશેષ બેંચ સમક્ષ સુનાવણી કોર્ટ ૭મા થશે. બાદમાં સ્પેશિયલ બેન્ચ સવારે ૧૦:૩૦ કલાકે આ મામલાની સુનાવણી કરશે એવી માહિતી આપતા એક યાદી પ્રકાશિત કરવામાં આવી હતી. બેન્ચે નિર્ધારિત સમય કરતાં પાંચ મિનિટ વહેલી સવારે ૧૦:૨૫ વાગ્યે સુનાવણી શરૂ કરી હતી. જયારે આ સુનાવણી ચાલી રહી હતી, ત્યારે ગૌરીએ શપથ લીધા હતા. ગઈકાલે, જયારે વરિષ્ઠ વકીલ રાજુ રામચંદ્રને આ બાબતની તાત્કાલિક સૂચિની માંગ કરી હતી, ત્યારે CJI ચંદ્રચૂડે ખુલાસો કર્યો હતો કે સુપ્રીમ કોર્ટના કોલેજિયમે ગોરી વિશેની ફરિયાદોની નોંધ લીધી છે, જે ભલામણ કરવામાં આવ્યા પછી તેના ધ્યાન ઉપર આવી હતી. એડવોકેટ્સ અન્ના મેથ્યુસ, સુધારામલિંગમ અને ડી. નાગસિલા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ પિટિશનમાં બંધારણની કલમ ૨૧૭ના હેતુઓ માટે અસરકારક પરામર્શના અભાવે ગૌરી વિશેની ભલામણને ગેરબંધારણીય ગણાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અરજદારો એ પણ કહે છે કે, ગૌરીને લઘુમતીઓ સામેના તેના પૂર્વગ્રહોને કારણે ન્યાયાધીશ તરીકે નિમણૂક માટે અયોગ્ય ઠેરવવામાં આવવી જોઈએ. જે વ્યક્તિ તેમના ધર્મના આધારે લોકોના વર્ગો સામે ભેદભાવ ધરાવે છે તે ન્યાયી અને નિષ્પક્ષ ન્યાય આપી શકે નહીં, જે બંધારણનું મૂળભૂત માળખું

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

કાયદાનાં શાસનની સાથે લોકતંત્રને સંચાલિત કરવું મુશ્કેલ બનશે

દિલ્હીની એક અદાલતે ડિસેમ્બર ૨૦૧૯માં જામિયા મિલ્લિયા ઇસ્લામિયાની આસપાસ નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ થયેલ ભીષણ હિંસામાં આરોપી ૧૧ લોકોને જે રીતે આરોપમુક્ત કરી દીધા, તેનાથઈ ક્ટેલાય પ્રશ્નો ઊભા થયા છે. આ પ્રશ્નોના જવાબ મળવા જરૂરી છે, કારણ કે અદાલત એ નિષ્કર્ષ પર પહોંચી છે કે પોલીસ હિંસાના અસલી કાવતરાખોરોને પકડવામાં અસફળ રહી. દિલ્હી પોલીસે કાં તો અદાલતના ચુકાદાને પડકારવો જોઈએ અથવા તો એ જણાવવું જોઈએ કે તે અપરાધીઓ સુધી પહોંચવામાં નિષ્ફળ કેમ રહી? એ સ્વીકાર ન કરી શકાય કે દિલ્હી પોલીસ અદાલતના ચુકાદાનો સ્વીકાર કરી લે અને હિંસાના ગુનેગારોની તપાસ ન આદરે. જો એવું કંઈ થશે તો હિંસાના દોષીતોનું દુસ્સાહસ હજુ પણ વધશે. એની અવગણના ન કરી શકાય કે નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ હિંસાની શરૂઆત જામિયા મિલ્લિયા ઇસ્લામિયાની આસપાસથી જ થઈ હતી. આ હિંસા દિલ્હી જ નહીં, દેશને પણ ધ્રુજાવનારી હતી. ત્યારબાદ દિલ્હીની સાથે દેશના અન્ય વિસ્તારોમાં પણ હિંસા ફાટી નીકળી હતી. અદાલતે આરોપમુક્ત કરવામાં આવેલા લોકોને જે રીતે બલિનો બકરો ગણાવતાં અસહમતિને પ્રોત્સાહિત કરવાની વાત કરી, તે ગળે ઉતરે તેવી નથી. એટલા માટે, કારણ કે એ કોઈથી છૂપું નથી કે નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ હિંસા અસહમતિ વ્યક્ત કરવાના બહાને કરવામાં આવી હતી અને એ દરમ્યાન ભારે આગચંપી અને તોડફોડ કરવામાં આવી હતી.

જો આગચંપી, તોડફોડ અને દરેક પ્રકારની અરાજકતાને પણ અસહમતિના આવરણમાં ઢાંકી દેવામાં આવશે તો કાયદાના શાસનની સાથે લોકતંત્રને પણ સંચાલિત કરવું મુશ્કેલ બની જશે. જામિયા મિલ્લિયા ઇસ્લામિયા હિંસા મામલે અદાલત ભલે દિલ્હી પોલીસના નિષ્કર્ષોથી વિપરીત પહોંચી હોય, પરંતુ એ એક તથ્ય છે કે નાગરિકતા સંશોધન કાયદાના વિરોધ માટે જે ભડકાઉ નિવેદનબાજી કરવામાં આવી હતી, તેણે જ હિંસાનું વાતાવરણ પેદા કર્યું હતું. આ વાત દીવા જેવી સ્પષ્ટ છે અને કોઈ નાનું બાળક પણ તેને સમજી શકે. સ્પષ્ટ છેકે અરાજકતા ફેલાવનારા કોઈપણ કૃત્યને અસહમતિની સંજ્ઞા ન આપી દેવાય. આવું થશે તો અરાજકતાને ખુલ્લી છૂટ મળવા લાગશે. આવું પહેલી વાર નથી થયું કે અરાજકતાના કેસમાં કોઈ અદાલતે પોલીસની ફરિયાદને ફગાવી દીધી હોય. આ પ્રકારના કિસ્સા હવે બનતા જ રહે છે. કેટલીય વાર આવા કિસ્સા ચોંકાવનારા પણ હોય છે. એવા મામલે એમ કહી દેવાથી કામ ચાલવાનું નથી કે પોલીસની કાર્યપ્રણાલીમાં સુધારની જરૂર છે. નિઃસંદેહ તેની જરૂરિયાત છે અને તેને સતત અનુભવી પણ શકાય છે, પરંતુ તેની સાથે અસહમતિના અધિકારની નવેસરથી વ્યાખ્યા કરવાની પણ તાતી જરૂર છે. હાલમાં તો એવું લાગે છે કે તપાસ એજન્સીઓ અને અદાલતો અસહમતિને અલગ-અલગ રીતે જુએ અને પરિભાષિત કરે છે. કદાચ એ જ કારણ છે કે અસહમતિના નામે દરેક પ્રકારની અરાજકતા જોવા મળી રહી છે.

આપણા વિચારોને રચનાત્મક બનાવવા જોઈએ

આપણી અંદર હંમશાં બે શક્તિઓ એકબીજા સાથે સંઘર્ષ કરતી રહે છે. એક શક્તિ આપણને એ કાર્યો માટે કહે છે, જે આપણે ન કરવાં જોઈએ અને બીજી એ કઠિન પ્રતીત થનારાં કાર્યો તરફ પ્રેરિત કરે છે, જે કરવાં જોઈએ. એક બુરાઈનો અવાજ છે અને બીજો ભલાઈનો. કોઈ ખરાબ આદતને દૂર કરવા માટે દરેક એ વાતની ઉપેક્ષા કરવી જોઈએ, જેને કારણે તે ઉત્પ્રેરિત થઈ છે. પોતાના મનને કોઈ સારી આદત તરફ વાળવું જોઈએ. ત્યાં સુધી, જ્યાં સુધી તે તમારા વ્યક્તિત્વનું એક વિશ્વસનીય અંગ ન બની જાય. ખરાબ આદતો અંતહીન ભૌતિક ઇચ્છાઓના વૃક્ષનું પોષણ કરે છે, જ્યારે સારી આદતો આધ્યાત્મિક આકાંક્ષાઓના વૃક્ષનું પોષણ કરે છે. જો તમારી માનસિક દશા સામાન્ય રીતે નકારાત્મક રહેતી હોય તો ક્યારેક આવનારા સકારાત્મક વિચાર સફળતા અપાવવા માટે પૂરતા નથી હોતા. પરંતુ જ્યારે તમારી વિચાર પ્રણાલી ઠીકઠાક હોય તો ભલે અંધકાર તમને ઘેરી વળતો હોય તેવું લાગે, નકારાત્મક વિચારો આવે, પરંતુ તમારા લ-યને ચોક્કસ પ્રાપ્ત કરી લેશો. દરેક વસ્તુનું સર્જન મન દ્વારા થાય છે. તેથી આપણે તેને ફક્ત શુભ સર્જન માટે જ નિર્દેશિત કરવું જોઈએ.

ઇચ્છાશક્તિને ક્રિયાત્મક બનાવવા માટે ત્રણ ઉપાયો છે. પહેલો, તમે એક સાધારણ કે એવાં કામ પસંદ કરો જેને તમે ક્યારેય કર્યા નથી અને તેમાં સફળતા મેળવવાનો દૃઢ નિશ્ચય કરો. બીજો, એક ઉદ્દેશ્ય પર જ એકાગ્ર રહો અને તમામ યોગ્યતાઓ અને અવસરોનો પ્રયોગ તેની પૂર્તિ માટે કરો. ત્રીજો, તમારે આશ્વસ્ત રહેવું જોઈએ કે તમે જે કામ પસંદ કર્યું છે તે રચનાત્મક અને વ્યાવહારિક છે. પછી અસફળતાના વિચારને સદાય માટે છોડી દો. સ્પષ્ટ છે કે આપણે જેવા વિચાર બનાવીએ છીએ, એવી જ આપણને સફળતા કે અસફળતા પ્રાપ્ત થાય છે. તેથી આપણા વિચારનો સુદૃઢ, રચનાત્મક તથા વ્યાવહારિક બનાવવાની કોશિશ કરવી જોઈએ.

ભારતીય નેવીએ રચ્યો ઈતિહાસ, વિક્રાંત પર લેન્ડ થયું તેજસ

મેડ ઈન ઈન્ડિયા એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંત ઉપર તેજસ ફાયટર એરક્રાફ્ટનું પ્રથમ લેન્ડિંગ

નવીદિલ્હી,તા.૧૦

તેજસ ફાયટર એરક્રાફ્ટે મેડ ઈન ઈન્ડિયા એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંત પર પ્રથમ લેન્ડિંગ કર્યું. ભારતીય નૌકાદળના ઈતિહાસમાં આ પ્રથમ વખત થયું છે. તેજસ વિમાન પણ ભારતમાં જ તૈયાર થયું છે. લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટનો નેવી માટે પ્રોટોટાઈપ સોમવારે એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંત પર લોન્ચ કરવામાં આવ્યો હતો, જેમાં સશસ્ત્ર દળોએ સંરક્ષણ ઉત્પાદનમાં ભારતની આત્મનિર્ભરતા માટે ઐતિહાસિક સિદ્ધી ગણાવી. અધિકારીઓએ જણાવ્યું કે આ સિવાય રશિયન બનાવટના મિગ-૨૯ એરક્રાફ્ટને પણ ભારતના પ્રથમ સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંત પર લેન્ડ કરવામાં આવ્યું હતું. INS વિક્રાંતથી LCAનું સફળ ટેક-ઓફ અને લેન્ડિંગ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)ના વિકાસ અને નૌકાદળ માટે મહત્વાકાંક્ષી ટ્વીન-એન્જિન 'ડેક' આધારિત લડાકુ વિમાનના ઉત્પાદનનો માર્ગ મોકળો કરવા માટે તૈયાર છે. એક સંક્ષિપ્ત નિવેદનમાં, નેવીએ જણાવ્યું કે, "નેવીના પાયલોટ્સે INS વિક્રાંત પર LCAના લેન્ડિંગ સાથે, ભારતીય નેવીએ આત્મનિર્ભર ભારત તરફ એક ઐતિહાસિક ઉપ્લબદ્ધી પ્રાપ્ત કરી છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે એલસીએને INS વિક્રાંત પર લેન્ડ કરવાથી સ્વદેશી ફાઈટર એરક્રાફ્ટ સાથે એરક્રાફ્ટ કેરિયર્સની સ્વદેશી ડિઝાઈન, વિકાસ અને ઉત્પાદન કરવાની ભારતની ક્ષમતા દર્શાવી છે, ગત વર્ષે સપ્ટેમ્બરમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતના પ્રથમ સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંતને નેવીને સોંપ્યું હતું.

ચેટજીપીટી આવ્યું છે ત્યારથી ગૂગલનું ટેન્શન વધી ગયું

એક સવાલનો સાચો જવાબ ન શોધી શકતા ગુગલને નુકશાન

આલ્ફાબેટના શેર ૮ ટકા સુધી ગગડી ગયા હતા જેના લીધે કંપનીની માર્કેટ કેપને ૧૦૦ બિલિયન ડોલરનું નુકસાન

નવી દિલ્હી, તા. ૧૦

જ્યારથી ચેટજીપીટી આવ્યુંછે ત્યારથી ગૂગલનુંટેન્શન વધી ગયું છે. આ દરમિયાન જ તેણે કદાચ ઉતાવળે તેની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સર્વિસ બીએઆરડી લોન્ચ કરી દીધી. ગૂગલ અનેક રીતો અજમાવવા લાગી છે અને દુનિયાને આશ્વાસન આપવાનો પ્રયાસ કરી રહી છે કે તેનાથી શ્રેષ્ઠ તો કોઈ છે જ નહીં. તેમ છતાં દુનિયાની સૌથી મોટી ટેક કંપની પૈકી એક ગૂગલ એક સવાલનો સાચો જવાબ શોધી શકી નહીં. જેના લીધે તેનું મોટું નુકસાન થયું.

તાજેતરના મામલા અનુસાર ગૂગલે તેના નવા એઆઈ બોટને બતાવવા માટે ડિજાઈન કરેલી એક એડમાં રજૂ કર્યો તો તેમાં જણાયું કે તે એક સવાલનો ખોટો જવાબ આપે છે. આ એડ જાહેરમાં આવ્યા બાદ ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટના શેરમાં મોટો કડાકો બોલાઈ ગયો હતો. માહિતી અનુસાર આલ્ફાબેટના શેર લગભગ ૮ ટકા સુધી ગગડી ગયા હતા જેના લીધે કંપનીની માર્કેટ કેપને ૧૦૦ બિલિયન ડોલરનું નુકસાન થયું હતું.

બીએઆરડી નામના બોટના પ્રમોશન માટે સોમવારે ટ્વિટર પર જારી કરાયેલી એડમાં બોટને સવાલ કરાયો હતો કે હું ૯ વર્ષના બાળકને જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપની કઈ નવી રિસર્ચ કે સંશોધન વિશે જણાવી શકું છું? ત્યારે બીએઆરડી તરફથી જવાબ આવ્યો કે આ ટેલિસ્કોપ પૃથ્વીના સૌરમંડળની બહાર કોઈ ગ્રહની તસવીરો લેનારું પ્રથમ ટેલિસ્કોપ હતું. જોકે આ જવાબ ખોટો હતો.

બીએઆરડી દ્વારા આપવામાં આવેલો જવાબ ખોટો હતો. ખરેખર તો ૨૦૦૪માં યુરોપિયન વેરી લાર્જ ટેલિસ્કોપ દ્વારા પૃથ્વીના સૌરમંડળની બહાર કોઈ ગ્રહની સૌથી પહેલા લેવામાં આવી હતી. આ ભૂલને એસ્ટ્રોનોમર્સે પકડી પાડી હતી. ન્યૂકેસલ યુનિવર્સિટીના એક ફેલો ક્રિસ હેરિસને ટ્વિટનો જવાબ આપ્યો કે તમારે આ ઉદાહરણને શેર કરતા પહેલાં તથ્યો ચકાસી લેવાની જરૂર હતી. આ ભૂલ રોયટર્સે પણ પકડી હતી. તેણે પણ જણાવ્યું કે ૨૦૦૪માયુરોપિયન એડવાન્સ ટેલિસ્કોપ દ્વારા સ્પેસના એક્સોપ્લેનેટ્સ સદર્ન ઓબ્ઝર્વેટરીના સોલર સિસ્ટમની બહારના ગ્રહોની તસવીરો લેવાઈ હતી. એક્સોપ્લેનેટને ૨એમ૧૨૦૭બી પણ કહેવાય છે. ગૂગલના પ્રવક્તાએ કહ્યું કે એરર એક કઠોર ટેસ્ટિંગ પ્રોસેસના મહત્વને ઉજાગર કરે છે. અમે આ સમાહે ટેસ્ટિંગ ટેસ્ટર્સ પ્રોગ્રામ સાથે તે શરુ કરી રહ્યા છીએ. અમે તમામપ્રકારની ખામીઓને દૂર કરવા માટે ઈન્ટરનલ ટેસ્ટિંગને એક્સટનરલ ફીડબેક સાથે જોડી દઈશું જેથી રિયલ વર્લ્ડ ઈન્ફર્મેશનમાં ક્વોલિટી, સેફ્ટી વગેરેનાતમામ હાઈબાર્સનેપૂરાં કરી શકીએ. આ એક ચેટબોટ સેવા છે, જે ચેટજીપીટી જેવી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર આધારિત છે. જોકે હજુ સુધી બીએઆરડીને લોન્ચ કરવામાં આવ્યું નથી. પરંતુ કંપનીએ તે કેવી રીતે કામ કરે છે અને તેના ફીચર્સ વિશે કેટલીક માહિતી આપી છે. મળતી માહિતી મુજબ, બીએઆરડી લાએમડીએ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું છે. તે લાએમડીએઅનેગુગલનાપોતાના કન્વર્સેશનલ છૅં ચેટબોટ પર આધારિત છે. તેને સીઈઓ સુંદર પિચાઈએ "પ્રાયોગિક સંવાદ છૅં સેવા" એટલે કે, એક્સપેરિમેન્ટલ કન્વર્સેશનલ તરીકેઓળખાવ્યુંછે, જેને ગુગલ આગામી અઠવાડિયામાં પરીક્ષકો માટે ખોલશે, અને બીએઆરડી પરીક્ષણ પછી વધુ લોકો માટે વ્યાપકપણેઉપલબ્ધ કરાવાશે.

એટીએસે પીએફઆઈના પાંચની ધરપકડ કરી હતી

પીએફઆઈએ ૨૦૪૭ સુધીમાં ભારતને ઈસ્લામિક સ્ટેટ બનાવવાનો પ્લાન ઘડ્યો હતો

ચાર્જશીટમાં અનુસાર આરોપી મઝહર મન્સૂર ખાનના મોબાઈલાંથી રોડમેપનો ડ્રાફ્ટ બુકલેટ નામે ફાઈલ મળી

મુંબઈ, તા. ૧૦

મહારાષ્ટ્ર એટીએસએ સપ્ટેમ્બર ૨૦૨૨માં પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા(પીએફઆઈ)ના ૫ આરોપીઓની ધરપકડ કરી હતી જેના પછી એ મામલે હવે ચાર્જશીટ ફાઈલ કરાઈ હતી.

એટીએસની એ ચાર્જશીટમાં ચોંકાવનારા દાવા કરાયા છે. ચાર્જશીટ અનુસાર આરોપીઓ પાસે એવો ડેટા મળી આવ્યો છે જેમાં ૨૦૪૭ સુધીમાં ભારતને ઈસ્લામિક સ્ટેટ બનાવવાનો પ્લાન ઘડવામાં આવ્યો છે.

આ ચાર્જશીટમાં જણાવાયું છે કે જ્યારે આરોપી મઝહર મન્સૂર ખાનની ધરપકડ કરાઈ તો તેના મોબાઈલથી ૨૦૪૭ સુધી ભારતને ઈસ્લામિક સ્ટેટ બનાવવાના રોડમેપનો ડ્રાફ્ટ બુકલેટ નામે એક ફાઈલ મળી હતી. તેમાં લખ્યું હતું કે ઈન્ડિયા ૨૦૪૭ ભારતમાં ઈસ્લામિક શાસન તરફ, આંતરિક દસ્તાવેજ પ્રચલન માટે નહીં. આ પીડીએફ ફાઈલ ૭ પાનાની હતી. જેમાં લખ્યું હતું કે ભારતમાં ખાસ કરીને લક્ષદ્વીપ અને જમ્મુ-કાશ્મીરના ૮ જિલ્લામાં ૭૦ ટકા મુસ્લિમ વસતી છે. ભારતમાં બીજા ક્રમે મુસ્લિમોની વસતી છે. તેના હિસાબે ૨૦૪૭માં આંકડો ૧૦૦ટકા થઈ જશે. જેના બાદ ૨૦૪૭માં ભારતને મુસ્લિમ રાષ્ટ્ર જાહેર કરાશે.

કાયમી ધોરણે OBC કમિશન મામલે હાઈકોર્ટે સરકારની ઝાટકણી કાઢી, જવાબ રજૂ કરવા આદેશ

અમદાવાદ તા. ૧૦

રાજયમાં કાયમી ધોરણે ઓબીસી કમિશન મામલે ગુજરાત હાઈકોર્ટે સરકારની ઝાટકણી કાઢી છે. નિવૃત્ત જજની નિમણુંકને કમિશનની રચના ન ગણાય તેવી ટકોર કરી છે અને ૨ માર્ચ સુધીમાં જવાબ રજૂ કરવા સરકારને આદેશ કર્યો છે.

રાજયમાં કાયમી ધોરણે ઓબીસી કમિશનની નિમણૂકની માંગ સાથે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન કરવામાં આવી હતી. આ અરજી પર હાઈકોર્ટમાં આજે સુનાવણી ચાલી હતી. જેમાં રાજય સરકાર પરિપત્રના આધારે કમિશનના વડાની નિમણૂંક કરે તે પુરંતુ નહીં હોવાની હાઈકોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી. જેમાં હાઈકોર્ટે સરકારની ઝાટકણી કાઢી હતી. હાઈકોર્ટે સરકારને પૂછ્યું હતું કે શા માટે કાયમી ઓબીસી કમિશનની સ્થાપના નથી થઈ તેવા કોર્ટે સવાલ ઉઠાવ્યો હતો. નિવૃત્ત જજની અપોઈન્ટમેન્ટ એ કમિશનની રચના ના ગણાય તેવી હાઈકોર્ટે સરકારને ટકોર કરી હતી.

ડરના કારણે નિર્વસ્ત્ર થઈને ફરે છે સ્ત્રીઓ

પીણી ગામમાં એક પણ મહિલા નથી પહેરતી કપડા



નવી દિલ્હી, તા.૧૦

આ દુનિયા બહુ મોટી છે અને અહીંના દરેક ખૂણામાં લોકોની પોત-પોતાની પરંપરાઓ અને રિવાજ છે. અમુક રિવાજ તો આપણી આજૂબાજૂના જ હોય છે, જ્યારે અમુક પરંપરા અને રિવાજો એવા પણ હોય છે જેને સાંભળીને દંગ રહી જવાય. આપ મોટા ભાગે આવી પરંપરાઓનું પાલન કરતા મહિલાઓને જોઈ હશે. આફ્રીકન જનજાતિય મહિલાઓમાં પુરુષોનો માર ખાવો અને કપડા પહેરવાનો રિવાજ હોતો નથી. આપને જાણીને નવાઈ લાગશે કે, ફક્ત અંતરિયાળ વિસ્તારમાં જનજાતિયમાં જ નહીં પણ આપણા દેશમાં પણ આવી પરંપરા જોવા મળે છે, જે મહિલાઓના અસ્તિત્વના હાનિ પહોંચાડે છે. મહિલાઓના કપડાને લઈને આજ સુધી વિવાદ થતા રહે છે, પણ આપને જાણીને નવાઈ લાગશે કે, આપણા દેશમાં પણ એક ગામ એવું છે, જ્યાં મહિલાઓ કેટલાય દિવસો સુધી કપડા પહેર્યા વિના રહે છે. રુઢિવાદી પરંપરાઓના નામ પર મહિલાઓને તમામ એવી વસ્તુઓનું પાલન કરવું પડે છે, જેને તે ભાગ્યે જ દિલથી સ્વિકારતી હશે. એક આવી જ પરંપરા હિમાચલ પ્રદેશમાં આવેલા મણિકર્ણ ઘાટીમાં સદીઓથી ચાલી આવે છે. પીણી ગામમાં રહેતી મહિલાઓને વર્ષમાં ૫ દિવસ સુધી કપડા પહેર્યા વિના રહેવું પડે છે. આ પરંપરા શ્રાવણ મહિનામાં નિભાવામાં આવે છે અને તેની પાછળ એક રોચક ઈતિહાસ પણ છે. જો કે, આ ૫ દિવસમાં મહિલાઓ પુરુષોની સામે નથી આવતી અને ઘરની અંદર જ બંધ રહે છે અને હસતી પણ નથી. માન્યતા છે કે, સદીઓ પહેલા એક રાક્ષસ હતો, જે ગામમાં સજીધજીને ફરતી પરણેલી મહિલાઓને ઉઠાવીને લઈ જતો હતો. જે પણ મહિલા સુંદર કપડા પહેરતી, તેને તે લઈ જતો હતો. અને તેની સાથે અત્યાચાર કરતો હતો. આખરે દેવતાઓએ રાક્ષસો વધા કરીને મહિલાઓને બચાવી હતી. ત્યાર બાદથી આ પરંપરા ચાલી રહી છે.માન્યતા છે કે, સદીઓ પહેલા એક રાક્ષસ હતો, જે ગામમાં સજીધજીને ફરતી પરણેલી મહિલાઓને ઉઠાવીને લઈ જતો હતો જો કોઈ મહિલા તેને નિભાવતી નથી, તો તેને અશુભ માનવામાં આવે છે. જો કે, હવે સમયની સાથે પરંપરામાં પણ થોડા ફેરફાર આવ્યો છે. મહિલાઓ પાતળા કપડા પહેરવા લાગી છે, જેને તે પાંચ દિવસ સુધી પહેરી રાખે છે.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સંતોષથી મોટું કોઈ સુખ નથી.

- વેદવ્યાસજી

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.શહેરેવર-૧૩૯૨, મુ. રજબ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, મહા વદ-૪, તા.૧૦ ફેબ્રુઆરી ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૧૮, હસ્ત નક્ષત્ર, ધૃતિ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૨૯, સૂ.અ.૬:૪૨

આજનો દિવસ સવારે ૭:૫૮ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: અગત્યની કામગીરીમાં સફળતા મળે. અકારણ ખર્ચના ભોગ બનવું પડે.
વૃષભ: પુરૂષાર્થનું શુભ ફળ પામી શકો. વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે.
મિથુન: તમારી આશાઓ ફળતી લાગે. નાણાંકીય વ્યવહાર જળવાઈ રહે.
કર્ક: આવેલ તકનો સદ્ ઉપયોગ કરી લેજો. યાત્રા-મુસાફરી થાય.
સિંહ: આર્થિક પ્રશ્નોનો ઉકેલ લાવી શકો. આરોગ્ય અંગે કાળજી રાખવી.
કન્યા: મિત્રોની મદદ મળી રહે. અણધાર્યો ધન લાભ થાય. ધીરજ રાખવી હિતાવહ.
તુલા: સંતાન વર્ગથી લાભ થાય. નવું નાણાંકીય રોકાણ ન કરવું.
વૃશ્ચિક: જીવનસાથીથી લાભ રહે. કાર્યક્ષેત્રમાં અણધાર્યો લાભ મળે.
ધન: હિતશત્રુઓથી સાવચેત રહેવું. તમારા પ્રયત્નો દિપી ઉઠે. સામાજિક કાર્યમાં સફળતા મળે.
મકર: પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ. મધ્યમ દિવસ વ્યતિત થાય.
કુંભ: મહત્વના સંબંધો અણધાર્યો લાભ આપી જાય.
મીન: મનની મૂંઝવણ દૂર થાય. આનંદમય દિવસ પસાર થાય.

જૂનાગઢના યુવાનને મુંબઈ ખાતે મહારાષ્ટ્ર રત્નનો પુરસ્કાર એનાયત કરાયો

જૂનાગઢ તા. ૧૦

પ્રિયેશ અશ્વીનકુમાર જોબનપુત્રા (બી.ઈ. (બોમ્બે યુનિ.) એમબીએ) મુળ જૂનાગઢના અને હાલ મુંબઈ થાણા રહેતા ઓલ્વીન એજયુ. ગ્રુપના એમડી તરીકે છેલ્લા ૧૩ વર્ષથી ફરજ બજાવી રહયા છે. ઓલ્વીન એજયુ. ગ્રુપ ફોરેન જવા ઈચ્છતા વિદ્યાર્થીઓને ફી માં માર્ગદર્શન, એડમીશન વગેરે પ્રવૃત્તિ કરે છે. તેઓને IEMS એપ્રુવ્ડ બાય ACTD USA મહારાષ્ટ્ર રત્નનો પુરસ્કાર એનાયત કરવામાં આવેલ છે. ઓલ્વીન ગ્રુપ મહારાષ્ટ્ર, ગુજરાત, સૌરાષ્ટ્ર તથા રાજસ્થાનમાં કાર્યરત છે. અને ફોરેન આગળ અભ્યાસ અર્થે ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ, પીએચડી વગેરે માટે ફોરેન જવા ઈચ્છતા વિદ્યાર્થીઓને ફી માર્ગદર્શન અને માહિતી માટે મો.૯૯૨૦૭ ૧૮૨૬૯, ૭૬૨૨૦ ૨૫૨૭૧ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

સુપ્રીમ કોર્ટે હલ્દવાનીમાં રેલવેને પુર્નઃવસન સમાધાન ઉપર કામ કરવા માટે આઠ અઠવાડિયાનો સમય આપ્યો

નવી દિલ્હી, તા. ૧૦

સુપ્રીમ કોર્ટે મંગળવારે હલ્દવાનીમાં રેલવે દ્વારા દાવો કરાયેલી જમીનમાંથી કબજેદારોને હટાવવાના ઉત્તરાખંડ હાઈકોર્ટના આદેશને પડકારનારી અરજીઓ ઉપર રાજ્યતથા અધિકારીઓનેઅન્ય બાબતો સાથે-સાથે કબજો ધરાવનારાના પુર્નઃ વસન માટે સમાધાન કાઢવા માટે આઠ અઠવાડિયાનો સમય આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ગત સુનાવણીમાં હાઈકોર્ટના આદેશ ઉપર રોક લગાવતાં એડિશનલ સોલિસીટર જનરલ ઐશ્વર્યા ભાટીને જણાવ્યું હતું કે, પુર્નઃ વસનના પાસાને જોવાની સાથે-સાથે રેલવેને જમીન કઈ રીતે અપાવી શકાય તેના ઉપર વિચારણા કરવી જોઈએ. અદાલતે આદેશમાં નોંધ્યું કે, અમે એડિશનલ સોલિસીટર જનરલને કહ્યું છે કે, આવી કોઈ કાર્યપ્રણાલી હોઈ શકે કે,જેનાથી રેલવેને ઉપલબ્ધ કરાવનારી જમીનના ઉદેશ્યને પ્રાપ્ત કરવાની સાથે-સાથે વિસ્તારમાં રહેતા લોકોના પુર્નઃ વસનનું પણ ધ્યાન રાખવામાં આવે. કોર્ટે કહ્યું કે, રાજ્ય અને રેલવેને વ્યવહારિક સમાધાન શોધવા કહેવાયું છે. જસ્ટિસ ઓકે ભારપૂર્વક કહ્યું કે, કોઈ માર્ગ કાઢો, આ માનવીય બાબત છે. જસ્ટિસ કૌલે રાજ્યને કહ્યું કે, ઉત્તરાખંડ રાજ્યએ વ્યવહારિક સમાધાન શોધવું પડશે. જસ્ટિસ એસકે કૌલ અને જસ્ટિસ મનોજ મિશ્રાએ ભાટીના અનુરોધ ઉપર સોમવારે આદેશમાં જણાવ્યું કે, એડિશનલ સોલિસીટર જનરલે કહ્યું છે કે, છેલ્લી તારીખ અનુસાર સમાધાન શોધવા માટે આઠ અઠવાડિયાનો સમય આપવામાં આવે. તેમના અનુરોધને સ્વીકાર કરવામાં આવે છે. સિનિયર એડવોકેટ કોલિન ગોન્ઝાલ્વિસે સંકેત આપ્યો કે, હલ્દવાનીમાં સમસ્યા કૃત્રિમ રીતે ઉપજાવી કઢાઈ છે અનેજો પક્ષોના વકીલો એકસાથે બેસીને વિચાર-વિમર્શ કરશે તો સમસ્યા વહેલી ઉકેલાશે. જસ્ટિસ કૌલે આ દૃષ્ટિકોણને પ્રોત્સાહન આપ્યું અને બારના સિનિયર સભ્યના રૂપમાં પ્રક્રિયા શરૂ કરવા જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, હાઈકોર્ટના આદેશના આધારે સંબંધિત અધિકારીઓએ ૪૦૦૦થી વધુ પરિવારોને મકાન ખાલી કરવા માટે નોટિસ પાઠવી દીધી હતી જેઓ દાવો કરે છે કે, સરકારી અધિકારીઓ દ્વારા પ્રમાણિત કાયદેસરના દસ્તાવેજોના આધારે તેઓ વર્ષોથી આ વિસ્તારમાં રહે છે.જ્યારેઆ બાબત સુપ્રીમ કોર્ટ સમક્ષ આવી ત્યારે તેણેઉત્તરાખંડ રાજ્ય અને રેલવેને નોટિસ જારી કરીહતીઅને હાઈકોર્ટના આદેશ ઉપર રોક લગાવી હતી.

દેશના પશ્ચિમ ભાગમાં છૂટાછવાયાથી ભારે વરસાદ અને હિમવર્ષાની સંભાવના

ગુલમર્ગમાં ૧૩ ઈંચથી વધુ બરફ પડ્યો અને જમ્મુ-કાશ્મીરના અન્ય ભાગોમાં સતત વરસાદ પડ્યો હતો

નવી દિલ્હી, તા.૧૦

આગામી કેટલાક દિવસો દરમ્યાન દેશના પશ્ચિમી ક્ષેત્રના ઘણા ભાગોમાં વરસાદ પડી શકે છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ૮ થી ૧૦ ફેબ્રુઆરીની વચ્ચે દેશના પશ્ચિમ ભાગમાં છૂટાછવાયાથી ભારે વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. જ્યારે જમ્મુ, કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશના ઘણા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા થશે. ગુલમર્ગમાં ૧૩ ઈંચ (૩૫ સેમી) થી વધુ બરફ પડ્યો હતો અને જમ્મુ અને કાશ્મીરના અન્ય ભાગોમાં સતત વરસાદ પડ્યો હતો. આઈએમડીએ તેના હવામાન બુલેટિનમાં જણાવ્યું છે કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવ હેઠળ આગામી ૨૪ કલાક દરમ્યાન પશ્ચિમ હિમાલયના વિસ્તારોમાં ભારે વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. આઈએમડીના જણાવ્યા પ્રમાણે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ૮ ફેબ્રુઆરીની રાતથી પશ્ચિમ હિમાલયન ક્ષેત્રને અસર કરે તેવી શક્યતા છે. તેની અસરને કારણે ૮ ફેબ્રુઆરીથી ૧૦ ફેબ્રુઆરી દરમ્યાન પશ્ચિમ હિમાલય વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આ વિસ્તારમાં વાવાઝોડા અને વીજળી પડવાની આગાહી કરવામાં આવી છે. કાશ્મીર ઘાટીમાં ભારે વરસાદ અને હિમવર્ષા થવાની પણ સંભાવના છે. હવામાનવિભાગે અરૂણાચલપ્રદેશ, આસામ અનેમેઘાલયના વિવિધ ભાગોમાં વીજળી અને કરા સાથે વાવાઝોડાની આગાહી કરી છે. આ વચ્ચે આગામી ૪૮ કલાક દરમ્યાન ઉત્તર પશ્ચિમ ભારતના ઘણા ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો અને ત્યારબાદ ૨ થી ૪ ડીગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના છે. આગામી ત્રણ દિવસ દરમ્યાન મધ્ય ભારતના ઘણા ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થવાની શક્યતા નથી.

કેવી રીતે ભારત રશિયન તેલને પશ્ચિમના બળતણમાં ફેરવી રહ્યું છે ?

નવી દિલ્હી, તા.૧૦

ભારત વૈશ્વિક તેલ બજારોમાં વધુને વધુ મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે, વધુને વધુ સસ્તું રશિયન તેલ ખરીદી રહ્યું છે અને તે યુરોપ અને અમેરિકાના પ્રતિબંધો વચ્ચે ઉત્પાદનોની નિકાસ કરીને બજારમાં મુખ્ય કેન્દ્ર બની ગયું છે. નવી દિલ્હીને જાહેર નુકસાનનો સામનો કરવો પડ્યો નથી કારણ કે ભારત તેલના પુરવઠાના અટકાવવા અને મોસ્કોની ઊર્જા આવકમાં ઘટાડો કરવાના પશ્ચિમના પ્રયત્નોને નિષ્ફળ બનાવી રહ્યું છે. અને યુરોપના પ્રતિબંધો વધતા, ભારત વૈશ્વિક તેલના નકશામાંવધુ કેન્દ્રિય બનવા જઈ રહ્યું છે. વોશિંગ્ટન થિંક ટેન્ક સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝના વરિષ્ઠ ફેલો બેન કાહિલે જણાવ્યું હતું કે, યુએસ ટ્રેઝરી અધિકારીઓના બે મુખ્ય ધ્યેયો છેઃ બજારને સારી રીતે પુરવઠો પૂરો પાડવો અને રશિયાને તેલની આવકથી વંચિત રાખવું. તેઓ જાણે છે કે ભારતીય અને ચાઈનીઝ રિફાઈનર્સ ડિસ્કાઉન્ટેડ રશિયન ક્રૂડ ખરીદીને અને બજાર કિંમતો ઉપર ઉત્પાદનોની નિકાસ કરીને મોટું માર્જિન કમાઈ શકે છે. ડેટા ઈન્ટેલિજન્સ ફર્મના જણાવ્યા અનુસાર, ભારતે ગયા મહિને ન્યુયોર્કમાં લગભગ ૮૯,૦૦૦ બેરલ પેટ્રોલ અને ડીઝલ મોકલ્યા હતા, જે લગભગ ચાર વર્ષમાં સૌથી વધુછે. યુરોપમાંદૈનિકલો-સલ્ફર ડીઝલનો પ્રવાહ જાન્યુઆરીમાં ૧,૭૨,૦૦૦ બેરલ હતો, જે ઓક્ટોબર ૨૦૨૧ પછી સૌથી વધુ છે. રવિવારથી રશિયન પેટ્રોલિયમ નિકાસ ઉપર યુરોપિયન યુનિયનના નવા પ્રતિબંધો લાગુ થયા બાદ ભારતનું મહત્વ વધવાની અપેક્ષા છે. તેના લીધે સસ્તા રશિયન તેલને ભારત વધુ ખરીદી કરશે જે તેની લગભગ ૮૫% ક્રૂડ જરૂરિયાતોને પહોંચી વળવા આયાત ઉપર આધાર રાખે છે. સ્થાનિક માંગને પહોંચી વળવા માટે જવાબદાર સરકારી પ્રોસેસર્સસહિત તેના રિફાઈનર્સે ઊંચા આંતરરાષ્ટ્રીય ભાવોમાંથી નફો મેળવવા માટે ગયા વર્ષે નિકાસમાં વધારો કર્યો હતો. ING Groep NV ખાતે સિંગાપોર સ્થિત કોમોડિટી વ્યૂહરચના વડા વોરેન પેટરસને જણાવ્યું હતું કે, ભારત શુદ્ધ ઉત્પાદનનો ચોખ્ખો નિકાસકાર છે અને વર્તમાન સમયમાં આમાંથી ઘણું બધું પશ્ચિમમાં જશે. તે સ્પષ્ટ છે કે આ પ્રોડક્ટ માટેવપરાતા ફીડસ્ટોકનો વધતો હિસ્સો રશિયામાંથી આવે છે. EU માર્ગદર્શિકા હેઠળ, ભારત સંભવતઃ નિયમોની અંદર કામ કરી રહ્યું છે. જ્યારે ભારત જેવા બ્લોકની બહારના દેશમાં રશિયન ક્રૂડને ઈંધણમાં પ્રોસેસ કરવામાંઆવેછે, ત્યારેરિફાઈન્ડ ઉત્પાદનોને EUમાં પહોંચાડી શકાય છે કારણ કે તે રશિયન મૂળના હોવાનું માનવામાં આવતું નથી. સાત દેશોના જૂથ મોસ્કોની આવકમાં શક્ય તેટલો ઘટાડો કરવા આતુર છે, પરંતુ તેઓ એ સુનિશ્ચિત કરવામાંપણ રસધરાવે છે કે વૈશ્વિક પુરવઠાની તંગીને ટાળવા માટે રશિયાના તેલ અને શુદ્ધઉત્પાદનોનોપ્રવાહ ચાલુરહે. કેમલિનની આવકમાં ઘટાડો કરવા અને બજારમાં ઓછું તેલ રાખવા માટેની પદ્ધતિનું મુખ્ય પાસું રશિયન ક્રૂડની કિંમતની મર્યાદા છે. ભારતે જાહેરમાં કહ્યું નથી કે તે રાષ્ટ્ર મર્યાદાનું પાલન કરે છે કે નથી કરતું, પરંતુ પ્રતિબંધોને કારણે OPEC+ ઉત્પાદક પાસેથી તેલ $60 પ્રતિ બેરલ કેપથી નીચે આવ્યુંછે. યુએસ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના પ્રવકતાએ જણાવ્યું હતું કે કેમલિનની આવકને મર્યાદિત કરતી વખતે ભારત સહિતના દેશો ઊર્જાબજારોને સ્થિર રાખવા માટે લાભ લઈ શકે તે માટે કિંમતની મર્યાદા મૂકવામાંઆવી છે. સઉદી અરેબિયા, યુનાઈટેડ આરબ અમીરાત, યુએસ અને અબુધાબી નેશનલ ઓઈલ કંપની સહિતના દેશો અને કંપનીઓના અધિકારીઓ અને અધિકારીઓ સોમવારે બેંગ્લોરમાં ભારતના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય સાથે આયોજિત ત્રણ દિવસીય ઊર્જા ફોરમ માટે ભેગા થઈ રહ્યા છે.

સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં ભારતનું આકરૂ વલણ

જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનો સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશ ભારતનો અભિન્ન ભાગ હતો, છે અને રહેશે

પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં ફરી એકવાર કાશ્મીર મુદ્દો ઉઠાવ્યો હતો, જે બાદ ભારતે તેને જડબાતોડ જવાબ આપ્યો

વોશિંગ્ટન, તા.૧૦

હાલમાં પાકિસ્તાન પોતાના અસ્તિત્વ માટેનીલડાઈ લડીરહ્યું છે અનેભયાનક આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. તેમ છતાં પાકિસ્તાન કાશ્મીર ઉપર નજર ટકાવી બેઠું છે. પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં ફરી એકવાર કાશ્મીર મુદ્દો ઉઠાવ્યો હતો. જે બાદ ભારતે તેને જડબાતોડ જવાબ આપ્યો હતો. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિએ કહ્યું કેપાકિસ્તાનના પ્રતિનિધિ ગમે તે કહે અથવા માને, જમ્મુકાશ્મીર અને લદ્દાખનો સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશ ભારતનો અભિન્ન ભાગ હતો, છે અને રહેશે. ભારતીય પ્રતિનિધિએ કહ્યું કે, અમને પાકિસ્તાની પ્રતિનિધિમંડળ પાસેથી કોઈ પણ જાતની અપેક્ષા નથી. ભારતની બિન સાંપ્રદાયિકતાની ઓળખાણ અને મૂલ્યો સામે તેમને તકલીફ થઈ રહી છે. અને તે ભારતના મૂળ પાયા વિરૂધ્ધનફરતની આગ ફૂંકી રહ્યું છે. ગયા વર્ષે નવેમ્બરમાં પણ પાકિસ્તાને કાશ્મીર મુદ્દે ભારતનેઘેરવાનો નિષ્ફળપ્રયાસ કર્યો હતો, ત્યારે પણ ભારતના પ્રતિનિધિએ પાકિસ્તાનના પ્રચારનો જડબાતોડ જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાનના હતાશાથી ભર્યા પ્રયાસો અને બહુપક્ષીય મંચોનો દુરૂપયોગ કરવાની ખરાબર આદત સહાનુભૂતિ મેળવવાનો પ્રયત્ન છે.

મહારાષ્ટ્ર પાંચ વર્ષમાં મુંબઈ અને સેટેલાઈટ ટાઉનને ૨૫૦ બિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાની યોજના બનાવી રહ્યું છે

મુંબઈ, તા.૧૦

મહારાષ્ટ્રને ટ્રિલિયન-ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાના લક્ષ્યના ભાગરૂપે, એકનાથ શિંદેની આગેવાની હેઠળની રાજ્ય સરકાર મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર) બનાવવાનું લક્ષ્ય ધરાવે છે, જેમાં શહેર અને તેની સેટેલાઈટ વસાહતોનો સમાવેશ થાય છે, જે આગામી ૫ વર્ષના સમયમાં $250 બિલિયનની અર્થવ્યવસ્થા બનશે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (MMRDA) જે મુંબઈ મેટ્રોપોલિટન પ્રદેશના વિકાસ માટેની સરકારી એજન્સી છે. તે આ વિસ્તારની અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે વિગતવાર પ્રોજેક્ટ પ્રસ્તાવ તૈયાર કરવા માટે બિડ જારી કરી રહી છે, આ ઓથોરિટીના કમિશનર એસવીઆર શ્રીનિવાસે ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે તેનો હેતુ મુંબઈના સેટેલાઈટ નગરોને શહેરની નજીક લાવવા પરિવહન માળખાગતપ્રોજેક્ટના લાભોનો ઉપયોગ કરવાનો છે. ભારત ૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થાનું લક્ષ્ય જોઈ રહ્યું છે. મહારાષ્ટ્ર ૧ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થાના લક્ષ્યને જોઈ રહ્યું છે અને તેનો મોટો હિસ્સો સ્સ્ઈમાંથી આવશે. MMRDAનાબિડ દસ્તાવેજો અનુસાર, MMR પ્રદેશની ગ્રોસડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) હાલમાં લગભગ $140 બિલિયન છે. તેની માથાદીઠ જીડીપી $4,500 મહારાષ્ટ્ર કરતાં લગભગ બમણી છે. એમએમઆરડીએના અંદાજ મુજબ, મહારાષ્ટ્રના જીડીપીમાં એમએમઆરનો હિસ્સો લગભગ ત્રીજા ભાગનો છે અને રાષ્ટ્રીય જીડીપીમાં મહારાષ્ટ્રનો ફાળો લગભગ ૧૦ ટકા છે. MMRDA અનુસાર ૬,૩૨૮ ચોરસ-કિમીના MMRમાં નવ મ્યુનિસિપલ કોર્પોરેશન, નવ મ્યુનિસિપલ કાઉન્સિલ, એક નગર પંચાયત અને એક હજારથી વધુ ગામોનો સમાવેશ થાય છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ તેની વસ્તી ૨.૩૫ કરોડ છે. શ્રીનિવાસે કહ્યું કે અત્યાર સુધી, એમએમઆર માટે જીડીપીનો મોટો ભાગ મુંબઈમાંથી આવી રહ્યો છે. પરંતુ, મોટા પરિવહન માળખાકીય પ્રોજેક્ટ્સ સાથે, ખાસ કરીને સિવરી-ન્હાવાશેવા મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક, તે સમગ્ર પ્રદેશ માટે આર્થિક પ્રવૃત્તિના મુખ્ય હબ તરીકે સ્થાન આપવાની એક શ્રેષ્ઠ તક છે. તે વિકાસની તકો માટે ખોલશે, અને આ લાભો દરેકને પ્રાપ્ત થશે. પરંતુ, લોકોમાટે વધુ કામોકરવા માટેના ફાયદાઓનો ઉપયોગ કરવા માટે તૈયાર રહેવું જોઈએ. તે માત્ર એમએમઆરના જીડીપીને વધારવા માટે જ નહીં પણ જીડીપીમાં જનતાના હિસ્સાને આગળ વધારવા માટે પણ છે. ૨૨ કિમીની સેવરી-ન્હાવાશેવા ટ્રાન્સ-હાર્બર લિંક, જે આ વર્ષે ડિસેમ્બર સુધીમાં ખોલવામાં આવે તેવી શક્યતા છે, તે દેશની સૌથી લાંબી દરિયાઈ લિંક હોવાનું માનવામાં આવેછે, જેટાપુશહેર મુંબઈઅને મુખ્ય ભૂમિ વચ્ચેનું અંતર ઘટાડે છે. આ ઉપરાંત, નિર્માણાધીન નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પણ એરપોર્ટ સાઈટની આસપાસના સ્સ્ઈ નગરોમાં વિકાસનેવેગ આપે તેવી શક્યતા છે. હાર્બર લિન્ક એરપોર્ટ માટે ચાવીરૂપ કનેક્ટર હશે. એમએમઆરડીએ વિરારથી અલીબાગ સુધી ૧૨૬-કિમીના મલ્ટિ-મોડલ કોરિડોરનું નિર્માણ કરવાનું પણ આયોજન કરી રહ્યું છે જે એમએમઆરના લગભગ દરેક મહત્વપૂર્ણ શહેરને જોડશે. MMRની અંદર કનેક્ટિવિટી વધારવા અનેમુંબઈના સેટેલાઈટ નગરોની શહેર સાથેની કનેક્ટિવિટી વધારવા માટે મેટ્રો રેલ લાઈનની પણ યોજના છે. શ્રીનિવાસે જણાવ્યું હતું કે MMRDA આ મુખ્ય પરિવહન કોરિડોરની નજીક વૃદ્ધિ કેન્દ્રો બનાવવા માંગે છે અને આગળની યોજના બનાવવા માટેનોરોડમેપ તેમાં મદદ કરશે. તેથી, સલાહકારો પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવી રહી છે. એમએમઆરડીએ ઓછામાંઓછા પાંચ વૈશ્વિક કેસ સ્ટડીઝના મોડલ આધારિત શરૂઆત કરવાની યોજના ધરાવે છે જયાં શહેરોમાં સ્થિર અર્થવ્યવસ્થા, સસ્તું જાહેર પરિવહન, રિયલ એસ્ટેટ, સારી ગુણવત્તાની મૂળભૂત સામાજિક અનેઆરોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રોજેક્ટ વિકાસના મજબૂત સ્તોતો હશે. ડેવલપમેન્ટ ઓથોરિટી એમએમઆરમાં વધુ વિદેશી સીધા રોકાણને આકર્ષવા માટે એકવ્યૂહરચના પણ ઘડી રહી છે, જેનો ઉદ્દેશ્ય આ શહેરી વિસ્તારમાં વિદેશી રોકાણ લાવવાનો છે. MMR પાસે પહેલેથી જ થાણે, ભિવંડી અને તલોજા જેવા ઔદ્યોગિક અને લોજિસ્ટિક્સ હબ્સ છે, તેતમામ માળખાકીય પ્રોજેક્ટ્સ પૂર્ણ થઈ ગયા પછી એકબીજા સાથે અને મુંબઈ સાથે વધુ સારી રીતે જોડાયેલા રહેશે. શ્રીનિવાસે જણાવ્યું હતું કે એમએમઆરમાં ફેલાયેલા આ ત્રણ મુખ્ય ઘટકોને જોડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે, શ્રમ બજારો, કોમોડિટી બજારો અને કાચો માલ. MMRDAના બિડ દસ્તાવેજો અનુસાર, સલાહકારોએ ભારત અને સ્સ્ઈમાં તેમનો આધાર સ્થાપિત કરવા માંગતા એક હજારથી વધુ વૈશ્વિક કંપનીઓ માટે કસ્ટમાઈઝ કરવા યોગ્ય યોજનાઓ અનેદેશ્ય વિશ્લેષણ વિકસાવવાની પણ જરૂર છે.

હેટ ક્રાઈમ બાબતે સુપ્રીમ સખત : 'નાગરિકોનું રક્ષણ રાજ્યની પ્રાથમિક ફરજ, તેમાં કોઈ સમાધાન નહીં'

નફરતી ભાષણોની સામે જ્યારે સખત રીતે પગલાં લેવાશે ત્યારે જ દાખલો બેસશે, આવી બાબતોને આપણા જીવનમાંથી જડમૂળથી દૂર કરવી પડશે : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.૧૦

સુપ્રીમકોર્ટે કહ્યું છે કે,ભારત જેવા ધર્મનિરપેક્ષ દેશમાં નફરતી અપરાધ માટે કોઈ જગ્યા નથી અને તેના નાગરિકોને આવા ગુનાઓથી બચાવવા રાજયની પ્રાથમિક ફરજ છે તેમ સમાચાર એજન્સી પીટીઆઈએ જણાવ્યું હતું. જસ્ટિસ કે.એમ. જોસેફ અને જસ્ટિસ બી.વી. નાગરત્નાની બે જજની બેંચે કહ્યું હતું કે, 'અપ્રિય ભાષણ ઉપર કોઈ પણ પ્રકારનું સમાધાન થઈ શકતું નથી' જ્યારે ઉમેર્યું કે જ્યારે રાજય આવા ગુનાઓનેસ્વીકારે ત્યારે જ ઉકેલ શોધી શકાય છે. કોર્ટે કહ્યું કે, 'જ્યારે દ્વેષપૂર્ણ ગુનાઓ સામે પગલાં લેવામાં આવતાં નથી ત્યારે એવું વાતાવરણ ઊભું કરવામાં આવે છે જે ખૂબ જ ખતરનાક છે અને તેને આપણા જીવનમાંથી જડમૂળથી દૂર કરવું પડશે. અપ્રિય ભાષણ ઉપર કોઈ સમાધાન થઈ શકે નહીં.'

કોર્ટના અવલોકનો તાજેતરમાં એક મુસ્લિમ વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી દરમ્યાન આવ્યા હતા જેમણે આરોપ મૂક્યો હતો કે કેટલાક 'સ્કુડ્રાઈવર ગેંગ' દ્વારા તેના ધર્મના નામે તેના પર હુમલો કરવામાં આવ્યો હતો અને દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો જ્યારે તે કારમાં ૪ જુલાઈ, ૨૦૨૧ના રોજ નોઈડાથી અલીગઢ જવા માટે નીકળી રહ્યો હતો. તેણે આરોપ મૂક્યો હતો કે સંપર્ક કર્યો હોવા છતાં પોલીસે ફરિયાદ નોંધવાની તસ્દી લીધી ન હતી. આ તબક્કે બેન્ચે ઉત્તરપ્રદેશ તરફથી હાજર થયેલા એડિશનલ સોલિસિટર જનરલ કે.એમ. નટરાજને કહ્યું, 'જો કોઈ વ્યક્તિ પોલીસ પાસે આવીને કહે કે મેં ટોપી પહેરી હતી અને મારી દાઢી ખેંચાઈ હતી અને ધર્મના નામે મારપીટ કરવામાં આવી હતી અને તેમ છતાં કોઈ ફરિયાદ નોંધાઈ નથી તો તે એક મોટી સમસ્યા છે.' બેંચે પછી આગળ કહ્યું, 'શું તમે સ્વીકારશો નહીં કે ત્યાં નફરતી ગુનો છે અને તમે તેને છેક નીચેથી સાફ કરશો ? અમે કંઈ પ્રતિકૂળ કહી રહ્યા નથી. અમે ફક્ત અમારી વેદના વ્યકત કરીએ છીએ, આ બધુ જ છે.' અરજદારના વકીલ, હુઝેફા અહમદીએ બેંચના ધ્યાન ઉપર લાવ્યા કે સર્વોચ્ચ અદાલતે ૧૩ જાન્યુઆરીએઉત્તરપ્રદેશ પોલીસ પાસેથી કેસ ડાયરી માંગી હતી, જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે, ઘટનાના બે વર્ષ પછી એફઆઈઆર નોંધવામાં આવી હતી અને તે પણ એક સિવાયના તમામજામીનપાત્ર ગુનાઓસાથે હતી. રાજય સરકારના વકીલ નટરાજે સ્વીકાર્યું કે અધિકારીઓની ભૂલો હતી અને કોર્ટને જાણ કરી હતી કે એસીપી રેન્કના અધિકારીની આગેવાની હેઠળ એક તપાસ ટીમની રચના કરવામાંઆવી હતી અનેદોષિત અધિકારીઓ સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. નટરાજને સંબોધતા બેન્ચે કહ્યું, 'તમે એક ઉદાહરણ બેસાડો અને આવા લોકોને ફરજમાં બેદરકારીનું પરિણામ ભોગવવા દો. જ્યારે તમે આવી ઘટનાઓ સામેપગલાં લેશો ત્યારે જ આપણે વિકસિત દેશોની બરાબરી ઉપર આવીશું. હા, ત્યાં સ્પષ્ટ ક્ષતિ રહી છે અને ભૂલ સ્વીકારવામાં કંઈ ખોટું નથી.' નટરાજે કોર્ટને જણાવ્યું કે, જ્યારે આ ઘટના ૪ જુલાઈ, ૨૦૨૧ના રોજ બની હતી, ત્યારે પીડિત નોઈડાના સેકટર ૩૭મા પોલીસ સ્ટેશન

ગયો હતા જ્યાં કોઈ વરિષ્ઠ અધિકારીઓ નહોતા અને તેથી કેસ નોંધી શકાયો ન હતો. તેણે વધુમાં જણાવ્યું કે, પીડિતા દિલ્હીના જામિયા નગરના અન્ય પોલીસ સ્ટેશનમાં ગયો હતો અને ત્યાંની પોલીસને કહ્યું હતું કે, તેની લૂંટ કરવામાં આવી હતી હુમલો કરવામાં આવ્યો હતો અને તેને ઈજાઓ થઈ હતી. પીડિતાએ ક્યાંય ઉલ્લેખ કર્યો ન હતો કે તે નફરતી અપરાધનો કેસ હતો અને ધર્મના નામે તેના ઉપર હુમલો અને દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો તેમ નટરાજે ઉમેર્યું. આના ઉપર જસ્ટિસ નાગરથત્નાએ કહ્યું, 'કોઈપણ સમયે પીડિતને અપમાનજનક ટિપ્પણી કરી શકાય નહીં. પીડિતે એવું ન બનાવવું જોઈએ કે તે ગુનાનો અપરાધી છે. ત્યારે જસ્ટિસ જોસેફે કહ્યું, 'લઘુમતીમાં હોય કે બહુમતીમાં, અમુક અધિકારો મનુષ્યમાં સહજ હોય છે. તમે એક કુટુંબમાં જન્મ્યા છો અને એકમાં ઉછર્યા છો. અમારી પાસે અમારા ધર્મ સામે કોઈ વિકલ્પ નથી, પરંતુ અમેએક રાષ્ટ્ર તરીકે અલગ છીએ. તે આપણા રાષ્ટ્રની સુંદરતા, મહાનતા છે. આપણે આ સમજવું પડશે.'

સોમનાથમાં મહા શિવરાત્રી પર્વે હરીઓમ સેવા મંડળ દર્શનાર્થીઓને ૧૨ વર્ષથી નિઃશુલ્ક ફરાળ આહાર કરાવે છે

રાજકોટનો એક પરિવાર વર્ષો પહેલા અમરનાથ યાત્રાએ ગયેલ અનેત્યાં યાત્રિકોને ભોજન કરાવતા ભંડારા જોઈ સોમનાથમાં શિવરાત્રીએ એવું કરવાની પ્રેરણા મળી

(મિનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)

પ્રભાસપાટણ તા. ૧૦

સોમનાથ મહાશિવરાત્રી પર્વે ભગવાન સદાશિવના દર્શન-પૂજન અર્થે આવતા યાત્રિકો-દર્શનાર્થીઓને છેલ્લા ૧૨ વર્ષથી પ્રત્યેક મહાશિવરાત્રીએ હરીઓમ સેવા મંડળ ફરાળ આહાર ભોજન પ્રસાદી નિઃશુલ્ક ભાવભક્તિથી પીરસે છે.

સોમનાથના વેણેશ્વર સર્કલથી સોમનાથ જતા રસ્તે સોમનાથ સંસ્કૃત પાઠશાળા પરિસરમાં આ વર્ષે પણ ભંડારો યોજાશે. જેમાં ફરાળી ચેવડો, સુકી ભાજી, ટોપરા પાક, તળેલા મરચા, છાશ આ બધી વસ્તુઓ મીનરલ વોટરથી જ બનાવાય છે.

આમારા આ કાર્યમાં સૌ પરિવાર-સ્નેહીઓ તેમજ હરેશ જોષી (રાજકોટ), મિતેષ ત્રિવેદી (મુંબઈ), વિશાલ વ્યાસ (સુરત), સુનિલ રાવલ (અમદાવાદ) સહિત ૧૦૦ જેટલા સેવાભાવીઓ શિવભક્તિથી જોડાયેલા છે. વેરાવળના કેટરર્સ નવનીતભાઈ ઉપાધ્યાયનો તેમાં ખુબજ સહકાર મળે છે.

રાજકોટના હરીશ જોષી કહે છે કે, વર્ષો પહેલા અમે અમરનાથ યાત્રાએ ગયા હતા અને ત્યાં યાત્રિકો માટે ભોજન ભંડારા ચાલતા જોયા. એ જોઈ અમોને પણ આવી શિવ સેવા સોમનાથમાં થાય તેવી ભાવના જાગી. હું તે સમયે વેરાવળ રેલ્વે સ્ટેશનમાં ટીકીટ બુકીંગ કલાર્ક તરીકે નોકરી કરતો હતો જેથી આવું વિશાળ કામ મારા માટે શકય ન હતું જેથી હું અને મારા પત્ની દર શિવરાત્રીએ ચાનો મોટો જગ બનાવી સવારથી મોડી સાંજ સુધી સોમનાથ આવેલ દર્શનાર્થીઓને પીવડાવતા હતા. જોગાનુંજોગ મારા ભત્રીજાના લગ્ન પ્રસંગે કુટુંબ ભેગું થયું અને સોમનાથમાં ફરાળ ભંડારો ખોલવા વાત કરી જે સાહજીક રીતે સૌએ વધાવી લીધી અને તેનો અમલ દર શિવરાત્રીએ કરીએ છીએ અને આ કાર્યમાં અમારો પરિવાર, બ્રહ્મસમાજ અને શિવ ભકતોનો ખુબજ સહકાર-પ્રતિસાદ મળે છે.

ગુજરાતમાં ચાર વર્ષમાં PMKVY હેઠળ ૫૮,૪૩૦ લોકોને રોજગારી અપાઈ

રાજ્યસભાના સભ્ય પરિમલ નથવાણીને કૌશલ્યવિકાસ અને ઉદ્યોગ સાહસિકતા રાજ્યમંત્રીનો પ્રત્યુત્તર

અમદાવાદ તા. ૧૦

કેન્દ્ર સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયની યોજના પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (PMKVY) હેઠળ ગુજરાતમાં ૨૦૧૮-૧૯થી ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં કુલ ૫૮,૪૩૦ વ્યક્તિઓને રોજગારી આપવામાં આવી હતી. ગુજરાત રાજ્યમા PMKVY હેઠળ પ્રશિક્ષિત વ્યક્તિઓને સૌથી વધુ રોજગાર આપવાના મામલે ટોચના પાંચ ક્ષેત્રોમાં એપેરલ, લોજિસ્ટિક્સ, ઈલેક્ટ્રોનિક્સ અને હાર્ડવેર, આઇટી-આઇટીઇએસ તથા રિટેલ ક્ષેત્રનો સમાવેશ થાય છે. કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા રાજ્ય મંત્રીશ્રી રાજીવ ચંદ્રશેખરે ૮ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ રાજ્યસભામાં સંસદ સભ્ય શ્રી પરિમલ નથવાણી દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતાં આમાહિતી આપીહતી.

મંત્રીશ્રીના નિવેદન અનુસાર દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૦૧૮-૧૯થી ડિસેમ્બર ૨૦૨૨ સુધી કુલ ૧૭,૨૯,૩૮૯ લોકોને રુદ્રફરૂ હેઠળ રોજગારી આપવામાં આવી છે. ગુજરાતમાં PMKVY હેઠળ પ્રશિક્ષિત ૧૬,૩૪૮ લોકોને રોજગારી આપવા સાથે એપેરલ સેકટર (૫,૭૮૫) અને કૌશલ્ય વિકાસ માટેની પહેલના રિટેલ ક્ષેત્ર (૪,૨૨૨) આવે છે.

શ્રી નથવાણી કેન્દ્ર સરકારના કૌશલ્ય વિકાસ સંબંધિત વિવિધ કાર્યક્રમો અને યોજનાઓ તથા આઇટીઆઇ (૫,૭૮૫) અને કૌશલ્ય વિકાસ માટેની પહેલના તાલીમાર્થીઓ માટે રોજગારનું સર્જન કરતા ટોચના પાંચ ક્ષેત્રો સાથે આ કાર્યક્રમો દ્વારા આપવામાં આવતી રોજગારીની સંખ્યા વિશે જાણવા માગતા હતા.

સ્કિલ ઇન્ડિયા મિશન હેઠળ કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય વિવિધ યોજનાઓ હેઠળ દેશભરમાં કૌશલ્ય વિકાસકેન્દ્રો/સંસ્થાઓના વ્યાપક નેટવર્ક દ્વારા કૌશલ્યતાલીમ આપે છે, જેમકે પ્રધાન મંત્રી કૌશલ વિકાસ યોજના, જન શિક્ષણ સંસ્થાન, નેશનલ એપ્રેન્ટિસશીપ પ્રમોશન સ્કીમ અને ક્રાફ્ટસમેન ટ્રેનિંગ સ્કીમ જેવા કાર્યક્રમોનું ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITIs) દ્વારા સંચાલન કરવામાં આવે છે, તેમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે MSDEની યોજનાઓમાં PMKVY હેઠળ થનારા પ્લેસમેન્ટ પર ખાસ નજર રાખવામાં આવે છે.

SC/ST પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળને DDOએ આપી માન્યતા, ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરતો રાજકોટ જિલ્લો

રાજકોટ તા. ૧૦

રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ (SC/ST) માન્યતા બાબતે તારીખ ૦૬-૦૨-૨૦૨૩ના રોજ રાજકોટ જિલ્લા (અ.જા/અ.જ.જા) પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળને માન્યતા આપવામાં આવી છે. તારીખ ૦૮-૦૨-૨૦૨૩ના રોજ રાજકોટ જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી દ્વારા રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ (અ.જા/અ.જ.જા)ના પ્રમુખ હર્ષદભાઈ પારઘી અને મહામંત્રી જીતેંદ્ર કુમાર પ્રજ્ઞાવાનને માન્યતાનો પત્ર આપવામા આવ્યો છે. ત્યારબાદ રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી અને નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા પણ મંડળના આગેવાનોને માન્યતાનો લેટર સોંપી શુભેચ્છા આપવામાં આવી હતી. રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ દ્વારા ઉપરોક્ત ત્રણેય અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેઓને મિઠાઈ ખવડાવી અભિવાદન કરવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ (અ.જા/અ.જ.જા) માન્યતા પ્રાપ્ત થવાથી આ ઐતિસાહિક સિદ્ધિ હાંસલ કરી છે. રાજકોટ જિલ્લાનું આ રીતે પ્રથમ મંડળ બન્યું છે. તે બદલ રાજકોટ પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ તમામ ભાઈઓ બહેનોનો આભાર વ્યક્ત કરે છે. આ સાથ સહકાર આપવા બદલ તમામ અધિકારીઓ અને શિક્ષક ભાઈઓ બહેનોનો રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ (અ.જા/અ.જ.જા)ના પ્રમુખ હર્ષદભાઈ પારઘી અને મહામંત્રી જીતેંદ્ર કુમાર પ્રજ્ઞાવાન અને રાજકોટ ટીમ ખૂબ આભાર વ્યક્ત કરે છે. જેમનો મુખ્ય હેતુ બાળકોમાં શિક્ષણ અને સર્વાંગી વિકાસમાં સહયોગ આપવાનો રહેશે.

સુત્રાપાડા તાલુકામાં મહિલાઓને આપવામાં આવી હેન્ડીક્રાફટની ટ્રેનિંગ

ગીર સોમનાથ તા. ૧૦

ઉદય એજ્યુકેશન ટ્રસ્ટ મેંદરડા અને નાબાર્ડ દ્વારા સુત્રાપાડા તાલુકામાં મહિલાઓને હેન્ડીક્રાફટની ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ તકે કાર્યક્રમમાં ડીડીએમ નાબાર્ડ કિરન રાઉત, રાજેશ શાહ, ઉદય એજ્યુકેશન ટ્રસ્ટ પ્રેસિડન્ટ લલિતાબહેન પાનસુરિયા, બેંક ઓફ ઈન્ડિયાના કમલ ખંડેલવાલ, એફએલસીના જે.પરમાર તેમજ એનઆરએલએમના રાજેશ બારડ, પુંજાભાઈ સોલંકી તેમજ ટ્રેનર મનિષાબહેન ચાવડા ઉપસ્થિત રહ્યાં હતાં.

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન દ્વારા અનાદિ મુકતરાજ નારાયણભાઈનો શતાબ્દી મહોત્સવ ઉજવાશે

અમદાવાદ તા. ૧૦

શ્રી સ્વામિનારાયણ ભગવાન અને અનાદિ મુકતરાજ અબજીબાપાના કૃપાપાત્ર અને સ્વામિનારાયણ ડિવાઈન મિશનના અનાદિ મુકતરાજ નારાયણભાઈ ઠક્કરનો શતાબ્દી મહોત્સવ અમદાવાદના આંગણે, જીએમડીસી ગ્રાઉન્ડ, હેલમેટ ચાર રસ્તા, મેમનનગર ખાતે તા.૧૨-૨-૨૩થી તા.૧૬-૨-૨૩ સુધી પાંચ દિવસનો ભવ્યકાર્યક્રમ ઉજવાશે.

આ મહોત્સવમાં પોથીયાત્રા, પારાયણ, પ્રાગટય દિન આરતી, શોભાયાત્રા ઉપરાંત મુકતરાજ પૂ.નારાયણભાઈનું જીવન દર્શન, ફુલ્હાશ્રમ, નિલકંઠવર્ણી દર્શન, બાળનગરી જેવા આકર્ષણો પણ જોવા મળશે. તા.૧૫-૨-૨૩ના રોજ બ્લડ ડોનેશન કેમ્પ-મેડીકલ ચેકઅપ કેમ્પ પણ રાખવામાં આવેલ છે. પારાયણના મુખ્ય વકતાઓમાં એસજીવીપી છારોડીના પૂ.સદ્‌ગુરૂ માધવપ્રિયદાસજી સ્વામિ તથા જેતપુર સ્વામિનારાયણ મંદિરના મહંત નિલકંઠ ચરણદાસજી સ્વામિશ્રી મુખવાણી વચનામૃતની જ્ઞાનગંગા વહાવશે.

સ્વામિનારાયણ ડિવાઈન મિશન દ્વારા સામાજીક, ધાર્મિક કાર્યો કરતી સંસ્થા છે જે નિઃશુલ્ક સાર્વજનિક દવાખાનું અને વાંચનાલય ચલાવે છે. જરૂરીયાતમંદોને ફુડ પેકેટ, દવા, સ્કુલ ફી જેવી અનેક સહાયો પુરી પાડે છે.

બાપુ ગુજરાત નોલેજ વિલેજ ખાતે અલોમનાઈમીટ કાર્યક્રમ યોજાયો

અમદાવાદ તા. ૧૦

તા.૦૯/૦૨/૨૦૨૩ ગુરૂવારના દિવસે શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયૂટ ઓફ લો મા ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા અને ડાયરેકટ શ્રી રવિ કુમારના માર્ગદર્શન હેઠળ અલોમનાઈમીટનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા ચાલુ વર્ષ દરમ્યાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહ પૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. આ સાથે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા તેમના કોલેજ પ્રત્યેના અનુભવો અને મળેલ સફળતાઓની ચર્ચા કરવામાં આવેલ હતી. આ પ્રોગ્રામનું સફળ સંચાલન પ્રિન્સિપાલ ભૂમિકા જાની મેડમ તેમજ તેમના સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

પહેલા "હું" નહીં તો બીજું કોઇ નહીં !

આ દુનિયા છે સાહેબ, તમારી સહનશક્તિ ની વારંવાર એવા લોકો પરીક્ષા લેશે જેની તમારી સામે ઉભા રહેવાની ઓકાત નથી હોતી, કોઈ માણસ ચાર પૈસા બની જાય એટલે તાકાતવર કે બુદ્ધિશાળી કે બળવાન નથી બની જતો, પણ એ તો કદાચ તેના નસીબ કામ કરતા હોય એટલે નસીબના જોરે પૈસા કમાતો થયો હોય છે, બાકી સાચો મર્દ રેંકડી-લારી ચલાવતો હોય, રીક્ષા ચલાવતો હોય, ડ્રાઈવર હોય કે પછી કોઈપણ મજૂરી કરી પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવતો માણસ સર્વસ્વ હોય છે. પણ જયારે કોઈ માણસ બીજા માણસને મહાન કે સેલિબ્રિટી કે તેની જોડે ફોટા પડાવીને પોતાની ઈમેજ જાહેર કરતો હોય તેનું કોઈ વજૂદ જ નથી હોતું. તમે જયારે કોઈ અન્ય વ્યકિતને સેલિબ્રિટી કે આઈડિયલ માનો છો ત્યારે તમારી પોતાની વેલ્યુ તમે જાતે જ "૦" કરો છો, ધરતી ઉપરનો કોઈ જીવ તમારાથી બલવાન, સુંદર અને બુદ્ધિશાળી નથી પણ તમે જયારે કોઈ અન્ય વ્યકિતથી ઈમ્પ્રેસ થાવ છો ત્યારે તમે જાતે જ "નબળા" સાબિત થઈ જાવ છો. હવે તેં કોઈ સેલિબ્રિટી! પણ તેનાથી આપણે શું લેવા દેવા ? શા માટે આપણે ડેકન્ડ નંબર ઉપર આપણી જાતને ઉભી રાખવી જોયે ? કોઈ મહાન કદાચ હોય તો હશે, ધેટ્સ ઓલ.... પણ, ખુદથી મહાન તો કે સેલિબ્રિટી તો કોઈ હોવી જ ના જોયે તે જહકિકત છે, જૂજ લોકો આપણા ઉપર રાજ એટલે જ કરે છે કે તેને ખબર છે કે આ લોકો હંમેશા સેકન્ડ જ રહેવા ટેવાટેલા છે.

કોઈ મોટી વેટરની પાસે સ્પીચ અને શબ્દો હોય છે તો સાંભળવું કોઈપણ ને અચૂક ગમે જ, પણ તમે આપણે આપણી આત્મા ને જ પૂછી જોવો કે તેં માણસે એવું તો શું નવું કીધું જે તમે નથી જાણતા ! અથવા તો એવું તો શું કહી દીધું કે તમને નવું લાગ્યું ! અંદરથી જવાબ "કશું જ નહીં" જ આવશે,.. ગેરન્ટી પણ હાં, તમારાથી તેની દુકાન ચાલી ગઈ તેં એના માટે ચોક્કસ નવું કહી શકાય, જો તમારા થકી કોઈની દુકાનો ચાલી જતી હોય તો મોટો માણસ તમે છો કે પેલો ? બસ, આટલું દરેક માણસ સમજવા લાગે તો એટલો ફરક ચોક્કસ પડે કે પૈસાના જોરે ઉછાળા મારતો માણસ આપોઆપ નીચે પટકાય જાય અને પૈસાદાર અને ગરીબ અથવા તો નાનો કે મોટો માણસની ભેદરેખા જ ખતમ થઈ જાય. જો કરી શકો તો આટલું કરજો, લાઈફ બહુ જ કમ્ફર્ટ લાગશે.

- હિમાંશુ પી. વાજા, જૂનાગઢ

૧૪૦૦ કરોડના ખર્ચે એરપોર્ટ તૈયાર થઈ રહ્યું છે

રાજકોટ ખાતે આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું ૯૦ ટકા કામ પૂર્ણ

આ એરપોર્ટનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવી શકે છે, એરપોર્ટ ઓથોરીટી દ્વારા તૈયારી

રાજકોટ, તા. ૧૦

રાજકોટમાં આંતરરાષ્ટ્રી ગ્રીનફિલ્ડ એરપોર્ટનું કામ ૯૦ ટકા જેટલું પૂર્ણ થઈ ગયુ છે. રાજકોટમાં ૧૪૦૦ કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તૈયાર થઈ રહ્યુ છે. આગામી એપ્રિલમાં એરપોર્ટનું લોકાર્પણ થઈ જવાની શકયતા સેવાઈ રહી છે. આ એરપોર્ટનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવી શકે છે. આ માટે એરપોર્ટ ઓથોરીટીદ્વારા તૈયારી કરવામાં આવી રહીછે. આમાટે વડાપ્રધાન મોદીને આમંત્રણ આપવામાં આવશે.

રાજકોટમાં નિર્માણ થઈ રહેલા ગ્રીનફિલ્ડ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું કામ ૯૦ ટકા જેટલું પૂર્ણથઈગયુ છે. આ કામગીરીમાં રનવે, પાર્કિંગ, બોક્સ લવર્ડ, ટેક્સી ટ્રેક અને કોમ્યુનિકેશન બિલ્ડિંગ સહિતની કામગીરી લગભગ પૂર્ણ થઈ ગઈ છે. આ ઉપરાંત બાઉન્ડ્રી વોલની કામગીરી તેમજ જમીનને સમતળ કરવાની કામગીરી પણ કાર્યરત છે. એરપોર્ટના રનવેનું ટેસ્ટિંગ પણ કરવામાં આવી રહ્યુ છે. કેન્દ્ર સરકારના ક્લિયરન્સ બાદ તંત્ર દ્વાર આ એરપોર્ટના લોકાર્પણની તારીખ નક્કી કરી જાહેર કરવામાં આવશે.

મુસાફરી સરળ બનાવવાના રેલવેના પ્રયાસ

દેશના ૧૨૭૫ રેલવે સ્ટેશનોનો કાયાકલ્પ કરવા તૈયારીઓ શરૂ

લાંબા ગાળાના વિચાર ઉપરાંત રોજબરોજના આધારને ધ્યાને રાખી સ્ટેશનોના વિકાસની કલ્પના કરવામાં આવી

નવી દિલ્હી, તા. ૧૦

ભારતીય રેલવેમાં રોજ-બરોજ હજારો લોકો પ્રવાસ કરતા હોય છે, જેને ધ્યાને રાખી ભારતીય રેલવે પણ મુસાફરોનો પ્રવાસ વધુ સરળ બને તે માટે સમયાંતરે ટ્રેનો વધુ સુવિધાજનક બનાવવાની તેમજ સ્ટેશનોના વિકાસની કામગીરી કરતું રહેછે. તો હવે ભારતીય રેલવેએ દેશના કુલ ૧૨૭૫ રેલવે સ્ટેશનોનો કાયાકલ્પ કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભારતીય રેલવે સ્ટેશનોના વિકાસ માટે તાજેતરમાં જ 'અમૃત ભારત સ્ટેશન યોજના' શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ લાંબા ગાળાના વિચાર ઉપરાંત રોજબરોજના આધારને ધ્યાને રાખી રેલવે સ્ટેશનોના વિકાસની કલ્પના કરવામાં આવી છે. 'અમૃત ભારત સ્ટેશન યોજના' હેઠળ આંધ્રપ્રદેશના ૭૨ રેલવે સ્ટેશન, અસમના ૪૯, બિહારના ૮૬, છત્તીસગઢના ૩૨, દિલ્હીના ૧૩, ગોવાના ૨, ગુજરાતના ૮૭, હરિયાણાના ૨૯, હિમાચલ પ્રદેશના ૩, ઝારખંડના ૫૭, કર્ણાટકના ૫૫, કેરળના ૩૪, મધ્યપ્રદેશના ૮૦, મહારાષ્ટ્રના ૧૨૩, મણિપુર, ચંડીગઢ, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કીમ, અરૂણાચલ પ્રદેશમાં ૧-૧, ઓડિશાના ૫૭, પુડુચેરીના ૩, પંજાબના ૩૦, રાજસ્થાનના ૮૨, તમિલનાડુના ૭૩, તેલંગણાના ૩૯, ત્રિપુરાના ૩, ઉત્તર પ્રદેશના ૧૪૯, ઉત્તરાખંડના ૧૧, જમ્મુ-કાશ્મીરના ૪ અને પશ્ચિમ બંગાળના ૯૪ સ્ટેશન સામેલ છે.

આ યોજના હેઠળ સુવિધાઓને વધુ શ્રેષ્ઠ બનવવા પર કામ કરવામાં આવશે. આ યોજના હેઠળ સ્ટેશનો સુધી પહોંચમાં સુધારો, વેઈટિંગ રૂમ, શૌચાલય જેવા સ્થળોને સુધારવામાં આવશે. ઉપરાંત રેલવેની યોજનામાં મુસાફરો માટે રેલવે સ્ટેશનો પર માહિતી સિસ્ટમ, એકિઝકયુટિવ લોન્જ જેવી સુવિધાઓ પણ સામેલ છે. આ યોજના હેઠળ સ્ટેશનોની ઈમારતોનું કાયાકલ્પ કરાશે. સ્ટેશનોને શહેરના બંને છેડા સાથે જોડવાનું કામ કરાશે. દિવ્યાંગો માટે પણ શ્રેષ્ઠ સુવિધા પુરી પાડવાની વ્યવસ્થા ઉભી કરાશે.

ઉલ્લેખનિય છે કે, દેશના ઘણા સ્ટેશનો પર કાયાકલ્પની કામગીરી શરૂ થઈ ગઈ છે. ભારતીય રેલવેએ અગાઉથી જ દિલ્હી-એનસીઆર રેલવે સ્ટેશનો વિકાસ માટે લીલી ઝંડી બતાવી દીધી છે. આમાં ગાઝિયાબાદ રેલવે સ્ટેશનના વિકાસ માટે ૩૩૬ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. રેલવેનું માનીએ તો, આગામી કેટલાક વર્ષોમાં દિલ્હી અને એનસીઆરના રેલવે સ્ટેશનનોમાં નવું નજરાણું જોવા મળશે અને મુસાફરોને ઘણી સુવિધાઓ પણ મળતી થઈ જશે.

ગોદરેજ એન્ડ બોયસ દ્વારા દાખલ અરજીને ફગાવાઈ

બૂલેટ ટ્રેન દેશનો ડ્રીમ પ્રોજેક્ટ, દેશને તેની જરૂર છે : હાઈકોર્ટ

મુંબઈ, તા. ૧૦

મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલવે પ્રોજેક્ટ માટે જમીન અધિગ્રહણને પડકારતી ગોદરેજ એન્ડ બોયસ દ્વારા દાખલ કરાયેલી અરજીને ફગાવતા બોમ્બે હાઈકોર્ટે કહ્યું કે આ એક ડ્રીમ પ્રોજેક્ટ છે અને દેશને તેની જરૂર છે. જસ્ટિસ આર.ડી. ધાનુકા અને એમ.એમ. સથાયેની બેન્ચે આજે આ આદેશ સંભળાવ્યો હતો.

બેન્ચે તેના આદેશમાં કહ્યું કે પ્રોજેક્ટ રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવે છે અને તેની સાથે લોકોનું હિત જોડાયેલું છે. તેમાં કોઈ હસ્તક્ષેપ કરવાની જરૂર જ નથી. કંપનીને આપવામાં આવેલા વળતરમાં કોઈ ગેરકાયદેસરતા પકડાઈ નથી. અરજદારોએ અમારા માટે અમારી વધારાની ન્યાયિક શક્તિઓનો પ્રયોગ કરવાનો મામલો બનાવ્યો જ નથી. આ સામૂહિક હિતમાં છે અને તે જ સર્વોપરી છે. દેશ માટે આ પ્રકારનો આ પહેલો પ્રોજેક્ટ હશે.

કંપની વતી હાજર વકીલ નવરોજ સીરવઈએ સુપ્રીમકોર્ટમાં અપીલ કરવા માટે આ આદેશ પર રોક લગાવવાની માગ કરી હતી. સીરવઈએ કહ્યું કે હું સ્ટે નથી માગી રહ્યો. હું ફકત યથાસ્થિતિ ઈચ્છું છું. પ્રોજેક્ટ પૂરો થવા નથી આવ્યો. બીજી બાજુ નેશનલ હાઈસ્પીડ રેલવે કોર્પોરેશન લિમિટેડ (એનએચએસઆરસીએલ) તરફથી હાજર એડિશનલ સોલિસીટર જનરલ અનિલ સિંહે એ માગનો વિરોધ કરતા કહ્યું કે જમીન અધિગ્રહણ કરવાની જરૂર છે. મહારાષ્ટ્ર સરકાર વતી હાજર પૂર્વ એટોર્ની જનરલ આશુતોષ કુંભકોનીએ પણ વિરોધ નોંધાવ્યો હતો. હાઈકોર્ટે આદેશ પર અપીલ અનુસાર સ્ટે આપ્યો નહોતો.

કંપની દ્વારા દાખલ અરજીમાં ડેપ્યુટી કલેક્ટર દ્વારા ૨૬૪ કરોડ રુ. વળતર ચૂકવાયા બાદ કંપનીની જમીન અધિગ્રહણ કરવા માટે ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ પસાર વળતર સંબંધિત આદેશને પડકારાયો હતો.

જમીન અધિગ્રહણની કાર્યવાહીને ગેરકાયદે ગણાવતા સીરવઈએ કહ્યું હતું કે તેમાં અનેક ગેરરીતિ આચરાઈ હતી.

કંપનીએ તેની અરજીમાં માંગ કરી હતી કે હાઈકોર્ટ રાજ્ય સરકારને આદેશ આપે અને તેને કબજાની કાર્યવાહી શરૂ ન કરવા માટે નિર્દેશ આપે. સરકાર ૨૦૧૯થી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે મુંબઈના વિક્રોલી વિસ્તારમાં કંપનીની માલિકીની જમીનનું અધિગ્રહણ કરવા માંગે છે. મુંબઈ અને અમદાવાદ વચ્ચેના કુલ ૫૦૮.૧૭ કિલોમીટરના રેલવે ટ્રેકમાંથી લગભગ ૨૧ કિલોમીટર ભૂગર્ભમાંથી બનાવવાની યોજના છે. ભૂમિગત ટનલનો એક પ્રવેશ બિંદુ વિક્રોલી (ગોદરેજની માલિકીની) માં જમીન પર પડે છે.

AI ની શક્તિ : હોટેલના માલિકો હોટેલટેકપાવર ઈવેન્ટમાં ભવિષ્યને સ્વીકારે છે

અમદાવાદ તા. ૧૦

મેમ્ફિસ, ટેનેસીમાં હોટેલટેકપાવર ઈવેન્ટ એ અગ્રણી હોટેલ માલિકોનો આનંદી મેળાવડો હતો જેઓ હોટેલ ઉદ્યોગમાં નવીનતમ AI ટેક્નોલોજીઓ અને તેમની વ્યવહારિક એપ્લિકેશનો વિશે જાણવા માટે ભેગા થયા હતા. હોટેલ વિકાસ મેગેઝિન દ્વારા આયોજિત, હોટેલ માલિકોએ સકારાત્મક પ્રતિસાદ અને સક્રિય સહભાગિતા દર્શાવતા, આ કાર્યક્રમ જબરદસ્ત સફળ રહ્યો.

સાયબરવેબ ઈન્ફોટેકના સીઈઓ શ્રી હિતેન મુખ્ય વક્તા હતા અને તેમણે તેમની ટેકનિકલ કુશળતાને ખૂબ જ ઉત્સાહ સાથે શેર કરી હતી. તેમણે હાઈલાઈટ કર્યું કે કેવી રીતે હોટલો તેમની કામગીરીને વધારવા, મહેમાનોના અનુભવોને સુધારવા અને આવક વધારવા માટે નવીનતમ AI ટેક્નોલોજીનો લાભ લઈ શકે છે. પ્રેક્ષકો તેમની આંતરદૃષ્ટિથી મોહિત થયા, અને તેઓએ હોટેલ ઉદ્યોગમાં AI ની સંભવિતતા માટે નવી પ્રશંસા સાથે ઈવેન્ટ છોડી દીધી.

આ ઈવેન્ટ યુએસ હોટેલ ઉદ્યોગમાં ઉત્કૃષ્ટ નેતૃત્વની ઉજવણી પણ હતી, કારણ કે નિલેશ પટેલને પ્રતિષ્ઠિત અમેરિકન હોટેલહિરો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. હોટેલ ઉદ્યોગના વિકાસ અને વિકાસમાં તેમના યોગદાન બદલ પટેલને એવોર્ડ મળ્યો હતો અને ઉપસ્થિત તમામ લોકો દ્વારા તેમની દ્રષ્ટિ અને નવીનતાની પ્રશંસા કરવામાં આવી હતી.

ICC સેન્ટર કેટરિંગ ટીમે દરેકને સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ રાત્રિભોજન પીરસ્યું. સાંજ એ હાજરી આપનારાઓ માટે નેટવર્ક અને નવા જોડાણો બનાવવાની એક શ્રેષ્ઠ તક હતી, અને વાતાવરણ આનંદ અને સકારાત્મકતાથી ભરેલું હતું.

હોટેલ વિકાસ મેગેઝીનના શ્રી ભાવિશ અને બીજલ શાહે તમામ સહભાગીઓની હાજરી અને સહભાગિતા બદલ આભાર માન્યો હતો અને AI ટેકનોલોજીના સંકલન સાથે હોટેલ ઉદ્યોગના ભવિષ્ય માટે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. તાલીમ અને પુરસ્કાર પ્રસ્તુતિ હોટેલ ઉદ્યોગને મૂલ્યવાન માહિતી અને સમર્થન પ્રદાન કરવા માટે હોટેલ વિકાસ મેગેઝીનની પ્રતિબદ્ધતાનું પ્રમાણપત્ર હતું.

સાયબરવેબ ઈન્ફોટેકના શ્રી હિતેન માટે, મેમ્ફિસમાં હોટેલટેક પાવર ઈવેન્ટમાં બોલવું અને નિલેશ પટેલને અમેરિકન હોટેલહિરો એવોર્ડ અને યુએસએના એલપીએસના પ્રમુખ હિતેશ પટેલને ભારત ગરિમા એવોર્ડ અર્પણ કરવો એ સન્માનની વાત હતી. હિતેશ પટેલને તેમની અસાધારણ સમુદાય સેવા અને નેતૃત્વ માટે ભારત ગરિમા એવોર્ડ મળ્યો હતો. HotelTechPower ટીમ પહેલેથી જ માર્ચ-૨૩ ના બીજા સપ્તાહમાં નેશવિલેમાં આગામી ઈવેન્ટમાં બોલવા માટે આતુર છે.

મહાત્મા જ્યોતિબા ફુલે પ્રાથમિક શાળા નં. ૭૭ના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે સ્વેટરનું વિતરણ કરાયું

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૧૦

રાજકોટ શહેર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત મહાત્મા જ્યોતિબા ફુલે પ્રાથમિક શાળા નં. ૭૭ના વિદ્યાર્થીઓને ૬૮-વિધાનસભા મતવિસ્તાર બેઠકના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ દ્વારા ઠંડીમાં વિનામૂલ્યે ગરમ સ્વેટર ભેટ આપવામાં આવ્યા હતા. રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન અતુલભાઈ પંડિત તથા રાજકોટ શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ મહેમાનોના હસ્તે બાળકોને ગરમ સ્વેટર વિતરણ કરવામાં આવ્યા હતા.

રાજકોટ ૧૮૧ મહિલા અભયમ ટીમે ઘરેથી નીકળી ગયેલ શારીરિક-માનસિક અસ્વસ્થ મહિલાનું પરિવાર સાથે મિલન કરાવ્યું

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૧૦

રાજ્ય સરકારના નેતૃત્વ હેઠળ કાર્યરત ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન ટીમ મહિલાઓની સુરક્ષા માટે ૨૪ કલાક કાર્યરત છે. રાજકોટ અભયમ્ ટીમએ ઘરેથી નીકળી ગયેલ અને શારીરિક તથા માનસિક અસ્વસ્થ મહિલાનું કુશળ કાઉન્સેલિંગ કરી પરાણે મજૂરી કરવાના ભયથી મુક્ત કરાવી હતી તેમજ તેમનું પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. રાજકોટમાં જાગૃત નાગરિકે ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈનની ટીમનો સંપર્ક સાધીને કોઠારીયા રોડ ઉપર સુતા હનુમાન મંદિરમાં આવેલા બીમાર મહિલા વિશે માહિતી આપી હતી. આ જાણકારી મળતા અભયમ્ ટીમના કાઉન્સિલર કોમલબેન સોલંકી, જયશ્રીબેન ચાવડા તથા પાયલોટ કૌશિકભાઈ ચાંચીયા તુરત જ સુતા હનુમાન મંદિર ખાતે પહોંચી ગયા હતા. અભયમ્ ટીમએ સ્થિતિનું

નિરીક્ષણ કરતા તેમને ખ્યાલ આવ્યો કે પીડિત મહિલા શારીરિક અને માનસિક રીતે બીમાર હતા. તેમજ તેઓ ગભરાયેલી હાલતમાં હોવાથી સરખી રીતે બોલી શકે તેમ ન હતા. પીડિત મહિલાની સાથે સામાનમાં જમવાનું ટિફિન હતું. જેના ઉપરથી અભયમ્ ટીમએ અનુમાન કર્યું કે પીડિત મહિલા સવારે ઘરેથી ચાલી નીકળેલ હશે. પીડિત મહિલાને એવું લાગી રહ્યું હતું કે તેને કોઈ હેરાન કરશે. આથી, અભયમ્ ટીમએ પીડિત મહિલાને હિંમત આપીને તેની સાથે ધીરજપૂર્વક વાતચીત કરી હતી. પીડિત મહિલા સાથે વાત કરતા અભયમ્ ટીમને જાણવા મળ્યું કે પીડિત મહિલા રાજકોટમાં રહે છે. તેઓ બીમાર છે તો પણ તેમને પરિવારજનો મજૂરી કામ કરવા માટે મોકલે છે. પીડિત મહિલાને પતિ અને જેઠાણી હેરાન કરશે અને ધમકાવશે, તેવો ડર હતો. જેથી, અભયમ્ ટીમએ અસ્વસ્થ મહિલાનું કાઉન્સેલિંગ કુશળરીતે કરી પરાણે મજૂરી કરવી પડતી હોવાના ભયમાંથી મુક્ત કર્યા હતા તેમજ ઘરે પરત ફરવા સમજાવ્યા હતા. ત્યાર બાદ અભયમ્ ટીમએ પીડિત મહિલાને સાથે લઈને તેમણે જણાવેલ રહેઠાણના સ્થળે તેમના ઘરની શોધખોળ આદરી હતી. ત્યારે અભયમ્ ટીમને રસ્તા ઉપર પીડિત મહિલાની દીકરી મળી ગઈ હતી. અભયમ્ ટીમ પીડિત મહિલા સાથે તેમના ઘરે પહોંચ્યા હતા. અભયમ્ ટીમએ પરિવારજનો સાથે વાત કરતા જાણવા મળ્યું કે ભોગ બનનાર મહિલાના પરિવારમાં તેમના પતિ, પુત્રી અને પુત્ર છે. મહિલા શારીરિક અને માનસિક રીતે બીમાર હોવા છતાં પરિવાર આર્થિક રીતે નબળો હોવાથી મહિલાને મજૂરી કામ માટે મોકલવામાં આવતા હતા. આથી, ૧૮૧ અભયમ્ ટીમએ પીડિત મહિલાના પરિવારને સમજાવ્યું હતું કે મહિલા શારીરિક અને માનસિક રીતે અસ્વસ્થ હોવાથી શારીરિક શ્રમ કરે, તે હિતાવહ ન હોવાથી ભવિષ્યમાં પીડિત મહિલાને ઘરની બહાર મજૂરી કામ કરવા માટે ન મોકલે. તેમજ અભયમ્ ટીમએ પરિવારજનોને પીડિત મહિલાને હોસ્પિટલમાં સારવાર અપાવવા માટે સલાહ-સૂચન આપ્યા હતા. આમ, ૧૮૧ અભયમ્ ટીમએ બીમાર મહિલાને તેમના પરિવાર પાસે પહોંચાડી સાચા અર્થમાં સુરક્ષા પૂરી પાડી હતી.

અધિકત્તમ નાગરિકોને ઈ-શ્રમ કાર્ડથી લાભાન્વિત કરી પરિણામલક્ષી કામગીરી કરવા રાજકોટ કલેકટરની સુચના

રાજકોટ તા.૧૦

સરકાર દ્વારા અસંગઠિત શ્રમયોગી માટે ઈ-શ્રમ કાર્ડની સુવિધા પુરી પાડવામાં આવી રહી છે. સમગ્રભારતમાં માન્ય આઈ-શ્રમ કાર્ડ ધરાવતાં શ્રમયોગીઓને અકસ્માતથી મૃત્યુથાય તો રૂપિયા ૨ લાખ તથા આંશિક અપંગતાનાં કિસ્સામાં એક વર્ષ માટે રૂપિયા ૧ લાખની સહાય આપવામાં આવે છે. જે સંદર્ભે આજરોજ જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને રાજકોટ જિલ્લામાં "ઈ-શ્રમ કાર્ડ"ની થયેલી કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ વિભાગના અધિકારીઓ પાસેથી કામગીરીની વિગતવાર જાણકારી કલેકટરએ મેળવી હતી. આ બેઠકમાં રાજકોટ જિલ્લામાં "ઈ-શ્રમ કાર્ડ"ની કામગીરીને ઝુંબેશ સ્વરૂપે લઈને પરિણામલક્ષી કામગીરી કરવા માટેનું સુચન આપતાં કલેકટર અરૂણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, અસંગઠિત ક્ષેત્રના મહત્તમ શ્રમયોગીઓ "ઈ-શ્રમ કાર્ડ" યોજનાથી પરિચિત થાય અને તેનો લાભ પ્રાપ્ત કરે તે માટે વિવિધ વિભાગના અધિકારીઓએ જવાબદાર ભુમિકા નિભાવીને કામગીરી કરવી જોઈએ. તેમજ ઔદ્યોગિક એકમો, બાંધકામ સાઈટ, સેવાભાવી સંસ્થાઓ સહિત વિવિધ એકમોમાં કેમ્પનું આયોજન કરવું જોઈએ. ઉપરાંત સરકારી કચેરીઓમાં પણ "ઈ-શ્રમ કાર્ડ" કઢાવી આપવાની વ્યવસ્થા ગોઠવીને વધુને વધુ શ્રમયોગીઓ આ યોજનાથી લાભાન્વિત થાય તેવા માઈક્રોપ્લાનીંગ સાથે કામગીરી કરવા ઉપર તેમણે ભાર મુક્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૧૬ થી ૬૦ વર્ષ સુધીની ઉંમર ધરાવતાં અને આવકવેરો ન ચુકવતાં તથા પી.એફ. કે ઈ.એસ.આઈ.સી. હેઠળ સમાવિષ્ટ ન થયેલા કોઈ પણ શ્રમિકને આ કાર્ડ મળી શકે છે. આ કાર્ડ મેળવવા માટે મોબાઈલ ઉપરથી www.esharm.gov.in ઉપર જઈને જાતે જ નોંધણી કરી શકાય છે. અથવા શ્રમયોગી કલ્યાણ બોર્ડ ઓફિસ, નજીકના કોમન સર્વિસ સેન્ટર ઉપર કે ઈ-ગ્રામ સેન્ટર ઉપર જઈને પણ નોંધણી થઈ શકે છે.

ખંભાળિયામાં મંજૂરી વગર ચાલતી નોનવેજની દુકાનો સીલ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

ખંભાળિયા શહેરના જુદા જુદા વિસ્તારોમાં અનેક નોનવેજની દુકાનો મંજૂરી વગર ધમધમી રહી છે. ત્યારે ગઈકાલે ગુરૂવારે ફુડ વિભાગ સાથે નગરપાલિકા તંત્રએ આ સામે લાલઆંખ કરી, આવી નોનવેજની દુકાનો ઉપર સીલ મારવા અંગેની કાર્યવાહી કરી હતી.

તેના વેપાર ઉપર વિશ્વના ઘણા દેશોમાં પ્રતિબંધ છે

જાપાની સંવર્ધકે એક કીડો આશરે રૂા. ૭૩ લાખમાં વેચ્યો હતો

આવો ૨ થી ૩ ઈંચનો કીડો પૃથ્વી ઉપર જોવા મળે છે, જેની કિંમત ઓડી-બીએમડબલ્યુ જેવી લક્ઝરી કાર કરતા પણ વધુ છે

નવી દિલ્હી, તા.૧૦

તમને સાંભળીને નવાઈ લાગશે કે જંતુઓની કિંમત કરોડોમાં હોય છે, પરંતુ આ ૧૦૦% સાચું છે. આવો ૨ થી ૩ ઈંચનો કીડો પૃથ્વી પર જોવા મળે છે, જેની કિંમત ઓડી-બીએમડબલ્યુ જેવી લક્ઝરી કાર કરતા પણ વધુ છે. થોડા વર્ષો પહેલા, એક જાપાની સંવર્ધકે એક કીડો $89,000 (આજની કિંમતમાં આશરે રૂા. ૭૩ લાખ)માં વેચ્યો હતો. એવું કહેવાય છે કે તે પૃથ્વી ઉપર હાજર સૌથી નાની, વિચિત્ર અને દુર્લભ પ્રજાતિઓ પૈકીની એક છે. તેનું નામ સ્ટેગ બીટલ છે. તે લુકાનીડે પરિવારનો સભ્ય છે, જેમાં ૧૨૦૦ પ્રજાતિના જંતુઓ છે. તેની જાળવણી માટે લોકો લાખો કરોડો રૂપિયા ખર્ચવા તૈયાર છે. તે જોવામાં ખૂબ જ નાનું લાગે છે, પરંતુ તેને ખરીદવું એ અમીરોની વાત પણ નથી. એટલે કે, જો તમને તે મળે છે, તો તમે તરત જ કરોડપતિ બની શકો છો. તમને જણાવી દઈએ કે ઘણા અસાધ્ય રોગોમાં ઉપયોગમાં લેવાતી મોંઘી દવાઓ આ કીડામાંથી બનાવવામાં આવે છે.

જેના કારણે તેની કિંમત ઘણી વધારે છે. આ કારણોસર, આ જંતુની પ્રજાતિઓ પર લુપ્ત થવાનો ભય પણ વધી રહ્યો છે. એવું કહેવામાં આવ્યું છે કે આ કીડો એટલો નાજુક છે કે તે ભારે ઠંડીને સહન કરી શકતો નથી. જો આ કીડો શિયાળાની ઋતુમાં પોતાનું રક્ષણ કરી શકતો નથી, તો તેમરી જાય છે.

જ્યારે ૨ હરણ ભમરો એકબીજા સાથે લડે છે, ત્યારે તેઓ સુમો કુસ્તીબાજની જેમ એકબીજાને પાછળ ધકેલી દેવાનો પ્રયાસ કરે છે. અમે એવી કેટલીક ખાસિયતો જણાવીએ છીએ, જેના દ્વારા તમે આ દુર્લભ જંતુને ઓળખી શકો છો. તેના માથા પર કાળા શિંગડા છે. તેઓ લગભગ ૧૦૦ થી ૫ ઈંચની વચ્ચે હોય છે. લોકો આ જંતુને શોખ માટે રાખે છે. તે માત્ર ગરમ સ્થળોએ જ જોવા મળે છે. જ્યારે તે ઠંડુ થાય છે ત્યારે તે મરી જાય છે. તે કચરા હરણના ભૃંગ ફળોના રસ, ઝાડના રસ અને પાણી પર ટકી રહે છે. તેની જીભ નારંગી રંગની છે. પુખ્ત સ્ટેગ ભૃંગ હાર્ડવુડ પર ખવડાવી શકતા નથી. તેઓ લાર્વા સમય ગાળા દરમિયાન બનેલા તેમના ચરબીના ભંડાર પર આધાર રાખે છે. સ્ટેગ બીટલને પુખ્ત બનવામાં માત્ર કેટલાંક અઠવાડિયા લાગે છે. તેઓ પુખ્ત વયના તરીકે ઉભર્યા પછી માત્ર થોડા મહિના જીવે છે. ઘણા દેશોમાં, આ જંતુને લુપ્ત થવાની શ્રેણીમાં મૂકવામાં આવ્યું છે.

સૌથી ટૂંકી હવાઈ મુસાફરી

બે ટાપુઓ વચ્ચે પુલના અભાવે ૫૩ સેકન્ડ સુધી ફ્લાઈટ લેવી પડી

તમને વિશ્વાસ નહીં થાય, પરંતુ વિશ્વની આ સૌથી ટૂંકી યાત્રા સ્કોટલેન્ડમાં થાય છે, જે નક્કી કરવામાં માત્ર ૫૩ સેકન્ડનો સમય લાગે છે

નવી દિલ્હી, તા.૧૦

ટ્રેન હોય કે વિમાન, અત્યાર સુધી તમે સૌથી લાંબા અંતર અથવા સૌથી લાંબી ફ્લાઈટની મુસાફરી વિશે ઘણું સાંભળ્યું હશે. ઉદાહરણ તરીકે, ભારતથી અમેરિકા પહોંચવામાં ૨૦ કલાકથી વધુ સમય લાગે છે. તેથી ત્યાં લગભગ ૬ કલાકમાં યુરોપની ફ્લાઈટ લેવી પડે છે. પરંતુ શું તમે ક્યારેય સૌથી ટૂંકી હવાઈ મુસાફરી અને તેના સમય વિશે સાંભળ્યું છે? જો નહીં, તો આજે અમે તમને તે સફર વિશે જણાવીશું જે માત્ર ૫૩ સેકન્ડની છે. પરંતુ ૫૩ સેકન્ડ માટે ભાડું એટલું ચૂકવવું પડે છે કે તે સમયમાં કાશ્મીરથી કન્યાકુમારી સુધીની મુસાફરી આરામથી કવર કરી શકાય. વિશ્વની સૌથી ટૂંકી હવાઈ યાત્રા પૂર્ણ કરવામાં માત્ર ૫૩ સેકન્ડનો સમય લાગે છે. પરંતુ ૫૩ સેકન્ડ વિના તમે તમારા ગંતવ્ય સુધી પહોંચી શકતા નથી. ત્યાંના લોકો માટે આ યાત્રા કરવી જરૂરી બની જાય છે. જેનું ભાડું લાગેલા સમયની તુલનામાં એટલું વધારે છે કે એસી કોચમાં દિલ્હીથી પટના સુધીની મુસાફરી તેટલામાં નક્કી કરવામાં આવશે. હા, ૫૩ સેકન્ડ માટે ૧,૩૮૭.૭૭ રૂપિયા ચૂકવવા પડશે. તમને વિશ્વાસ નહીં થાય, પરંતુ વિશ્વની આ સૌથી ટૂંકી યાત્રા સ્કોટલેન્ડમાં થાય છે. જે નક્કી કરવામાં માત્ર ૫૩ સેકન્ડનો સમય લાગે છે. હવે તમે વિચારતા જ હશો કે આ થોડીક સેકન્ડની મુસાફરી માટે વિમાનની જરૂર કેમ પડી, તેને અન્ય કોઈ માધ્યમથી ઠીક કરી શકાય છે અથવા કાર દ્વારા પણ ત્યાં પહોંચી શકાય છે. તો અમે તમને જણાવી દઈએ કે તે જગ્યાએ કોઈ વાહન જઈ શકતું નથી. એરોપ્લેન સિવાય. ૫૩ સેકન્ડની આ ફ્લાઈટ સ્કોટલેન્ડમાં થાય છે. અને તેની પાછળ મોટી મજબૂરી અને જરૂરિયાત છે. વાસ્તવમાં આ પ્રવાસ સ્કોટલેન્ડના બે ટાપુઓ વચ્ચે હવાઈ માર્ગે નક્કી કરવામાં આવ્યો છે. તેનું કારણ એ છે કે બંને ટાપુઓ વચ્ચે કોઈ પુલ નહીં હોય. હા, તમે દરિયાઈ માર્ગનો વિકલ્પ પણ વિચારી શકો છો. પરંતુ તેની સાથે અવરોધ એ છે કે દરિયાઈ માર્ગ એટલો ખડકાળ છે કે તે પાણી ઉપર બોટ તરતી શકાતી નથી. તેથી, એક ટાપુથી બીજા ટાપુ પર જવા માટે, અહીંના લોકો પાસે હવાઈ મુસાફરી સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. જેમના નામ વેસ્ટ્રે અને પાપા વેસ્ટ્રે છે. એક ટાપુ ઉપર ૬૦૦ લોકો અને બીજા ટાપુ ઉપર ૯૦ લોકો રહે છે. આ પ્રવાસમાં ઉપયોગમાં લેવાતી ફ્લાઈટ લોગન એર દ્વારા સંચાલિત છે, જે છેલ્લા ૫૦ વર્ષથી અહીં સેવા પૂરી પાડી રહી છે.

દ્વારકા : ત્રિવેણી સંગમ સ્વરૂપ નવાહિકા ઉત્સવ

(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા. ૧૦

દેવભૂમિ દ્વારકા ખાતે આગામી તા. ૧૬-૨-૨૩ થી તા. ૨૩-૨-૨૩ દરમ્યાન હાલારી વિસા ઓશવાળ આદિજીન સેવા ટ્રસ્ટ સંચાલીત દ્વારિકા નેમિજીન તીર્થ (ભાવન જીનાલય) જંજીર રોટલની બાજુમાં, પોરબંદર રોડ, નેશનલ હાઈવે-૫૧, ગામ : બરડીયા, તા. દ્વારકા મુકામે યોજાનાર છે. આ ઉત્સવ દરમ્યાન બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્મા જયારે દેવવિમાન તુલ્ય ભવ્ય જીનાલય મધ્યે બિરાજમાન થશે એ અંજનસલાકા ઉત્સવ પ્રભુભક્તોને મંત્રમુગ્ધ કરશે. આ અવસરે પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી હર્ષશેખર વિજયજી મહારાજને આચાર્યપદ, પ્રવચન તથા પૂ. મુનિરાજ શ્રી હેમરતિ વિજયજી મહારાજને ગણિપત પ્રદાન તેમજ બાલમુમુક્ષુ પ્રથમ જીતેશવાધીયરા (ઉ.વ. ૯) અને સુમુક્ષ આસ્થા પરેશદલવી (ઉ.વ. ૧૩)ની તથા મુમુક્ષ જયોતિબેન મુલચંદભાઈ મારૂ (ઉ.વ. ૫૭)ની ભગવતીપ્રવજયા પણ આ અવસરે સોનામાં સોગંધની જેમ ઉજવાશે.

શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરનાં મેનેજર પ્રફુલભાઈ કાપડીયાનાં શુભ લગ્ન



જૂનાગઢ તા.૧૦

જૂનાગઢનાં જવાહર રોડ ઉપર આવેલ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરનાં મેનેજર તરીકે સેવા આપતા શ્રી પ્રફુલભાઈ કાપડીયા તથા સોજલબેન ગોંડલીયા તા.૧૬-૨-૨૦૨૩નાં રોજ પ્રભુતામાં પગલા પાડી રહ્યા છે. નવા જીવનની શુભશરૂઆત કરવા જઈ રહેલા નવા દંપતીને શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરનાં વરિષ્ઠ સંતો પ.પૂ. ચેરમેન કોઠારી સ્વામિ દેવનંદનદાસજી, પ.પૂ. શાસ્ત્રી મુખ્ય કોઠારી સ્વામિ પ્રેમસ્વરૂપદાસજી, કોઠારી પ.પૂ. શ્રી પી.પી. સ્વામિ, પ.પૂ. પૂજારી સ્વામિ ધર્મકિશોરદાસજી, પ.પૂ. શાસ્ત્રી સ્વામિ કુંજવિહારીદાસ સહિતનાં સંતો અને ટ્રસ્ટીઓ દ્વારા શુભ આશીષ પાઠવવામાં આવ્યા છે.

દિનુભાઈ સોલંકીના જન્મ દિવસની સમર્થકો દ્વારા અનોખી રીતે ઉજવણી કરાઈ

કોડીનાર તા. ૧૦

જૂનાગઢ જિલ્લાના પૂર્વ સાંસદ અને કોડીનારના લોકો ના હૃદય સમ્રાટ દિનુભાઈ સોલંકીના રૂપ માં જન્મ દિવસની સમર્થકો દ્વારા અનોખી રીતે ઉજવણી કરવામાં આવી દિનુભાઈના જન્મ દિવસે તેમના સમર્થકો દ્વારા કોડીનાર માં આવેલ દિવ્યાંગ બાળકો ની સંસ્થા જીવનદીપ ટ્રસ્ટ માં જઈ દિવ્યાંગ બાળકો સાથે કેક કાપી ઉજવણી કરી અને તમામ બાળકો ને ભોજન કરાવી દિનુભાઈ માટે દીર્ઘાયુની પ્રાર્થના કરવામાં આવી. અત્રે ઉલ્લેખનીય છે કે દિનુભાઈ સોલંકી પોતાના સેવાકીય લોક ઉપયોગી કમો અને વિકાસ કર્યોને કારણે હરહમેશા લોકોના હદય સમ્રાટ રહ્યા છે ત્યારે આજે તેમના જન્મ દિવસે જૂનાગઢ જિલ્લાના તમામ લોકો એ શુભેચ્છાઓ પાઠવી તેમના દીર્ઘાયુની પ્રાર્થના કરી હતી.

:: અવસાન નોંધ ::

વેરાવળ : જૂનાગઢ નિવાસી રમેશભાઈ મંગળજીભાઈ કારીયા (ઉ.વ.૭૨) તે અમિતભાઈ, મીતાબેન સંદીપભાઈ નથવાણી (જેતપુર)ના પિતા, સ્વ.મનસુખભાઈ, વિનુભાઈ (વંથલીવાળા), સ્વ.બીપીનભાઈના મોટાભાઈ, ચેતન, હાર્દિક, જીગ્નેશના મોટા બાપુજી, સંદીપભાઈ નથવાણી (જેતપુર)ના સસરાનું તા.૯ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૧-૦૨-૨૦૨૩ને શનિવારે ૪ થી ૫ વાગ્યે શ્રી નર્મદેશ્વર મંદિર, તિરૂપતિ એપાર્ટમેન્ટની સામે, લોઢીયા વાડી પાસે, જૂનાગઢ ખાતે રાખેલ છે.

જૂનાગઢ મહાનગરપાલિકા

માનનીય સભ્યશ્રી,

જૂનાગઢ મહાનગરપાલિકાની સાધારણ સભા તથા ખાસ સભા કાર્યસુચિ અનુક્રમે પરીપત્ર નં.૬ અને પરીપત્ર નં.૭ના કાર્ય માટે નીચે જણાવેલ તારીખ/ સ્થળે રાખેલ છે. જેમાં હાજરી આપવા વિનંતી છે.

તારીખ : ૧૬/૨/૨૦૨૩, ગુરૂવાર

સમય : સાધારણ સભા સવારના ૧૧ : ૦૦ કલાકે,

ખાસ સભા (બજેટ) સવારના ૧૧ : ૩૦ કલાકે.

સ્થળ : "શ્રી પંડિત દિનદયાલ ઉપાધ્યાય સભાખંડ",

શ્રી સ્વામી વિવેકાનંદ ભવન, ત્રીજો માળ,

મહાનગરપાલિકા કચેરી–જૂનાગઢ.

(કલ્પેશ જી.ટોલીયા) સેક્રેટરી, મહાનગરપાલિકા જૂનાગઢ

(હીતાબેન એમ. પરમાર) મેયર, મહાનગરપાલિકા જૂનાગઢ

માહિતી/જૂના/૧૦૩૫/૨૦૨૩

મામલતદાર અને એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ

ઠે. પરબ રોડ, મુ. ભેંસાણ, જી. જૂનાગઢ

–:: જાહેર નોટીસ ::–

કેસ નં. જન્મ-મરણ/૦૨/૨૦૨૩

શ્રી રમેશભાઈ હિરજીભાઈ વેકરીયા
રહે. ખાખરા હડમતીયા, તા. ભેંસાણ,
તા. ભેંસાણ, જી. જૂનાગઢનાં એડવોકેટશ્રી,
તમ્મના બી. ગોધાણી, ભેંસાણ. ..... વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ખાખરા હડમતીયા,
તા. ભેંસાણ, જી. જૂનાગઢ. ..... પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી રમેશભાઈ હિરજીભાઈ વેકરીયાનાં પત્નીશ્રી સુનીતાબેન રમેશભાઈ વેકરીયાનું મરણ તા. ૧૩/૦૨/૨૦૧૨ના રોજ ખાખરા હડમતીયા, તા. ભેંસાણ, જી. જૂનાગઢ મુકામે થયેલ છે. તેઓશ્રી અરજીને વિગતે અરજદારશ્રીના પત્ની સુનીતાબેન રમેશભાઈ વેકરીયા હેયાત નથી. તેઓશ્રી અજ્ઞાન અને કાયદાના જાણકાર ન હોય જેથી તેઓશ્રીની મરણ અંગેની નોંધ ગ્રામ પંચાયત ક્યેરી હડમતીયા ખાખરા, તા. ભેંસાણ, જી. જૂનાગઢનાં રેકર્ડ દફતરે કરવાની રહી જવા પામેલ હોવાની રજુઆત કરેલ છે. જેથી મરણની નોંધ કરાવવા અત્રે અરજી કરેલ છે. ઉકત મોજે હડમતીયા ખાખરા ગામનાં મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આ ગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેથી લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ : ૦૩ મી માહે : ફેબ્રુઆરી સને : ૨૦૨૩નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી : અવાચ્ય
(એમ.આઈ. માલિક)
મામલતદાર અને એક્ઝીકયુટીવ
મેજીસ્ટ્રેટ, ભેંસાણ

જૂનાગઢ સહિત રાજયભરમાં ગાઢ ધુમ્મસ અને ઝાકળ વર્ષા સાથે આજથી ઠંડીનો ચમકારો

જૂનાગઢમાં ૧૦.૬ ડિગ્રી અને ગિરનાર પર્વત ઉપર ૫.૬ ડિગ્રી

જૂનાગઢ, તા.' ૦

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર કચ્છ અને ગુજરાતમાં આજે વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાયું હતું. ધુમ્મસની સાથે ઝાકળ વર્ષા પણ થઈ હતી અને ઠંડીમાં પણ તીવ્રતા આવી જેને લઈને જનજીવન પ્રભાવિત થયું હતું. હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર, આજથી ઠંડીનો ચમકારો અનુભવવામાં આવશે અને તાપમાનનો પારો વધ-ઘટ થવાનાં કારણે ઠંડીમાં રાહત તેમજ વધારો પણ નોંધાઈ શકે છે. છેલ્લા ત્રણ દિવસથી જૂનાગઢ સહિત રાજયભરનાં લોકોને ઠંડીમાં ઘટાડો થતા રાહત પહોંચી હતી. વહેલી સવારે તેમજ રાત્રીનાં ઠંડક જેવું વાતાવરણ રહેતું હતું જયારે દિવસ દરમ્યાન ગરમીનો માહોલ રહેતો હતો. દરમ્યાન આજથી જ જૂનાગઢ સહિત રાજયભરમાં ઠંડીનો ફરી એકવાર ચમકારો શરૂ થયો છે. આજે હવામાન વિભાગે આપેલી માહિતી અનુસાર જૂનાગઢમાં ઠંડીનું પ્રમાણ ૧૦.૬ ડિગ્રી છે. જયારે ગિરનાર પર્વત ઉપર ૫.૬ ડિગ્રી તાપમાન રહેલું છે. ભેજનું પ્રમાણ ૭૧ ટકા અને પવનની ગતી ૨.૬ રહી છે. જેને કારણે જનજીવન પ્રભાવિત રહ્યું છે. જૂનાગઢ સહિત રાજયમાં ફરી ઠંડીનો ચમકારો થવાની આગાહી થઈ છે. રાજયમાં ઉત્તર પૂર્વનાં પવન ફૂંકાશે જેના કારણે આગામી ૪૮ કલાક બાદ બેથી ત્રણ ડિગ્રી તાપમાન ઘટશે. આ સાથે મહત્તમ તાપમાન ઊંચુ રહેવાનાં કારણે બપોરે ગરમીનો પણ અહેસાસ થવાનો છે. જેના કારણે ગુજરાતીઓને બેવડી ઋતુ માટે તૈયાર રહેવું પડશે. ગુજરાતનાં વિવિધ શહેરોમાં આજે સવારે ઠંડીનો અહેસાસ થયો હતો. જોકે, થોડા દિવસથી રાતે અને સવારે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ૨૪ કલાકમાં શહેરનું તાપમાન ત્રણ ડિગ્રી જેટલું ઘટ્યું છે. પરંતુ બપોરે ગરમીનો અહેસાસ થાય છે. જેના કારણે લોકો બેવડી ઋતુની અસર થવાને કારણે બીમાર પણ થઈ રહ્યા છે. આજથી પાંચ દિવસ માટે હવામાન વિભાગનું અનુમાન સામે આવ્યું છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આજથી પાંચ દિવસ હવામાન સુકું રહેશે. ક્યાંક એક બે ડિગ્રી તાપમાનમાં વધારો થશે તો ક્યાંક થોડો ઘટાડો થઈ શકે છે.

મેળા માટે એસટી નિગમ ૨૨૯ બસો દોડાવશે

જૂનાગઢમાં ૧૪ થી ૧૯ ફેબ્રુઆરી સુધી મહાશિવરાત્રીના મેળાનું આયોજન

જૂનાગઢ બસ સ્ટેન્ડથી ભવનાથ તળેટી સુધી જવા દર ૧૦ મિનિટે બસો મળશે, વર્ષે સાડા ત્રણ લાખ જેટલા મુસાફરો આ સુવિધાનો લાભ લે તેવી શક્યતા

જૂનાગઢ,તા.૧૦

જૂનાગઢ ભવનાથમાં શિવરાત્રીનાં મેળાને લઈને ભારે તૈયારીઓ ચાલી રહી છે. સાથોસાથ એક સમયે 'ભીની કુંભ' તરીકે નવાજાયેલા આ શિવરાત્રી મેળાને સફળ બનાવવા રાજય સરકાર સાથે મહાનગર પાલિકાનું વહીવટી તંત્ર પણ તૈયારીઓમાં જોડાયું છે. ભવનાથના મેળામાં દીપાવલી બાદની લીલી પરિક્રમાની જેમ જ લાખોની જનમેદની ઉમટે છે. આ બાબતે એસ.ટી. વિભાગના સચિવ કે.ડી.દેસાઈએ જણાવ્યું હતું કે, મહાશિવરાત્રીને લઈને ST નિગમ દ્વારા એકશન પ્લન તૈયાર કરવામાં આવ્યો છે. ભવનાથ તળેટી સુધી જવા ભકતોને કોઈ તકલીફ ન પડે તે માટે એકસ્ટ્રા બસો મુકવામાં આવી છે. શિવરાત્રીનાં મેળા માટે એસટી નિગમ ૨૨૯બસો દોડાવશે. તેમજ ભવનાથની તળેટી જવા પ૬ મીની બસો એસટી નિગમે ફાળવી છે. જૂનાગઢમાં ૧૪ થી ૧૯ ફેબ્રુઆરી સુધી મહાશિવરાત્રીના મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે જૂનાગઢ બસ સ્ટેન્ડથી ભવનાથ તળેટી સુધી જવા દર ૧૦ મિનિટે બસો મળશે. વર્ષે સાડા ત્રણ લાખ જેટલા મુસાફરો આ સુવિધાનો લાભ લે તેવી શકયતા છે. આ બાબતે એસટી વિભાગના સચિવ કે.ડી.દેસાઈએ જણાવ્યું હતું કે ભવનાથના મેળા માટે એસટી વિભાગ દ્વારા ભકતો માટે ૨૨૯ જેટલી બસો મુકવામાં આવી છે. ગત વર્ષે અમે ૨૩૬ વાહનથી ૨,૩૬,૦૦૦ લોકોએ અમારી બસ સેવાનો લાભ લીધો હતો. ત્યારે ચાલુ વર્ષે ૩થી સાડા ત્રણ લાખ મુસાફરો એસટી નિગમની સેવાનો લાભ લે તેવી શકયતા ચકાસીને ૫૬ જેટલી વિવિધ બસો તેમજ ૨૨૯ જેટલી બસો આ મેળા માટે ફાળવવામાં આવ્યા છે.

ગ્રીક, મૌર્યવંશ, ક્ષત્રપ અને ગુપ્ત વંશોનો ઉજળા ઈતિહાસની સાક્ષી રહેલી આ ધરા પર આવીને, ભગવાન શિવના દર્શન કરવાની પરંપરા વર્ષોજૂની છે. દર વખતે ઉઠતો માનવ મહેરામણ શ્રદ્ધા અને સંસ્કૃતિના સમન્વની એક ઓળખ પૂરી પાડે છે. આ વખતે પણ શિવના શરણે આવીને ધન્યતા અનુભવવા ભકતો પણ આતુર છે.

એક વર્ષ પહેલા રસ્તા ઉપર પડી ગયેલ મોબાઈલ શોધી મુળ માલિકને પરત સોંપી આપતી માંગરોળ પોલીસ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ,તા.૧૦

જૂનાગઢ રેન્જ ડીઆઈજીપી મયંકસિંહ ચાવડા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટી તથા માંગરોળ ડીવીઝનનાં નાયબ પોલીસ અધિક્ષક ડી.વી. કોડીયાતર દ્વારા ગુના બનાતા અટકાવવા તથા બનેલા ગુનાઓની તટસ્થતા પુર્વક તપાસ કરી પ્રજાજનોને ન્યાય આપવા તેમજ પ્રજાલક્ષી કાર્યો કરી પોલીસ પ્રજાનો મિત્ર છે તેસુત્ર સાર્થક થાય તેવી કામગીરી કરવા સુચનો કરેલછે. દરમ્યાન ગત તા.૧૫-૧૦-૨૦૨૧નાં રોજ અરજદાર હનીફભાઈ યુસુફભાઈ મહિડા રહે.નવ બસ સ્ટેશન રોડ, કાવેરી હોટેલની સામે, માંગરોળ વાળાએ રૂબરૂ આવી જાણ કરેલ કે, પોતાનો નોટ ૧૧ પ્રો+ મોડેલનો મોબાઈલ ફોન કિં.રૂા.૨૧,૦૦૦નો ગત તા.૧૦-૧૦-૨૦૨૧નાં રોજ પોતે માંગરળ પોતાનાં ઘરેથી માંગરોળ નવા બસ સ્ટેશન સુધીનાં રસ્તામાં રસ્તામાં કયાંક પડી જતા ગુમ થયેલાની જાહેરાત આપતા માંગરોળ પોલીસ સ્ટેશનનાં પો.સબ ઈન્સ. એસ.એ. સોલંકીની સુચના અને માર્ગદર્શન હેઠળ પો. હેડ કોન્સ. એમ.આર. વાળા તથા પો. કોન્સ. ભાવસિંહ કે. મોરી તથા મહિપતસિંહ એચ. કાગડાએ સત્વરે ટેકનીકલ સોર્સીસનો ઉપયોગ કરી મોબાઈલ શોધી કાઢી મુળ માલિક હનીફભાઈ યુસુફભાઈ મહીડાનો હોવાનું ખાત્રી કરી મુળ માલિકને પરત કરી પોલીસ પ્રજાનો મિત્ર છે સુત્ર સાર્થક કરેલછે.

જૂનાગઢ જીલ્લા શિક્ષણાધિકારી ભાવસિંહ વાઢેરે જીલ્લાની તમામ માધ્યમિક શાળાનાં આચાર્યો સાથે વિડીયો કોન્ફરન્સ યોજી

એસએસસી-એચએસસીની પરીક્ષામાં માઈક્રો પ્લાનીંગ કરવા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૧૦

જૂનાગઢના જીલ્લા શિક્ષણાધિકારી ભાવસિંહ વાઢેરે ગઈકાલે જીલ્લાની તમામ માધ્યમિકશાળાઓનાં આચાર્યની વિડીયો કોન્ફરન્સનાં માધ્યમથી મીટીંગ કરેલ હતી. ભાવસિંહ વાઢેરે આગામી સમયમાં લેવાનાર એસએસસી-એચએસસીની પરીક્ષામાં વિદ્યાર્થીઓ સારૂ પરિણામ મેળવે તે માટે દરેક શાળા માઈક્રો પ્લાનીંગ કરી અત્યારથી જ તૈયારીઓ શરૂ કરવામાં આવે તે રીતનું આયોજન કરવા જણાવ્યું હતું અને ખાસ કરીને જે વિદ્યાર્થીઓ બોર્ડર ઉપર હોય અને એસએસસીમાં નાપાસ થાય તેમ જણાય તો તેને ૧ મહિનામાં પાસ થઈ જાય તે રીતે દરરોજ વિશેષ આયોજન કરીને વિદ્યાર્થીઓને અમુક હોંશીયાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોને દત્તક આપી તેનાં પર વિશેષ ધ્યાન આપવા જણાવ્યું હતું. ભાવસિંહ વાઢેરે વધુમાં જણાવેલ કે પરીક્ષા શુધ્ધતા પુર્વક લેવામાં આવશે અને કોઈપણ જગ્યાએ ગેરરીતી થવા દેવામાં આવશે નહી. તેની પણ ખાસ કાળજી લેવામાં આવશે એવી સ્પષ્ટ સુચનાઓ આપી હતી.

સોમનાથ શિવરાત્રી પર્વ માટે એસટી તંત્ર સજજ

સોમનાથ-વેરાવળ વચ્ચે એકસ્ટ્રા બસો

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૦

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે તા.૧૮ ફેબ્રુ. મહાશિવરાત્રી પર્વ હોય વેરાવળ એસટી તંત્ર યાત્રિકોની સુવિધા માટો સજજ રહેશે. સોમનાથ એસટી ડેપોથી વેરાવળ ડેપો સુધી એકસ્ટ્રા બસો દોડશે જે જરૂર મુજબ વધારવામાં પણ આવશે. સાથોસાથ જૂનાગઢ-તાલાલા-કોડીનાર-ઉના રૂટની સોમનાથ સાથે સાંકડતી બસોમાં પણ જરૂરત મુજબ એકસ્ટ્રા બસો દોડશે તેમ વેરાવળ ડેપો ઈન્ચાર્જ મેનેજર દયારામબાપુ મેસવાણીયાએ જણાવ્યું હતું. વિશેષમાં કહ્યું હતું કે, શિવરાત્રી પર્વનાં ત્રણ દિવસોમાં ગત વર્ષે ૯,૪૪,૬૭૭ એસટીને આવક થઈ હતી. જે ચાલું વર્ષે ત્રણ દિવસમાં ૧૦,૮૪,૮૭૪નો લક્ષ્યાંક રખાયો છે. જે માટે એસટી સ્ટાફ સજજ છે.

જૂનાગઢમાંથી રૂા. ૧.૬૧ લાખનાં દારૂ સહિત રૂા. ૪.૬૧ મુદામાલ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢ સી ડીવીઝન પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન બાતમી મળતા બુટલેગર ભુપત પુંજાભાઈ કોડીયાતર સહીત બે શખ્સો ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા હોય ઈવનગર રોડ ઉપરથી કારને રોકતા સદરહુ ઈસમો કાર મુકી નાશી ગયેલ હતાં. કાર નં. જીજે-૦૩-એફકે- ૨૬૬૦ની તલાશી લેતા વિદેશી દારૂની બોટલ નંગ ૩૬૦ કિંમત રૂા. ૧,૬૧,૫૨૦ તથા કારની કિંમત રૂા. ૩ લાખ મળી કુલ રૂા. ૪,૬૧,૫૨૦નો મુદામાલ કબ્જે કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આકામગીરીમાં જૂનાગઢ સી ડીવીઝનનાં પીએસઆઈ જે.એમ. વાળા, નિલેશભાઈ ભેટારીયા, ચેતનસિંહ સોલંકી, રોહીતભાઈ ધાધલ, દિલીપભાઈ ડાંગર, મનીષભાઈ હુંબલ વગેરે

સોમનાથ મંદિર વિષે અભદ્ર ટિપ્પણી કરનાર ઓલ ઈન્ડીયા ઈમામ એસોસીએશનના પ્રમુખ મૌલાના સામે ગુનો નોંધાયો

થોડા દિવસો પહેલા એક રાષ્ટ્રીય ટીવી ચેનલના ઈન્ટરવ્યુમાં મૌલાનાએ સોમનાથ મંદિરને લઈ હિન્દુ સમાજની લાગણી દુભાઈ તેવું નિવેદન કરેલ

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળતા. ૧૦

જગવિખ્યાત સોમનાથ મંદિર વિશે ટીવી ચેનલના ઈન્ટરવ્યુમાં ઓલ ઈન્ડીયા ઈમામ એસો. ના પ્રમુખ મૌલાના મહમદ રશીદી એ અભદ્ર અને ઉશ્કેરણી જનક હીન્દુ લોકોની ધાર્મીક લાગણી દુભાતી વાતો કરેલ હતી. જે બદલ મૌલાના સામે સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા ફરીયાદ નોંધાવતા પોલીસે આઈ.પી.સી. કલમો હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરેલ છે. કરોડો હિન્દુઓની આસ્થાના કેન્દ્ર સમાન પ્રથમ જયોર્તિલીંગ ભગવાન સોમનાથ મહાદેવ મંદિર વિશે અભદ્ર ટીપ્પણી કરવાના મામલે થયેલ પોલીસ કાર્યવાહી અંગે જીલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ પત્રકારોને માહિતી આપતા જણાવેલ કે, ગત તા.૨૩ જાન્યુઆરીના રોજ એક ખાનગી ચેનલમાં ઈન્ટરવ્યુમાં ઓલ ઈન્ડીયા ઈમામ એસો. ના પ્રમુખ મૌલાના મહમદ સાજીદ રશીદી એ સોમનાથ મંદિર વિશે નિવેદન આપતા કહેલ કે, ગઝનવીએ સોમનાથ મંદિરને તોડેલ નથી પરંતુ ત્યાં આસ્થા તેમજ દેવી-દેવતાઓના નામે ચાલતા ખરાબ કામોને ખતમ કરવાનું કામ કર્યુ હતું. ઈન્ટરવ્યુમાં આપીને હિન્દુ લોકોની ધાર્મીક લાગણી દુભાય તેમજ બે ધાર્મીક કોમ વચ્ચે હુલ્લડફાટી નીકળે તેવી ઉશ્કેરણી જનક વાતો કરી હતી.

આ ઈન્ટરવ્યુ ટીવી ચેનલમાં પ્રસારીત થતા સોમનાથ મંદિર ટ્રસ્ટના ધ્યાને આવેલ હતું જેને લઈ સોમનાથ મંદિર ટ્રસ્ટના જી.એચ. વિજયસિંહ ચાવડાએ પોલીસને લેખીત ફરીયાદ આપેલ હતી. જેથી આ મામલાની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસે ઉશ્કેરણી જનક નિવેદન કરનાર મૌલાના મહમદ સાજીદ રશીદી સામે આઈ.પી.સી. કલમ ૧૫૩ (ક), ૨૯૫ (ક), ૨૯૮, ૫૦૫ (૨) મુજબ ગુન્હો નોંધી આગળની તપાસ સીટી પી.આઈ. ગોહીલે હાથ ધરેલ છે.

ડીના કોર્સમાં કૌભાંડ

સેનિટરી ઇન્સ્પેક્ટરનો કોર્સ ગેરકાયદે ચાલતો હોવાનો પર્દાફાશ થયો

યુનિવર્સિટી જે કોર્સ ચલાવે છે તે કયાં આધારે ચલાવે છે તે અંગે ખુલાસો માંગવામાં આવ્યો છે

રાજકોટ,તા.૧૦

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી કમિશ્નર આશિષકુમાર દ્વારા સેનેટરી ઈન્સ્પેકટરની ભરતી મામલે મહત્વનું નિવેદન સામે આવ્યું છે. આશિષકુમારે જણાવ્યું હતું કે, અત્યારે કોર્પોરેશનમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની ભરતીની પ્રક્રિયા ચાલી રહી છે. ભરતી પ્રક્રિયામાં SIની ડીગ્રી મેળવનારા વિદ્યાર્થીઓએ પણ એપ્લાય કર્યું છે. અમુ ઉમેદવારોએ ડો.બાબા સાહે આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી ડીગ્રી મેળવી છે. કોર્પોરેશને બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટીને પત્ર લખ્યો છે. પત્રમાં યુનિવર્સિટી પાસે કેટલીક બાબતોના ખુલાસા માંગવામાં આવ્યા છે. યુનિવર્સિટી જે કોર્સ ચલાવે છે તે ક્યાં આધારે ચલાવે છે તે અંગે ખુલાસો માંગવામાં આવ્યો છે. ત્યારે અત્યારે કોર્પોરેશને અરજીની પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે. જે અરજી મળી છે તમામ અરજી અત્યારે માન્ય રાખવામાં આવી છે. તેમજ યુનિવર્સિટીના ખુલાસા બાદ કોર્પોરેશન ચર્ચા વિચારણા કરીને યોગ્ય નિર્ણય લેશે. અમદાવાદના એસ.જી હાઈવે ઉપર આવેલી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં 'સેનિટરી ઈન્સ્પેક્ટર'નો કોર્સ ગેરકાયદે ચાલતો હોવાનો પર્દાફાશ થયો છે. રાજકોટ મહાનગરપાલિકાએ બહાર પાડેલી મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની ભરતી માટે જયારે ડો.આબેડકર યુનિવર્સિટીમાં સેનિટરી ઈન્સ્પેકટરનો કોર્સ કરેલા ઉમેદવારોએ અરજી કરી ત્યારે આ સમગ્ર કૌભાંડ બહાર આવ્યું છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ફોન: (૦૨૮૫) ૨૬૨૦૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેન્જ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૮૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નેસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, કિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨